વડતાલ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની
શ્રી લક્ષ્મીનારાયણ દેવની સંસ્થાનું સમસ્ત સત્સંગ સમાજનું માસિક


# શ્રી વડતાલધામ સત્સંગ

વર્ષ : ૧૦ ❋ અંક : ૮ ❋ ઓગષ્ટ - ૨૦૧૯



## શ્રીહરિ મંડપ

### શિક્ષાપત્રી લેખન સ્થાન



અક્ષરની સાથે એકતા ધરાવતા મહાપ્રસાદીભૂત **શ્રીહરિમંડપ**નો વડતાલ મંદિર દ્વારા **પ.ભ.શેઠ શ્રી ઘનશ્યામભાઈ શીવાભાઈ પટેલ ખાંધલીવાળા** -ના યજમાનપદે જીર્ણોદ્ધાર થયેલ નયનરમ્ય દર્શન.
વિ.સં.૨૦૭૫, અષાઢ સુદ ૧૫ (ગુરૂપૂર્ણિમા), મંગળવાર, તા. ૧૬/૦૭/૨૦૧૯





**વડતાલધામ** મુકામે (તાલુકા કક્ષાનો) આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી પ્રસંગે ઉપસ્થિત શ્રી વી.ડી. રાઠોડ સાહેબ, મામલતદારશ્રી નડિયાદ તથા નડિયાદના અધિકારીશ્રીઓ એવમ્ પૂ.સંતો-ભક્તો શ્રીલક્ષ્મીનારાયણદેવ હાઈસ્કુલના બાળકો તથા સમગ્ર સ્ટાફ. તા. ૨૧/૬/૨૦૧૯











**સ્ટેચ્યુ ઓફ યુનિટી (નર્મદા કેવડીયા કોલોની)** મુકામે વિશ્વયોગ દિવસ નિમિત્તે માન.શ્રી વિજયભાઈ રૂપાણી, માન.શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તથા વડતાલ મંદિરનાં ચેરમેનશ્રી, આસી.કોઠારીશ્રી, વગેરે વડતાલ પ્રદેશનાં ૨૭૫ ઉપરાંત સંતો-પાર્ષદોની ઉપસ્થિતિમાં યોગ દિવસની ઉજવણી. તા. ૨૧/૬/૨૦૧૯

**પેટલાદ** સંસ્કૃત મહાવિદ્યાલય મુકામે બ્રાહ્મણ વિદ્યાર્થીઓને વડતાલ મંદિર તરફથી ચોપડા વિતરણ કરતાં આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.હરિચરણ સ્વામી,શ્રી મહેન્દ્રભાઈ - નીલગીરીવાળા. તા. ૨૪/૬/૨૦૧૯




**વડતાલધામ** મુકામે સંસ્કૃત પાઠશાળાનાં વિદ્યાર્થી ઋષિકુમારોને ચોપડા વિતરણ કરતાં આ.કો.શ્રી સંત સ્વામી, ટ્રસ્ટી સભ્યશ્રી પા.ઘનશ્યામભગત. તા. ૨૯/૬/૨૦૧૯

**વડતાલધામ** મુકામે સમગ્ર કર્મચારી સ્ટાફની મીટીંગ તથા ચોપડા વિતરણ. તા.૨૪/૬/૨૦૧૯





**વડતાલધામ** મુકામે ઠાકોરજીના રસોડાથી મંદિર સુધી નૂતન ટનલ (અન્ડર ગ્રાઉન્ડ માર્ગ) નિર્માણ કાર્ય. તા. ૧/૭/૨૦૧૯







**ભવરીયા કુક્ષી (મધ્યપ્રદેશ)** મુકામે વડતાલ સંસ્થાન દ્વારા નૂતન શ્રી સ્વા.પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર એવં શ્રી સ્વા.ગુરૂકુલનાં ઉપક્રમે સત્સંગ સભા તથા પીપલીયા એવં નિસરપુર મંદિરનું નિરક્ષણ કરતા ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, પૂ.ગોવિંદ સ્વામી - મેતપુરવાળા, આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.દેવ સ્વામી, ટ્રસ્ટી સભ્યશ્રી પા. ઘનશ્યામભગત તથા ભક્તજનો. તા. ૨/૭/૨૦૧૯







**વડતાલ મંદિર** દ્વારા શ્રી વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવના પ્રચાર અર્થે વચનામૃત રથનું પ્રસ્થાન કરાવતાં પૂ. ગોવિંદ સ્વામી મેતપુરવાળા-ટ્રસ્ટી સભ્યશ્રી પા. ઘનશ્યામભગત વગેરે પૂ.સંતો તથા ભક્તો. તા.૭/૭/૨૦૧૯





**વડતાલધામ** મુકામે અમૂલડેરી આણંદ સત્સંગ મંડળના યજમાનપદે રવિસભા - ૩૭ તા.૭/૭/૨૦૧૯








**સુરત** મુકામે શ્રી સ્વા.સત્સંગ હોલ મૂર્તિબાગ તથા વેડરોડ મહિલા મંદિરના યજમાનપદે વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ ઉપક્રમે સત્સંગ મહાસંમેલન પ્રસંગે ઉપસ્થિત વક્તાશ્રી પ.પુ.સ.ગુ. શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામી,પૂ.ચેરમેનશ્રી દેવસ્વામી, પૂ. વિષ્ણુસ્વામી (અથાણાવાળા) તથા સંતો-ભક્તો તા.૧૪/૭/૨૦૧૯







**ધોલેરાધામ** મુકામે ભવ્ય હિંડોળા ઉત્સવ ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.સ.ગુ. શ્રી ધર્મપ્રિયદાસજી (બાપુ સ્વામી), પૂ.નિત્યપ્રકાશ સ્વામી વગેરે પૂ.સંતો તથા ભક્તોજનો. તા.૨૫/૭/૨૦૧૯



**સુરત રામપુરા** મુકામે પૂ.પી.પી.સ્વામી દ્વારા આયોજીત શ્રી મુકેશભાઈ પપૈયા (યુ.એસ.એ.) હ. કનુભાઈ (ફૂલ-પાનવાળા) તથા શ્રી જીવરાજભાઈ ગાબાણી સુરતના યજમાનપદે ભવ્ય હિંડોળા ઉદ્‌ઘાટન એવં રવિસભા પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી,પૂ.સંતો એવં હરિભક્તો. તા.૨૮/૭/૨૦૧૯



**વડતાલધામ** મુકામે વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવની પૂરજોશમાં ચાલતી પૂર્વ તૈયારીમાં જોડાયેલા પૂ.સંતો-ભક્તો.



**વડતાલ** મંદિર દ્વારા પ્રસાદીનું ધનાતળાવનું જીર્ણોદ્ધાર કાર્યનો આરંભ તા. ૨૦/૭/૨૦૧૯



**વડતાલધામ** મુકામે અ.નિ.સ.ગુ.શ્રી કૃષ્ણજીવનદાસજી સ્વામીની સ્મૃતિમાં પૂજ્ય ગોવિંદ સ્વામી મેતપુરવાળાની પ્રેરણાથી નૂતન ગેટ નિર્માણ કાર્ય.



રાજકોટ મંદિર મુકામે વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ ઉપક્રમે કો. શ્રી રાધારમણ સ્વામી દ્વારા આયોજીત હિંડોળા ઉત્સવ ઉદ્‌ઘાટન એવં વિરાટ સત્સંગ મહાસંમેલન એવં રવિસભા પ્રસંગે ઉપસ્થિત વક્તાશ્રી પ.પૂ.સ.ગુ. શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામી એવં સંપ્રદાયના મૂધન્ય સંતો તથા ભાગવત કથાકાર શ્રી જીગ્નેશદાદા (રાધેરાધે) એવં ભક્ત સમુદાય તા. ૨૮/૭/૨૦૧૯



બોટાદ મુકામે વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ ઉપક્રમે પૂ. કો. શ્રી વિવેકસાગરદાસજી સ્વામી સાળંગપુર હનુમાનજી મંદિર દ્વારા આયોજીત વિરાટ સત્સંગ મહાસંમેલન એવં રવિસભા પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.સ.ગુ. શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામી એવં સંપ્રદાયના મૂધન્ય સંતો તથા ભક્તો તા. ૪/૮/૨૦૧૯








શ્રીવચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ ઉપક્રમે **વડતાલધામ** મુકામે પ.પૂ.સ.ગુ.શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામી (કુંડળધામ)ના વક્તાપદે પંચદિનાત્મક સવારની કથા. તા.૧૮ થી ૨૨/૭/૨૦૧૯





**વડતાલધામ** મુકામે પવિત્ર શ્રાવણમાસ નિમિત્તે દરરોજ ૧૧,૦૦૦ તુલસીદળ દ્વારા શ્રી હરિકૃષ્ણ મહારાજનું વિશેષ પૂજન તથા શ્રી શિવજીનું ૧૨,૦૦૦ બિલપત્ર દ્વારા વિશેષ પૂજન તા. ૧ થી ૩૦/૮/૨૦૧૯





શ્રી વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ ઉપક્રમે **નડિયાદ** મુકામે પ.પૂ.સ.ગુ. શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામી કુંડળધામના વક્તાપદે સત્સંગ સભામાં ઉપસ્થિત સંતો-ભક્તો. તા. ૧૯/૭/૨૦૧૯






શ્રી વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ ઉપક્રમે **આણંદ** મુકામે પ.પૂ.સ.ગુ. શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામી કુંડળધામના વક્તાપદે સત્સંગ સભામાં ઉપસ્થિત સંતો-ભક્તો. તા. ૨૦/૭/૨૦૧૯

# વડતાલધામ હિંડોળા દર્શન - ૨૦૧૯

**તા. ૨૧/૭/૨૦૧૯ થી ૨૫/૮/૨૦૧૯**








વડતાલમાં ગોમતજી કિનારે વચનામૃતનું રસપાન કરાવતા શ્રીહરિ

























Web Site :
**www.vadtalmandir.org**

E-mail address :
**vadtaldhamvikas@gmail.com**

## Subscription

(india)
5 Year ₹. 250/-
20 Year- ₹. 500/
For Other Countries
(airmail) ₹. 6750/-

**Year - 10**
**Volume - 8**
**August - 2019**



॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# Shree Vadtaldham Satsang

## અનુક્રમણિકા


૧. **વચનામૃતનો વારસો**
પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી ૧૦

૧. **વચનામૃત સંદર્ભ**
લેખક : પ્રો. હરેન્દ્ર ભટ્ટ , વિદ્યાનગર ૧૨

૨. **સત્સંગ સમાચાર**
સંકલન - સાધુ શ્યામવલ્લભદાસ - વડતાલ ૩૨

૩. **સંપ્રદાયના આગામી કાર્યક્રમ** ૪૦

૪. **વડતાલ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીનું સત્સંગ વિચરણ** ૪૦


**OWNER:** Vadtal Temple Managing Trustee Board, Vadtal, **PUBLISHER / PRINTER & EDITOR:** Chief Executive Kotharishree Shashtri Shree Ghanshyamprakashdasji Swami Guru Kothari Shri Nandkishordasji Swami **PUBLISHED & PRINTING :** Shree LaxmiNarayandev Offset Press, **AT & POST:** Vadtal, Tal. Nadiad, Dist. Kheda, Gujarat Pin: 387375, **Phone:** (0268)2589728,776

# વચનામૃતનો વારસો

પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય
શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી





વચનામૃત ભગવાન સ્વામિનારાયણની પરાવાણી છે. એની અંદર તમામ વેદોના ગૂઢ રહસ્યો સમાયેલા છે. ભગવાન સ્વામિનારાયણે જે તે સમયે જે તે સમયના ભક્તજનો સમક્ષ બહુ સરળ ભાષામાં જ્ઞાન પીરસ્યું છે. હવે એનું મહાત્મય સમજાઈ જાય, એક વખત ખ્યાલ આવી જાય કે, અનંતકોટી બ્રહ્માંડના ધણી કે જેના રુવાડે રુવાડે કરોડો બ્રહ્માડો ફરતા હોય એવા ભગવાન, કેવળ મનુષ્ય દેહ ધારણ કરીને, આપના બધાની વચ્ચે આવીને જ્ઞાન પીરસ્યું છે. હવે એ સમયના ભક્તોને શ્રીજી મહારાજ પ્રત્યે શ્રદ્ધા હતી, પ્રીતિ હતી એટલે એ બધા રહસ્યોને સમજી શક્યા.

અમારું એવું સ્પષ્ટ માનવું છે કે આ વચનામૃત ગ્રંથમાં ઘણા પ્રકરણમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાનો મત બહુ સારી રીતે સ્પષ્ટ કર્યો છે; એ પછી અવતાર અવતારી બાબત હોય કે ઉપાસના સંબંધી બાબત હોય કે પછી વર્તવાની બાબત હોય કે સંતોના પાંચ વર્તમાનની બાબત હોય કે હરિભક્તોને વર્તવાની બાબત હોય; શ્રીજી મહારાજે બહુ સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું છે. તદુપરાંત અમને એવું લાગે છે કે ભગવાન સ્વામિનારાયણે સૌથી વધુ ભાર નિર્માનીપણા પર મુકયો છે. મહારાજ કહે છે, અમને તો અહંકારી સહેજે ન ગમે. મહારાજ કહે પ્રથમ અમને કામી પર હેત ન રહેતું પણ પછી અમને ધીરે ધીરે સમજાઈ ગયું કે કામી તો ખૂણામાં પડ્યો રહેશે ને એનું કલ્યાણ થઈ જશે પણ એક જે અહંકારી હશે તે આ સત્સંગમાં નહીં ટકે. આવી ઘણી બાબતો સ્પષ્ટ કહી છે.

આપણા સંપ્રદાયના મૂળ શાસ્ત્રો છે -- શ્રી શિક્ષાપત્રી, શ્રી વચનામૃત, શ્રી સત્સંગિજીવન ગ્રંથ અને ભક્તચિંતામણી. શ્રી શિક્ષાપત્રી ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતે લખી છે, જે નાની છે ને એના પાઠ બધા કરે છે. સત્સંગિજીવન ગ્રંથના પાઠ વિદ્વાન જ કરી શકે, જ્યારે સામાન્ય ભક્તજન તેને પારાયણના માધ્યમથી માણી શકે, ભક્તચિંતામણી લૌકિક ઢબે છે ને તેનું ગાન કરીને ભક્તો ભક્તિ કરે છે.

આ ચારે ચાર શાસ્ત્રોમાં શ્રી વચનામૃત જ એવું શાસ્ત્ર છે જે ભગવાન અતિ કરુણા કરીને બોલ્યા છે અને એમના ચાર મહાન નંદ સંતોએ એનું સંપાદન કરેલું છે. આપણે સદનસીબ એટલા માટે છીએ કે આજે ૨૦૦ વર્ષ પછી પણ એમાં કોઈ વાદ વિવાદ નથી, કોઈ શંકા કે કુશંકા પણ નથી. હા, જે લોકોએ આ ગ્રંથને પોતાની રીતે પ્રકાશિત કર્યો છે તેની વાત જુદી છે. પણ વડતાલ દ્વારા આજ સુધી જે આવૃત્તિઓ પ્રકાશિત થઈ છે તે શ્રદ્ધેય છે અને ગૌરવ લેવા જેવી છે. વડતાલથી આ વચનામૃત ગુજરાતીમાં પ્રકાશિત થાય છે અને આ દ્વિશતાબ્દી નિમિત્તે વડતાલ મંદિર દ્વારા બહુ કિફાયત ભાવે પ્રકાશિત થાય છે. વળી આનંદની વાત એ છે કે જ્ઞાન બાગ, વડતાલના સહયોગથી વચનામૃતની અંગ્રેજી આવૃત્તિ પણ પ્રકાશિત થાય છે.

વચનામૃત દ્વિશતાબ્દી પર્વ નિમિત્તે આપણો મુખ્ય આશય એ હોવો જોઈએ કે વચનામૃતના સિદ્ધાંતોને ઝાઝા સમુદાય સુધી પહોંચાડવા; કોઈપણ માધ્યમથી પહોંચાડવા. આમ કરી ભગવાનનો મત લોકો સુધી પહોંચાડવો. આપણે એવું કરીશું તો જ મૂળ સંપ્રદાયની પાયાની સેવા કરી ગણાશે. એવું અમારું દ્રઢપણે માનવું છે. કેવળ દેવ, મંદિર, પાંચ સમયની આરતી એનાથી સંપ્રદાયને આગળ ન લઈ જઈ શકાય. સંપ્રદાયને પુખ્ત કરવા તેના મૂળ શાસ્ત્રોનું પ્રવર્તન કરવું પડશે.

અમે માત્ર ભગવાનના વચનામૃતની જ વાત કરીએ છીએ. અમે કોઈ નવી વાત ઉજાગર કરતા નથી. અમે કોઈ નવું જ્ઞાન પણ પીરસતા નથી. અમને એવું લાગે છે કે સંપ્રદાયનો વારસો જો આપણે જાળવવો હશે તો આપણે આપણી આજની ને આવતીકાલની પેઢીને જ્ઞાની કરવી પડશે. વચનામૃતના સાચા જ્ઞાનથી એમને જ્ઞાની બનાવવા

પડશે. જે જ્ઞાની હશે એ જ જીતેન્દ્રિય હશે, એ જ કોઈથી દબાશે નહીં, એ કોઈની શેહ શરમમાં આવશે નહીં. બાકી જેને લૌકિક જ્ઞાન છે એ તો એ જ જોવાનો કે કોના કાર્યક્રમ મોટા થાય છે ને કોને ત્યાં મોટા માણસો આવે છે, કોના કોની સાથે મોટા સંબંધો છે ને કોની લાગવગથી એનું કામ થાય એમ છે; એટલે એ ફક્તને ફક્ત લૌકિક છે. અને એનું ફળ જે છે એ પણ આ લોક પૂરતું સીમિત છે. પણ ભગવાનને રાજી કરવા માટે ભગવાનના આપેલા આદેશ પ્રમાણે જે ચાલે છે એ જ સાચા સુખનો અધિકારી થાય છે.

આપણો વારસો એ જ છે. આપણા જે મંદિરો છે તે કેવળ ભગવાનની નિષ્કામ ભક્તિ માટે છે; કોઈ મહત્વાકાંક્ષા પૂર્ણ કરવા કે કોઈના બરોબરીયા થવા કે કોઈ શ્રેષ્ટતા બતાવવા માટેના નથી. આપણે શુદ્ધ ભાવથી મંદિર નિર્માણ કરીએ છીએ. આપણો જે મૂળ સંપ્રદાય છે ને તેમાં જે ભગવાનનો જે મત છે તે સમજાવવો બહુ જરૂરી છે. આપણે આપણા મૂળ મતને સમજીએ તો જ આપણા ઈષ્ટદેવનું સાચું ભજન કરી શકીએ. તો જ આપણને આપણામાં ઈષ્ટદેવની સાચી તાકાતનો ખ્યાલ આવે. તો જ આપણે જાણી શકીએ કે આજથી વર્ષો પહેલા એમણે શું વાત કરી હતી. એ વાતને સમજવાની ઘણામાં સામર્થી પણ નથી. જેમકે લોયાના વચનામૃતો છે એ તત્વથી ભરપૂર છે હવે એ તત્વ સમજવાની સામાન્યની શક્તિ નથી. વચનામૃત તો એક ખજાનો છે. વળી વડતાલમાં જે વચનામૃત કહ્યા છે તે પ્રત્યક્ષ પ્રમાણ સાથેના છે. આ વાત આપણે કરવાની છે.

વચનામૃત ગ્રંથ આપના સંપ્રદાયનું મૂળ છે. આથી એનું વાંચન કાયમ કરવાનું છે. જે કાયમ વાંચે છે તે ભગવાનની આજ્ઞા અનુસરે છે. અને જે નથી વાંચતા એ નિયમ લે કે અમે વર્ષમાં એક પાઠ વચનામૃતનો કરીશું. એક પાઠ કરવાથી દસ પૈસા ભાર તો મહારાજને પમાય જ. એનામાં સંપ્રદાય માટેની ખુમારી આવી જ જાય. આમ થયે સંપ્રદાયની એક પેઢી તૈયાર થાય.

ભગવાન સ્વામિનારાયણની સૌથી મોટી વાત, વિશેષ વાત એ છે કે એ પોતે **down to earth** રહ્યા છે. પોતે એકદમ નિર્માની થઈને વર્ત્યા છે. પોતાનો સંદેશ આપવા આપણા સનાતન ધર્મના ગ્રંથોનો સહારો પણ લીધો છે. પોતે તો અનંત કોટી બ્રહ્માંડોના પુરુષોત્તમ નારાયણ હોવા છતાં આપણી ધર્મ પરંપરાના શાસ્ત્રોનો ઉલ્લેખ કાયમ કરતા રહ્યા છે. શ્રીજી મહારાજે બહુ દાસત્વ ભક્તિ બતાવી છે ને પોતે એકદમ નિર્માની થઈને રહ્યા છે. વચનામૃતની ભાષા વાંચીએ તો જ ખ્યાલ આવે કે એ શું કહેવા માગે છે ; જેમકે અમે તો ભગવાનથી ડરીએ છીએ, અમે તો બ્રાહ્મણથી ડરીએ છીએ, એનો દ્રોહ ના થાય એનો ખ્યાલ રાખીએ છીએ, અમે તો શ્રી કૃષ્ણ ભગવાનને ભજીએ છીએ. આવું બધું બોલ્યા છે. આવું કોણ બોલે? વળી, અમારે તો મોટા માણસ સાથે બને નહીં; એને ધનનો ને સત્તાનો મદ હોય, અમને તો કેવળ ભક્તિનો મદ છે. ગઢડાના વચનામૃતમાં શ્રીજી મહારાજ એમ કહે છે કે, અમે ઉત્સવ સમૈયા કરાવીએ છીએ તે એટલા માટે કે ભક્તને ઉત્સવના માધ્યમથી સંતની યાદ આવે, ઉત્સવની યાદ આવે ને એ થકી એનુંય કલ્યાણ થાય. એક બાજુ એવું કહે છે કે, મેં અમદાવાદમાં ચોરાશી કરી, હજારો માણસ ભેગું કર્યું અને અમારું મન વિહ્વળ થઈ ગયું ને અમે એકલા સાબદા નીકળી ગયા. અમે એકલા ધોળકા થઈ, કોઠની રાણયોમાં રહ્યા ને અમે અમારા શરીરમાં રહેલા મન - બુદ્ધિ- ચિત્ત - અહંકારને કીધું કે જો ભગવાન વિના બીજા કોઈનો સંકલ્પ કર્યો તો હું તમારા ભુકા કાઢી નાખીશ. પછી મહારાજ કહે, અમે જ્યારે કાંકરીએ નોતા ઉતર્યા એવા થઈ ગયા. આપણને એમ કહે ઉત્સવ સમૈયા યાદ રાખીએ ને પોતે તો જે કાંઈ કર્યું છે તે ભૂલી જવા માંગે છે.આ વાત બહુ ઝીણી છે. આપણને તેઓ શીખવવા માંગે છે કે આપણા કાર્યો ભગવાન થકી થાય છે તે મનમાં રાખવું.

વચનામૃત વાંચવાનો એક ફાયદો અમને એ દેખાય છે કે, આપણો અહમ ઓગળી જાય છે. આપણને એમ થાય છે કે આમાં આપણી કોઈ કિંમત નથી. આમા આપણે ક્યાંય છીએ જ નહીં. આમા સમગ્ર જગતના કર્તાહર્તા તો ભગવાન જ છે. આમા આપણું ડહાપણ કાઈ ડોહળાય જ નહીં. આ ભાવ આવે તો જીવન બહેતર થઈ જાય. આ મુખ્ય વસ્તુ છે. એની પર ભાર એટલે મુકવાનો છે. આ માટેજ ઉત્સવ કરવાનો છે.

ભવ્ય ઉત્સવ કરવાનો છે. હિન્દુતાનમાં કે વિશ્વભરમાં જ્યાં પણ સ્વામિનારાયણ સંપ્રદાયનો મૂળ અનુયાયી રહેતો હોય એને આ વાત કહેવાની છે. એને જાગૃત કરવાનો છે. આપણા ઉત્સવ થકી આપણો અનુયાયી એમ અનુભવે કે એને વચનામૃત વાંચવાનું છે . આ માટે એણે નિયમ લેવાનો છે. આ વાત અમે અમારા સોથી વધુ પ્રવચનોમાં કરી છે અને આપણો સાચો અનુયાયી તે સ્વીકારે પણ છે. વડતાલ મંદિરના બુકસ્ટોરમાંથી અનુયાયીઓ પુષ્કળ પ્રમાણમાં વચનામૃત ખરીદી રહ્યા છે. એ બાબત એનો પુરાવો છે.

વચનામૃત દ્વિશતાબ્દી પર્વ નિમિત્તે વચનામૃત પ્રકાશન અંગે વિવિધ પ્રવૃત્તિઓ થઈ રહી છે જે સરાહનીય છે અને ભાવિ પેઢી ઘડનારી છે. એ અંગે કામ કરનાર સહુ પણ અભિનંદનના અધિકારી છે. આપણા પ્રયત્નો થકી વચનામૃતનો સંદેશ વિશ્વમાં પહોંચે અને સહુનું કલ્યાણ કરે એ જ અભ્યર્થના સહ જય શ્રી સ્વામિનારાયણ.

# વચનામૃત સંદર્ભ

લેખક : પ્રો. હરેન્દ્રભટ્ટ , વિદ્યાનગર

## વચનામૃત સર્જન કથા

### ૧.૧ ગઢડાની ઘટના

વાત માગશર સુદ ૪, સં. ૧૮૭૬ની છે. ગઢડા ખાતે દાદા ખાચરના દરબારમાં પોતાના નિવાસસ્થાને શ્રીજી મહારાજ સુતા હતા. અચાનક એમના કાને કીર્તનનો મધુર ધ્વની સંભળાયો ને તેથી પોતે જાગી ગયા. એમણે ચાકરને પૂછ્યું, ''આ કોણ ગાય છે ?'' ત્યાં હાજર ચાકર દેવજી તપાસ કરવા ગયો. થોડી વારમાં પરત આવી કહે, ''મહારાજ, બ્રહ્માનંદ સ્વામી ગાય છે.'' શ્રીહરિને પોતાને તે બાબતની ખાતરી કરવાની ઈચ્છા થઈ; આથી પોતે તે સ્થળે - સંતોના ઉતારે ગયા. જોયું તો મુક્તાનંદ સ્વામી ગાતા હતા. સાથે, આધારાનંદ સ્વામી સુર પુરાવતા હતા. શ્રીહરિને પધારેલા જોઈ, સૌ સંતોએ ગાવાનું બંધ કર્યું અને પ્રભુના ચરણવંદન કરવા લાગ્યા. સૌ સંતોને જોઈને પ્રભુ મરક મરક હસવા લાગ્યા. સંતોના ઓરડામાંથી બહાર નીકળી શ્રી હરિ બહાર ચોગાનમાં આવ્યા અને એક ઓટલા પર બેઠા.

શ્રીહરિએ સૌ સંતોને કહ્યું, ''ભજન કીર્તન ગાઈને પ્રભુને ભજવા એ ભક્તિનો એક પ્રકાર છે ને મને ખુબ ગમેં છે. સાથે સાથે, કથા વાર્તાને શાસ્ત્રાર્થ પ્રત્યે પણ મને ભાવ છે.'' આમ કહીને શ્રીહરિએ સત્સંગ શરૂ કર્યો ને સંતોને પ્રશ્નો પૂછવા માંડ્યા. એ સાથે, શ્રીહરિએ સંતોને પોતે જે ઉપદેશ આપ્યો તે નોંધી લેવા જણાવ્યું. સંતોએ તેમ કર્યું.

એ રાત્રે, માગશર સુદ ૪, વિ. સં. ૧૮૭૬ના રોજ દાદા ખાચરના દરબારમાં થયેલ સત્સંગ એ વચનામૃત ગ્રંથનું પ્રથમ વચનામૃત બન્યું. સત્સંગ તો શ્રીજી મહારાજ પ્રથમથી જ કરાવતા હતા અને સંતો ને હરિભક્તો પણ પોતાના ઈષ્ટદેવની બધી વાતો નોંધતા રહેતા હતા.

### ૧.૨ નિત્યાનંદ સ્વામીનું સંકલન

વચનામૃત લોયા ૭ સં. ૧૮૭૭ના માગશર સુદ ત્રીજનું છે; તારીખ થાય ૭ ડિસેમ્બર, ૧૮૨૦. આરંભમાં લખાયું છે : ''અને તે સમયમાં વચનામૃતનું પુસ્તક નિત્યાનંદ સ્વામીએ લાવીને શ્રીજી મહારાજને આપ્યું. પછી તે પુસ્તકને જોઈને રાજી થયા..''

ગઢડા ખાતે સં. ૧૮૭૬ના માગશર સુદ ૪ની રાત્રીએ શ્રીહરિએ આપેલા આદેશ મુજબ સંતો શ્રી હરિની પરા વાણીનું સંકલન કરતા હતા. નિત્યાનંદ સ્વામીએ કરેલ સંગ્રહનું પુસ્તક તેમણે લોયા ખાતે અર્પણ કર્યું.. આ સંકલનમાં ૧૧૪ વચનામૃત હતાં તેમ જાણવા મળે છે.

### ૧.૩ સં. ૧૮૮૫નો આજ્ઞાપત્ર

સંપ્રદાયના ગ્રંથોમાં નોંધાયા મુજબ શ્રી હરિએ વિ. સં. ૧૮૮૫ના અષાઢ માસમાં સર્વે સત્સંગીઓને ઉદ્દેશીને એક આજ્ઞાપત્ર પાઠવ્યો. આ આજ્ઞા પત્રમાં બે વાતો જણાવવામાં આવી હતી : ૧) સંપ્રદાયના મંદિર માટે જ્યાં જ્યાં જમીન યા ઘર યા કોઈ સ્થાવર મિલકત આપવામાં આવી હોય તેના લેખો દસ્તાવેજો મોકલવા. ૨) જુદા જુદા ગામોએ આશ્રિતોની સભામાં પોતે આપેલા જ્ઞાનોપદેશની નોંધો એટલે ખરડાઓ મોકલવા.

આ આજ્ઞાપત્રના અનુસંધાન શ્રીહરિને મોકલાવેલ ખરડાઓની સંખ્યાનો કોઈ ચોક્કસ આંકડો પ્રાપ્ત થતો નથી. પણ, ખરડાઓ સારી એવી સંખ્યામાં આવ્યા અને તેના પરથી ગ્રંથ તૈયાર કરવા શ્રીહરિએ ચાર વરિષ્ઠ સંતો --૧) મુક્તાનંદ સ્વામી, ૨) ગોપાળાનંદ સ્વામી, ૩) નિત્યાનંદ સ્વામી અને ૪) શુકાનંદ મુનિની નિમણૂક કરી તેમને જરૂરી માર્ગદર્શન પણ આપ્યું.

સં. ૧૮૭૬ થી સં. ૧૮૮૬ સુધીના એમ દસ વર્ષના કુલ ૨૬૨ વચનામૃતો સંગ્રહાયાં છે. સં. ૧૮૭૬નું વર્ષ પ્રારંભનું છે ને તે જ વર્ષની ગઢડાની ઘટના અહીં ૧.૧માં નોંધી છે. માટે તે ઘટના બની હશે તેમ માની શકાય.

### પરથારો ( ઉપોદ્ઘાત પ્રકરણ )

પરથારો એટલે ઉપોદ્ઘાત. પરથારો વચનામૃતના પ્રારંભે આપવામાં આવ્યો છે. વચનામૃતના સંપાદકો જ પરથારાના લેખકો છે. સંપાદકો લખે છે : ''શરૂઆતમાં જીવ પ્રાણી માત્રને સાચો શાશ્વત આનંદ આપે એવા, શ્રીહરિની જીવનલીલા - જન્માદિચરિત્રો અમે અત્રે સંક્ષિપ્તમાં સાદર કરીએ છીએ.'' (શ્લોક ૫)

તત્રાદૌ શ્રીહરેસ્તસ્ય જન્માદિચરિતમ શુભમ ।
કથયામઃ સામાસેન તદીયાનંદ દાયકમ ॥ ૫

આ પરથારામાં કુલ ૧૯ ફકરા છે. આ ૧૯ ફકરાઓમાં એક યા બીજી રીતે અવિછિન્ન સંકળાયેલી ચાર બાબતો છે. પહેલા બે ફકરામાં શ્રીહરિના અવતરણના પ્રસંગ અને હેતુઓનું વર્ણન કરેલું છે. તે સાથે જ પરમાત્માના


દિવ્યધામનું પણ વર્ણન કરેલું છે. ફકરા ૩ થી ૧૬ સુધી પરબ્રહ્મ પરમાત્માએ હરિ, કૃષ્ણ અને હરિકૃષ્ણ નામે મનુષ્યદેહ ધારણ કર્યો અને ૪૯ વર્ષ, ૨ માસ અને ૧ દિવસ સુધી જે લીલા કરી તે સંક્ષેપમાં જણાવેલી છે. તે પછીના ૧૭માં ફકરામાં પરમાત્માએ ધારણ કરેલા શ્રી ભાગવતી માનુષી દેહમાં રહેલા ચિન્હોનું અતિ સુરેખ સુંદર વર્ણન કરેલું છે. તે પછી ૧૮મા ફકરામાં, ભગવાન શ્રી સ્વામિનારાયણે આશ્રિત સત્સંગીઓના લાલનપાલન અર્થે કરેલી સ્વાભાવિક જીવન ચેષ્ટાઓનું સહજ નિરૂપણ કરેલું છે.

ઉપોદ્ઘાત પ્રકરણ--પરથારોમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાદુર્ભાવના હેતુઓ અને જીવન સંક્ષેપની વિગતો સમજાવેલી છે. પરમાત્માના સ્વરૂપનું કેવળ જ્ઞાન એમના પ્રત્યક્ષ દિવ્ય સ્વરૂપના ધ્યાન, સ્મરણ, કીર્તન સિવાય સિદ્ધ થતું નથી. આ પ્રકરણમાં પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણના જીવનની લીલા ચિંતામણિ તથા અંગોઅંગનું નિરૂપણ કરેલું છે. તે ચિન્હ ચિંતામણિની વિગતો અન્યત્ર કોઈ ગ્રંથમાં જોવા વાંચવા ન મળે એવી ઉત્તમ વિગતો સવિસ્તાર જણાવેલી છે. પરથારામાં જે ચિન્હ ચિંતામણિ સમજાવેલી છે તેનું 'હરિધ્યાનાબ્જ ભાસ્કર' નામે સંસ્કૃત ભાષાંતર પણ થયેલું છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં પ્રત્યેક આશ્રિતને રાત્રે સૂતા પહેલાં પાંચ પદો ગાવાનું કહેવામાં આવેલ છે. આ પાંચ પદો છે -- ૧) પ્રથમ હરિને રે, ૨) ઓરા આવો શ્યામ સનેહી, ૩) મારા વાલાને નહીં રે વિસારું, ૪) પોઢે પ્રભુ અને ૫ ) વંદુ સહજાનંદ. આ પાંચેય પદોનું અતિ સુંદર નિરૂપણ આ પરથારામાં કરાયું છે.

વડતાલવાળા શાસ્ત્રી હરિજીવનદાસજીના મતે ઉપોદ્ઘાત પ્રકરણ વચનામૃત ગ્રંથનો એક ભાગ જ છે; એ વચનામૃત ગ્રંથથી બહિરભૂત નથી. તેને ભૂમિકાપણે માની શકાય તેમ છે. ભૂમિકાના પ્રયોજનને સમજાવતાં શાસ્ત્રી હરિજીવનદાસજીએ લખ્યું છે, "જે પ્રબંધની ભૂમિકા લખાય તેના ઉપદેષ્ટાના જન્મનો હેતુ, તેના કારુણ્ય આદિક ગુણો અને તેના ઉચ્ચ ચરિત્રો વર્ણવવા અને પ્રબંધપ્રોક્ત વિષયોનો સાર સંગ્રહમાં જણાવવો..." શાસ્ત્રીજી કહે છે , "ભૂમિકાને બીજા નામથી મુકીએ તો જીવનચરિત્ર એમ પણ કહી શકાય."

વચનામૃત પ્રબંધ તત્વપ્રધાન હોઈ તેમાં ઈષ્ટદેવ શ્રી હરિના ગુણ ચરિત્રોના વર્ણનને સમાવી શકાય તેમ ન હતું. આથી, ઈષ્ટદેવ શ્રીહરિના ચરિત્રને ભૂમિકામાં ( પરથારામાં) સમવાયું છે, જે ઉચિત છે. અને ઈષ્ટદેવ શ્રીહરિના ચરિત્રને ગાવું જ જોઈએ તે બાબત સંપાદકોના



મનમાં રમતી જ હતી અને તેથી જ તેમણે પરથારામાં શ્રીહરિનું અદભુત ચરિત્ર અલૌકિક રીતે ગાયું છે.

વચનામૃતના સંપાદકોએ દીર્ઘ દ્રષ્ટિ વાપરીને, વચનામૃતના ઉપદેશોનું સંપાદન કરતા પહેલાં, પરથારો હેતુપૂર્વક લખેલો છે એમ રમેશચંદ્ર લા. પંડ્યા' 'વચનામૃત દર્શન' માં લખે છે. અને, સંપ્રદાયના આશ્રિત સત્સંગીઓએ તો એનું નિત્ય ગાન કરવું જોઈએ એમ કહે છે.

## પ્રથમ ફકરો

દરેક વચનામૃતના પ્રારંભમાં પ્રથમ ફકરામાં શ્રીજી મહારાજના પોષાક, સત્સંગનો સમય, સ્થળ તથા સન્મુખ બેઠેલા ભક્ત સમુદાયનું વર્ણન કરવામાં આવેલ છે . જેમકે : સં. ૧૮૭૬ના માગશર સુદી ૧૪ ચૌદશને દિવસે શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વ સ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશ દેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી." (ગઢડા પ્રથમ ૧૧ )

વચનામૃતમાં પ્રત્યેક પ્રકરણના પ્રારંભે આવો ફકરો મુકાયો છે. આ કામ હેતુપૂર્વક કરાયું છે. પુરાણી દેવપ્રસાદજી સ્વામી તેમના ગ્રંથ' વચનામૃત ચિંતન ' માં લખે છે : 'એ વર્ણન સાંભળનારને દેશ, કાળ અને સમાજથી પર થઈને વર્ણન કરેલ દેશ, કાળમાં જવા માટે કરેલું છે. તેથી જ્યારે વચનામૃત વંચાય ત્યારે આપણે અત્યારના દેશ, કાળ, વ્યક્તિઓને ભૂલીને મહારાજની સમીપે તે સમયમાં અને દેશમાં ભાવનાત્મક રીતે જવાતું હોય છે અને શ્રીજી મહારાજની સામે બેસીને દેશકાળનું અંતર મિટાવવાનું હોય છે.'

વચનામૃતમાં અપાયેલ પ્રથમ ફકરાનો અન્ય હેતુ પણ છે. જેમકે જુદા જુદા વચનામૃતમાં કોઈ સ્થાને પરસ્પર વિરોધાભાસ જેવું દેખાતું હોય તો તેનું પણ આગળના ફકરાનું અનુસંધાન કરવામાં આવે તો સમાધાન થઈ જતું



હોય છે. દા. ત. વચનામૃત ગઢડા મધ્ય ૬૨માં રઘુવીરજી મહારાજે પૂછ્યું છે , જીવનો મોક્ષ કેમ થાય ? અને અન્ય વચનામૃતમાં નિત્યાનંદ સ્વામીએ પણ આજ પ્રશ્ન પૂછ્યો છે. આ બંનેના જવાબ અલગ છે. કારણકે સાંભળનારા શ્રોતાઓની ભૂમિકાને અનુસારે ઉત્તરો ઘણી વખત કર્યા હોય છે.

પ્રથમ ફકરાનું મહત્વ દર્શાવતાં ડૉ. ધીરુભાઈ ઠાકર તેમના લેખ 'આત્મશોધક અમૃતવાણી' માં નોંધે છે કે , ''આ વચનામૃતોના પ્રથમ વાંચને જે ઉડીને આંખે વળગે તેવી બાબત છે તે પ્રત્યેક પ્રસંગે વર્ણવેલી શ્રીજીની મૂર્તિ અને ચેષ્ટાનું વર્ણન છે. તેમાં તેઓશ્રીની બેઠક, મુદ્રા અને વસ્ત્રાભૂષણની ઝીણી ઝીણી વિગતો મુકેલી છે. પુનરુક્તિઓ હોવા છતાં, વાચકને રસ પડે તેવા જીવંત વાતાવરણનો તેમાં અનુભવ થાય છે. આ બધું એકવાર બનેલું પ્રતીત થાય છે ત્યારે એમાંથી પૌરાણિક અપરિચિતતા જતી રહીને ઐતિહાસિક હકીકતની એક પ્રકારની પ્રત્યક્ષતા જિજ્ઞાસુને સ્પર્શીને વિશેષ આકર્ષે છે.''

ડૉ.ધીરુભાઈ ઠાકરના નોંધ્યા મુજબ, વચનામૃતના પ્રથમ ફકરાની આ વિગતો' તેની ઐતિહાસિક પ્રમાણભૂતતા અને પ્રત્યક્ષતા ઉપસાવી આપે છે... મોટા ભાગનાં વચનામૃતોના આરંભમાં એકસરખી વિગતો આવે છે. ઈશુ ખ્રિસ્ત, શંકરાચાર્ય અને વલ્લભાચાર્ય જેવા આચાર્યોને વિશે પણ આટલી સ્પષ્ટ અને ઝીણી વિગતો સચવાઈ નથી એ જોતાં સ્વામિનારાયણ સંપ્રદાયની આ એક અસાધારણ વિશિષ્ટતા ગણાય. તેનાં કારણો સમજાય તેવાં છેઃ ૧) શ્રી સહજાનંદ સ્વામી સંપ્રદાયમાં ભગવાનના અવતારોના અવતારી રૂપે પૂજાય છે. ૨) સાકાર બ્રહ્મની ઉપાસનાનો આ સંપ્રદાય હોવાથી આંખમાં વસી જાય તેવી સર્વ વિગતોમાં તેને રસ છે. ૩ ) બીજા આચાર્યોના મુકાબલે સ્વામિનારાયણ નજીકના ભૂતકાળમાં થયેલા હોવાથી તેમને લગતી ઐતિહાસિક હકીકત પર ધૂળ ચઢી નથી.'

## વચનામૃત : મંગલાચરણ

જે ગ્રંથમાં પ્રારંભે, મધ્યમાં ને અંતમાં મંગલાચરણ હોય તેને સત્શાસ્ત્ર કહેવાય. સહજાનંદ સ્વામી રચિત 'શિક્ષાપત્રી' અને 'વચનામૃત' બંનેમાં પ્રારંભે, મધ્ય ને અંતમાં મંગલાંચરણ આવે છે. પ્રારંભ, મધ્ય ને અંતમાં મંગલાચરણ ધરાવતા ગ્રંથો બહુ જૂજ જોવા મળે છે. શિક્ષાપત્રી અને વચનામૃત આવા ગ્રંથો છે.

વચનામૃત ગઢડા પ્રથમના પ્રથમ પ્રકરણમાં સર્વ મંગળના પણ મંગળ સ્વરૂપ એવા પરમાત્માની મૂર્તિની વાતથી ગ્રંથની શરૂઆત થઈ છે. વચનામૃત સત શાસ્ત્રનું આ પ્રારંભનું મંગલાચરણ છે.

વચનામૃત ગઢડા મધ્યના ૧૩મા પ્રકરણમાં પણ ભગવાનની મૂર્તિનું નિરૂપણ કરાયું છે. એ દ્વારા આ સત્શાસ્ત્રના મધ્યનું મંગલાચરણ કરાયું છે.

વચનામૃત ગઢડા અંત્યના અંતિમ પ્રકરણમાં, ૩૯મા પ્રકરણમાં પણ આજ વસ્તુનો મહિમા ગવાયો છે. અને, એ દ્વારા અંતનું મંગલાચરણ કરાયું છે.

આમ, વચનામૃત સત શાસ્ત્રમાં પ્રારંભે , મધ્યમાં અને અંતમાં મંગલાચરણ કરાયું છે.પુરાણી દેવપ્રસાદજી સ્વામી લખે છે, ''ગઢડા પ્રથમનું પહેલું, મધ્યનું ૧૩મું અને અંત્યનું છેલ્લું --- આ ત્રણેય ભગવાનની મૂર્તિના મહિમાના અને સમગ્ર વચનામૃતના સારરૂપ અને સમગ્ર ગ્રંથના કેન્દ્રરૂપ ગણાય છે.'' (વચનામૃત ચિંતન, પૃ. ૫૨ )

## હુડો

વચનામૃતમાં ગઢડા અંત્યના અંતિમ પ્રકરણ પછી સંસ્કૃતમાં ૧૮ શ્લોક આપવામાં આવ્યા છે, જે હુડાના શ્લોકો છે. હુડાના શ્લોકોમાં ગ્રંથનો સારાંશ આપવામાં આવે છે.

વચનામૃતમાં આપવામાં આવેલ હુડાના પ્રથમ શ્લોકમા વચનામૃતના સંપાદકોના નામ આપવામાં આવ્યાં છે. એ નામ છે -- મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને શુક મુનિ. વચનામૃતના સંપાદકોના નામની અધિકૃત માહિતી આપતો આ એક જ શ્લોક છે. શ્લોક ત્રીજાથી બારમા સુધીમાં, શ્રીહરિએ જે જે સ્થળે સત્સંગ કર્યો તે સ્થળો અને ત્યાં કહેલા વચનામૃતોની સંખ્યા આપવામાં આવી છે. આ શ્લોકો મુજબ શ્રીહરિએ ગઢડા, સારંગપુર, કારિયાણી, લોયા, પંચાળા, વડતાલ, અમદાવાદ ખાતે કુલ ૨૬૨ વચનામૃત કહેલાં. વચનામૃતમાં જે ક્રમ અપાયો છે તે અહીં જળવાયો છે. અન્ય શ્લોકોમાં શ્રીહરિના ઐશ્વર્ય અને એમના આધ્યાત્મિક સંદેશને યાદ કરી વંદના

કરવામાં આવી છે.

સદગુરુ શ્રી અચ્યુતદાસજી સ્વામી રચિત ગ્રંથ ' શ્રી પૂરુષોત્તમ લીલા' માં પણ ગ્રંથના અંતે હુડો અનુક્રમણિકા રૂપે લખાયેલ છે. આમ હુડો લખવાની પરંપરા હતી.

વચનામૃત : અન્ય ધર્મગ્રંથોના ઐતિહાસિક સંદર્ભમાં

વચનામૃતમાં સહજાનંદ સ્વામીનાં પ્રવચનો છે અને સંપૂર્ણ અધિકૃત રૂપે તે સચવાયાં છે. આ હકીકતને ભારતીય ધર્મગ્રંથોના ઐતિહાસિક સંદર્ભમાં જોઈએ.

ભગવાન બુદ્ધનાં પ્રવચનો અને એમના ધર્મ સંવાદો પાલી ત્રિપીટકમાં છે. બુધ્ધનો વિહાર પ્રદેશ મગધ હતો અને એમનો ઉપદેશ ત્યાંની લોકભાષા માગધીમાં થયો હતો, પણ પાલી એ તત્કાલીન મગધની ભાષા નથી અને બુધ્ધના ઉપદેશો વિવિધ સંગીતીઓ અર્થાત એ ઉપદેશોને સંકલિત કરનાર પરિષદોને પરિણામે પાલીમાં ઉતર્યા હતા.

બુધ્ધના સમકાલીન ભગવાન મહાવીરના ઉપદેશરૂપ, વિતરાગની વાણી ગણાતા જૈન આગમો મહાવીર નિર્વાણ પછી લગભગ એક હજાર વર્ષ બાદ, ઈ. સ.ની પાંચમી સદીમાં, પશ્ચિમ ભારતમાં વલ્લભીમાં એકસાથે લિપિબદ્ધ થયા હતાં અને ત્યાર પહેલાં પણ એની સંકલના માટે ત્રણ પરિષદો જુદે જુદે સમયે પાટલીપુત્ર, મથુરા અને વલ્લભીમાં મળી હતી. જૈન આગમો પૈકી 'ઉત્તરાધ્યયન સૂત્ર', એનું નામ સૂચવે છે તેમ, પરંપરાથી ભગવાન મહાવીરનો અંતિમ ઉપદેશ મનાય છે, પણ એમાં મૂળ ભાષા અને પ્રસંગો બરાબર જળવાયા છે એમ, ભાષાસ્વરૂપ તેમજ વિવિધ અધ્યયનોનો સંદર્ભ જોતાં, કહેવું મુશ્કેલ છે.

શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, વલ્લભાચાર્ય વગેરેના ગ્રંથો એમના વિદ્વાન શિષ્યો કે લેખકો દ્વારા પ્રાયઃ બોલીને લખવાયા છે, પણ એમાંય પાઠાન્તરોને અવકાશ છે.

મધ્યકાળમાં જૈન આચાર્યો કે ભટ્ટારકો સાથે દફતરદાર સાધુઓ કે યતિઓ રહેતા અને તેઓ વિહાર દરમિયાન અનેક નાની મોટી વાતો કે પ્રસંગો લખી લેતા, જે પટ્ટાવલીઓમાં વર્ષ-માસના ઉલ્લેખ સાથે નોંધાયા છે. પશ્ચિમ ભારતના-- વિશેષતઃ ગુજરાતના સામાજિક ધાર્મિક ઈતિહાસ માટે આ પદાવલીઓ બહુ મહત્વની છે.

'ગુરુ ગ્રંથ સાહેબ' એ ગુરુદેવ નાનકે સંકલિત કરેલ સંતવાણી છે. શીખોના આ ધર્મ ગ્રંથનો અધિકૃત પાઠ દશમ અને છેલ્લા ગુરુ ગોવિંદસિંહજીએ નિશ્ચિત કરાવ્યો હતો તથા એની ૩૬ નકલો પર સહી કરીને મંજૂરીની મહોર મારી હતી.

પોતાના લેખ 'અપૂર્વ ગ્રંથ : વચનામૃત' માં



ભોગીલાલ જે. સાંડેસરાએ ઉપરોક્ત નોંધ આપી સ્વામિનારાયણ સંપ્રદાયના ધર્મગ્રંથ વચનામૃતનું મહત્વ દર્શાવ્યું છે.

તેઓ લખે છે : આ સર્વમાં વચનામૃતનું સ્થાન અદ્વિતીય છે.... વચનામૃત સહજાનંદ સ્વામીના પ્રવચનો છે અને સંપૂર્ણ અધિકૃત રીતે સચવાયાં છે. મહત્વની વાત એ છે કે આ વચનામૃત સ્વયં સહજાનંદ સ્વામીએ મંજુર કરેલા છે અને એથી એમાં પાઠભેદને અવકાશ નથી....

''ભગવાન સ્વામિનારાયણનાં પ્રવચનો, લગભગ શબ્દસહ ક્યાં અને ક્યારે અપાયાં એના સંદર્ભ સાથે, એમનો પોશાક, શણગાર વગેરે એ વખતે કેવાં હતાં એના વર્ણન સહ, વર્ષ, માસ, તિથિની નોંધ સમેત, પ્રશ્નોત્તરી અને પ્રશ્નોત્તરી કરનાર વ્યક્તિવિશેષોના વિગતવાર ઉલ્લેખ સહિત, વચનામૃતમાં સંગ્રહિત થયાં છે. ગઢડા, સારંગપુર, કારિયાણી, લોયા, પંચાળા, વડતાલ અને અમદાવાદ -- એટલાં સ્થળે અપાયેલાં કુલ ૨૬૨ વચનામૃત એટલેકે પ્રવચન એમાં છે.

''સહજાનંદ સ્વામીના જીવનકાળનાં છેલ્લા દસ વર્ષના -- સં. ૧૮૭૬ થઈ ૧૮૮૬ સુધીના વચનામૃતોનો જ સંગ્રહ થયો છે. વળી, એમાં આધ્યાત્મિક વિષયો અને તત્વચર્ચાનો સમાવેશ થાય, પણ ચમત્કારોની વાત ક્યાંય ન આવે એ દ્રષ્ટિ સંગ્રાહકોએ રાખી જણાય છે.

''દાર્શનિક, તાત્વિક અને સૂક્ષ્મ વિચારોને બહુજન સમાજ આગળ રજૂ કરી એને લોકગમ્ય બનાવવાનો તથા સદાચારની સાદી વાતોને યોગ્ય દ્રષ્ટાન્તો સાથે તર્કબદ્ધ, હસ્તમલકવત, સમજૂતિ આપવાનો સફળ પ્રયત્ન વચનામૃતોના ગદ્યમાં છે...સરળ લોકગમ્ય અધ્યાત્મ વિચારણા તથા વિશદ નિરૂપણ એ બંને દ્રષ્ટિએ વચનામૃત ગુજરાતના ચિંતનાત્મક ગદ્યમાં અપૂર્વ છે.



## શ્રી હરિની વાણી

શ્રીહરિની વાણી કે ભાષા કેવી હશે તેનો એક પુરાવો તેમણે લોજ ખાતેથી રામાનંદ સ્વામીને પત્ર લખ્યો તે છે. એ પત્ર સં. ૧૮૫૬ ફાગણ વદી પાંચમે લખાયેલ. આ પત્રની ભાષા એમની ખરી ભાષા છે, જે ખડી બોલી જેવી હતી. પછીના બધા પત્રો તો સહજાનંદ સ્વામી બોલ્યા છે ને સંતોએ લખ્યા છે.

શ્રીજી મહારાજ અયોધ્યા પાસે આવેલા છપૈયા ગામમાં જન્મ્યા હતા, તેથી તેમની માતૃભાષા ઉત્તર હિંદની લોકભાષા હિન્દી હોય એ સ્વાભાવિક છે. અગિયાર વર્ષની વયે તીર્થાટન કરવા તેમણે ઘર છોડ્યું, ત્યાં સુધી છપૈયા અને અયોધ્યાની આસપાસના વિસ્તારમાં બોલાતી ખડી બોલી જેવી એમની હિન્દી ભાષા રહી.

શ્રીજી મહારાજે ઈ. સ.૧૮૯૨ થી ૧૮૦૦ સુધી ભારતભરમાં ભ્રમણ કર્યું ને સમગ્ર ભારતની ભાષાઓના પડઘા ઝીલ્યા.

સં. ૧૮૫૬ ( ઈ. સ. ૧૮૦૦) માં ૧૮ વર્ષની કિશોર વયે તેઓ સૌરાષ્ટ્રમાં માંગરોળ પાસે લોજ ગામે રામાનંદ સ્વામીના આશ્રમમાં રહ્યા ત્યારથી તે ઈ. સ. ૧૮૩૦માં ૪૯ વર્ષની વયે દેહોત્સર્ગ થયો ત્યાં સુધી તેઓ સમગ્ર ગુજરાતમાં ફરતા રહ્યા. આ સમય દરમિયાન, જેમ જેમ આ પ્રદેશમાં એમનું વિચરણ થતું ગયું, તેમ તેમ તેમની ભાષા શરૂઆતમાં હિન્દી મિશ્રિત ગુજરાતી, પછી હિન્દીના શબ્દોવાળી ગુજરાતી અને પછી હિંદીની છાંટવાળી ગુજરાતી રહી.

ભગવાન સ્વામિનારાયણની ભાષામાં / વાણીમાં તબક્કાવાર જે ફેરફાર થતો રહ્યો તેના કેટલાંક ઉદાહરણ જોઈએ.

મછીયાવમાં તળાવની પાળે શ્રીજી મહારાજ વાતોના તાનમાં હતા, તે વેળા પાસે બેઠેલા એક બ્રાહ્મણના છોકરાને થપાટ વાગી ગઈ ને તે પડી ગયો. ત્યારે મહારાજ કહે : બહુ ખોટા થયા, એક તો બ્રાહ્મણ વળી બાળક, ને વળી ભગવાનનો ભક્ત, માટે અમારે અપરાધ થયા. ( સ્વ. કૃષ્ણચરણદાસજીનું જીવનચરિત્ર અને ઉપદેશ, વાત ૩૧૪)

નિષ્કુળાનંદ સ્વામી પોતે લખેલ પુસ્તક ભક્તચિંતામણિની હસ્તપ્રત લાવ્યા અને શ્રીજી મહારાજ આગળ મૂકીને પગે લાગીને બેઠા. પછી શ્રીજી મહારાજે તે પુસ્તક હાથમાં લઈ વાંચી જોયું ને બોલ્યા જે , 'પુસ્તક બહુ સારા કર્યા.' એમ કહીને રાજીપો બતાવ્યો.

ભગવાન સ્વામિનારાયણે ગુજરાતીમાં વાતચીત કરવા માંડી ત્યારે પણ 'મારે ખાવું છે' ને બદલે 'મારે ખાવો છે'; 'અમારે જમવું છે' ને બદલે 'અમારે જમવા છે', 'મારે નહાવું છે' ને બદલે 'મારે ન્હાવા છે' એમ બોલતા.

'એમની વાણીમાં એટલી બધી મીઠાશ હતી કે તે સૌને સમજાતી અને સૌના હૃદયમાં સોંસરી ઉતરી જાતી. એમનો અવાજ પણ એટલો માધુર્ય ભર્યો હતો કે તેમને બોલતા સાંભળનાર એ મધુરપભરી વાણી જીવન પર્યંત ભૂલતા નહીં. કવિશ્વર દલપતરામે તેમની આઠ વર્ષની ઉંમરમાં ગઢડામાં મહારાજને ફક્ત એટલુંજ બોલતા સાંભળ્યા હતા , 'ભગુજી ઘોડીને પાવરો ચડાવજો.' એટલા શબ્દો પણ કવિશ્વર સિત્તેર વર્ષના થયા તોય ભૂલ્યા ન હતા,

શ્રીજી મહારાજની વાણીનાં આ ઉદાહરણો માત્ર નમૂનારૂપ છે; એ દ્વારા એમની વાણી વિકાસનો ક્રમ ઉપલબ્ધ થતો નથી. આતો સહેજ ઉલ્લેખ માત્ર છે.

## વચનામૃતનું ગદ્ય

વચનામૃત ધર્મગ્રંથ છે પરંતુ તત્કાલીન ગુજરાતી ભાષામાં છે. આ ગદ્ય સરળ છે, અને તે બસો વર્ષ પહેલાના ગુજરાતી ગદ્યનો નમૂનો છે. આ ગદ્ય સંધિકાળનું ગદ્ય છે એટલેકે મધ્યકાળના અંત અને અર્વાચીન સમયના ઉદયના સંધિકાળનું ગદ્ય છે. આ ગદ્યમાં સૌરાષ્ટ્રની બોલીની છાંટ જરૂર જોવા મળે છે, છતાં પણ તે સરળ છે, મિતાક્ષરી છે અને વાર્તાલાપની શૈલીમાં છે.

વચનામૃતના ગદ્યની વિચારણા શ્રી બાલકૃષ્ણ દોશીએ તેમના પુસ્તક 'અતીતને ઓવારે'ના 'શ્રી સહજાનંદ સ્વામીના વચનામૃતનું અધ્યાત્મદર્શન' લેખમાં કરી છે.એમની વિચારણા તલસ્પર્શી છે. વિગતે જોઈએ.

વળી, વચનામૃત એ ચાર મુનિઓએ કરેલું શ્રીજી મહારાજની વાણીનું સંપાદન છે, રજુઆત છે. તેથી મૂળની ભાષાને એ ચારેએ વ્યવસ્થિત રૂપ આપવાના પ્રયત્ન કર્યા હોય તે સમજી શકાય તેમ છે.

શ્રી બાલકૃષ્ણ દોશીએ વચનામૃતની જે આવૃત્તિનો

ઉપયોગ કર્યો તે આવૃત્તિ સં. ૧૯૮૪માં (ઈ. સ. ૧૯૨૮) નિર્ણય સાગર પ્રેસ, મુંબઈમાં છપાયેલી શુધ્ધ પ્રતના આધારે કંઈપણ ફેરફાર કર્યા સિવાય તૈયાર કરાઈ હતી. આથી તેમણે તારવ્યું કે 'સં. ૧૯૮૪માં વચનામૃતની ભાષાનું શુદ્ધિકરણ કરવામાં આવેલું અને વિરામચિન્હો આદિની યોજના નવેસરથી થયેલી. આજે જે વચનામૃત આપણી પાસે છે તેનું ગદ્ય સં. ૧૯૮૪ સુધીનું સમાર્જિત ગદ્ય છે એમ કહી શકાય.'

'વચનામૃતની ભાષા જૂની છે એમ કહેવાનું મન થતું નથી' એમ કહી શ્રી બાલકૃષ્ણ દોશી લખે છે કે તે જ્યારે. ઈ.સ. ૧૯૨૫માં હાઈસ્કૂલમાં ભણતા હતા ત્યારે ભાંડારકારની 'માર્ગોપદેશીકા'નો ઉપયોગ કરતા હતા અને તેમાં 'કરતા હવા', 'બોલતા હવા', 'ખાતો હવો' જેવા શબ્દ પ્રયોગો જોયેલા. આથી વચનામૃતમાં 'આવતા હવા', 'સૃજતા હવા', 'પામતી હવી' જેવા પ્રયોગો ઉપરથી ભાષા જૂની છે એમ કહેવા તેઓ તૈયાર નથી. એમણે એમ પણ લખ્યું છે, 'આ ભાષાને જૂની કહેવા કરતાં તળપદી કહેવી વધારે યોગ્ય છે. 'કે' ના સ્થાને અહીં જે 'જે' મળે છે તે સંસ્કૃત વાક્યરચનામાંના 'યદ' ના અનુવાદરૂપે છે. આપણી જૂની પત્ર લેખન પદ્ધતિમાં પણ આ 'જે' જ વપરાતો હતો.

વચનામૃતની વાક્ય રચનાનો વિચાર કરતાં શ્રી બાલકૃષ્ણ દોશીએ નોંધ્યું છે કે, 'વાક્યરચનાઓમાં' 'અને', 'તથા' ને થી જોડાઈ જોડાઈને લંબાતાં વાક્યો ઘણાં છે. કુંડળીઆમાં બને છે તેમ આરંભમાં એક વાક્ય આવે, તે પછી તેની સમજૂતી આવે અને છેલ્લે વળી મૂળ વાક્ય પાછું આવે એ રીતની રજુઆત અહીં છે, તે મુદ્દો બરાબર ધ્યાનમાં રહે એ માટે હોઈ શકે. કોઈક વાક્યો એવા છે કે જેમાં ઘણું સમાવવા જતાં તે કથળી જાય છે. દા.ત. 'એવા જે ભગવાન તે જ કૃપા કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વીમાં સર્વે મનુષ્યને પ્રત્યક્ષ દર્શન આપે છે ત્યારે જે જીવ સંતનો સમાગમ કરીને એ પુરુષોત્તમ ભગવાનનો આવો મહિમા સમજે છે ત્યારે એના ઈન્દ્રિયો, અંતઃકરણ સર્વે પુરુષોત્તમ રૂપ થઈ જાય છે ત્યારે તેમણે કરીને એ ભગવાનનો નિશ્ચય થાય છે.'

આજે જ્યાં 'જેણે તેણે' વાપરીએ ત્યાં વચનામૃતમાં 'જેને તેને' મળે છે. એથી ઉલટી પ્રક્રિયા પણ છે. જે જમાનામાં ગદ્યનો વપરાશ બોલચાલ પૂરતો કે વેપારીઓની હુંડીઓ પૂરતો મર્યાદિત હતો તે જમાનામાં વચનામૃતના જેવું પ્રવાહી ગદ્ય આપણને મળે છે એ કાંઈ જેવી તેવી વાત છે? આજે ગદ્ય ખૂબ વિકસ્યું છે ત્યારે એ જુના ગદ્યમાં આપણને ઠેકઠેકાણે ભૂલો દેખાય, પણ એ ગદ્ય પ્રવચનનું - ઉપદેશનું ગદ્ય છે, અને તે પણ આરંભકાળનું ગણાય તેવું. એટલે એ ગદ્યને



પોતાની આગવી મર્યાદાઓ હોય એ દેખીતું છે. વાક્યો સંકુલ બની જાવા છતાં એમાં રજુ થતો મુદ્દો ભાગ્યેજ અસ્પષ્ટ બને છે એ એની સિદ્ધિ છે.

વચનામૃતના ગદ્યને સરાહતાં શ્રી બાલકૃષ્ણ દોશી લખે છે,'' .. વચનામૃતના ગદ્યને પોતાનું આગવું આકર્ષણ છે. એમાં આવતી વાક્યભંગીઓ, જુનવાણી શબ્દો ને પ્રયોગો, એમાનાં દ્રષ્ટાંતો ઉપમા રૂપકાદીક અલંકારો, એમાં મળતી કહેવતો એ ગદ્યને એક આગવું ગૌરવ સમર્પે છે. સાહિત્ય રચનાની દ્રષ્ટિએ એ પ્રયોજયું નથી, છતાં એનું સાહિત્ય દ્રષ્ટિએ પણ ઘણું મૂલ્ય છે.'

શ્રીજી મહારાજે, બુધ્ધ અને મહાવીરની જેમ, લોકોની ભાષામાં જ ધર્મોપદેશ કરેલો છે. તેઓશ્રી બોલતા તેની નોંધ શિષ્યો 'જેમ સાંભળતા તેમ' 'પોતાની બુદ્ધિ પ્રમાણે' કરતા. સંપ્રદાયના વિવિધ મોવડીઓને ઉદ્દેશીને તેમણે પત્રો મોકલેલા તે પણ સ્વહસ્તે લખાયેલ નથી, પણ અંતેવાસી પાસે પોતે બોલતા જઈને લખાવેલા છે. આમ છતાં વચનામૃતોની તેમના મુખમાં મુકાયેલી ભાષા ઘણે ભાગે તેઓ જેમ બોલ્યા હોય તેમ ઝીલાયેલી દેખાય છે. સઘળાં વચનામૃતોની ઘાટીમાં એક પ્રકારની એકવાક્યતા વર્તાય છે તે જોતાં એ ભાષા શ્રીજી મહારાજની જ છે એમ અનુમાન કરી શકાય, એમ ધીરુભાઈ ઠાકરનું માનવું છે. એમણે એમના વિવેચન ગ્રંથ 'વિભાવિતમ' માં 'વચનામૃતો : વક્તા, વક્તવ્ય ને વાણી' લેખમાં વચનામૃતના ગદ્ય વિશે છણાવટ કરી છે.

શ્રી ધીરુભાઈ ઠાકર લખે છે, ' ..સ્વામિનારાયણે વૈષ્ણવ આચાર પર નિર્મળી છાંટી તેમ મધ્યકાલિન ગદ્ય પર પણ નિર્મળી છાંટીને તેને સાદી અને સાત્વિક પ્રભા અર્પી છે. અહીં ગુજરાતી ગદ્યને બોલનારના વ્યક્તિત્વનો પાસ બેઠેલો અનુભવાય છે. .. પરંપરા અનુસારી કથાવાર્તાના વિવિધ

લહેકાવાળી કથનરીતિ તેમાં ધ્યાન ખેંચે છે, તેમ ધર્મતત્વની ચર્ચા આટલી મુક્તતાથી સૌ પ્રથમ થાય છે. તેનાથી ગુજરાતી ભાષાનું એટલું બહોળું અને તલસ્પર્શી ખેડાણ થાય છે કે ગુજરાતી ગદ્યની ચીકણી અને કઠણ પેશીઓવાળી કણક બંધાય છે. (ઉદા. ભગવાનના ધામનું કરેલું વર્ણન )

લેખના અંતે તેઓ લખે છે : "..સંપ્રદાયના સંતોએ રચેલાં પદો અને ભજનોની નાનકડી પણ સોહામણી સેર મધ્યકાલીન કવિતાનું આગવું ઘરેણું છે. વચનામૃતો તેનાથી એક રીતે આગળ જાય છે. તે મધ્યકાલિન ગુજરાતી ગદ્યનો વિશિષ્ટ ઉન્મેષ દર્શાવવા ઉપરાંત અર્વાચીન ગદ્યનો ઉષઃકાળ પણ સૂચવે છે. જુના અને નવા યુગના સંધિકાળે પ્રગટેલાં આ વચનામૃતો, જૂની ભાષા અને કથનની પરિપાટીનું સાતત્ય દર્શાવે છે, તેમ છટા લય, તર્ક, દ્રષ્ટાંત અને કથનના રણકામાં દુર્ગારામ અને નર્મદના આગમન માટેની આછીપાતળી ભૂમિકા રચી આપે છે. અર્વાચીન યુગમાં ધર્મચિંતનની રીતસર શરુઆત થઈ તે પહેલાં પાશ્ચાત સંસ્કારથી અલિપ્ત રહેલાં આ વચનામૃતોએ તે માટે જરૂરી ભાષાના ખેડાણ દ્વારા ગદ્યનો પિંડ બાંધી આપ્યો હતો. એ દ્રષ્ટિએ સહજાનંદ સ્વામીએ ગુજરાતી ગદ્યને સ્વકીય તળપદી પ્રભા અર્પવા સાથે કથન વર્ણન ને ચિંતનની નાની મોટી ઘાટીઓ ઓળંગીને તેનામાં વિશદ અને સચોટ અભિવ્યક્તિનું બળ સિંચવાનું સાહિત્યિક અગ્રયાયીનું કાર્ય સિદ્ધ કર્યું હતું એમ કહી શકાય.એ રીતે, ધર્મની માફક સાહિત્ય ક્ષેત્રે પણ વચનામૃતો તેમનું ચિરંજીવી પ્રદાન છે.'

## વચનામૃત શૈલી

સંસ્કૃત સાહિત્યમાં એક ઉક્તિ છે :

अप्रेरितः सन हितम विदध्यात स एव गुरुः परम दयालु :

શિષ્ય પ્રાર્થના કરે ત્યારે પછી ગુરુ ઉપદેશ આપે છે. આ સામાન્ય રીત છે. પણ ગુરુનું અતિ દયાળુપણું શુ છે? તો અપ્રેરિતઃ સન્ હિતમ્ વિદધ્યાત્. શિષ્ય પ્રાર્થના ન કરે તો પણ અતિ કરુણાથી પ્રેરાઈને શિષ્યને સન્માર્ગમાં રાખે તે તેની અતિ દયા, કરુણા કહેવાય.

વચનામૃતમાં પણ કંઈક આવું જ જોવા મળે છે. વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે, પ્રશ્ન કરો. જો શિષ્ય પ્રશ્ન ન કરે તો પોતે કરે. પોતે પ્રશ્ન ન કરે તો માંહોમાંહે કરાવે. એમ પ્રશ્નના ઉત્તરમાં પણ. પ્રશ્નનો ઉત્તર કરાવે. જરાપણ નબળો ઉત્તર લાગે તો પોતે ઉત્તર કરે. જેમ પ્રશ્નો અંદરોઅંદર કરાવે તેમ ઉત્તર પણ અંદરોઅંદર કરાવે. અને, આ બધું પાછું અવિધિસરનું.

શ્રીજી મહારાજના સત્સંગમાં કયારેય વિષય નક્કી ન હોય. બધું જ સ્વયંભૂ.

વચનામૃતમાં કેટલાંક શ્રી હરિનાં વાક્યો છે અને કેટલાંક સંપાદકોએ પ્રશ્નોત્તરની સંગતિ માટે અનુગુણ નિવેશ કરેલાં છે. કોઈના પણ પૂછ્યા વિના શ્રી હરિએ કરેલાં કેટલાંક કૃપાવાક્યો છે અને કેટલાંક તો પોતે પ્રશ્ન પૂછીને તેના ઉત્તર રૂપે કહેલાં છે. કેટલાંક બીજાઓએ પૂછેલા પ્રશ્નોના પ્રત્યુત્તરરૂપ કહેલાં છે.

વળી, વચનામૃતના આરંભનો પ્રથમ ફકરો તેમજ 'પછી શ્રીજી મહારાજ બોલ્યા,' 'મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું,' 'એવી રીતે શ્રીજી મહારાજે પોતાના પૂરુષોત્તમ સ્વરૂપના નિરુપણની વાર્તા પરોક્ષપણે કરીને કહી,' 'પોતે તો પુરુષોત્તમ નારાયણ છે' ઈત્યાદિક વાક્યો સંગ્રહકર્તાઓનાં છે.

શ્રીજી મહારાજની સમગ્ર સત્સંગ પર અતિ કરુણા. એમનો એક જ ધ્યેય -- પોતાનો આશ્રિત બધી રીતે સજ્જ બને. એનામાં કોઈપણ પ્રકારની તલભાર પણ કસર ના રહે. શ્રીજી મહારાજનો સત્સંગ કેવો રહેતો તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ વચનામૃત છે ને વચનામૃતની શૈલી પ્રશ્ન ઉત્તરની છે.

## વચનામૃત : વિષય

વચનામૃતમાં એક વિષય છે, તેમ અનેક વિષય છે. પરમાત્મા --- એ વચનામૃતનો એકમાત્ર વિષય છે. આ પરમાત્મા સબંધી તમામ વાતો વચનામૃતના અનેક વિષયો છે.

આ વિષયો કેવા છે? શાસ્ત્રી હરિજીવનદાસજી વડતાલવાળાના મતે, 'વચનામૃતમાં જે વિષયો વર્ણવ્યા છે તે પણ જેના વર્ણવ્યા પછી વ્યાસમુનિને શોક થયો હતો તેવા નહીં, પરંતુ જેના વર્ણનથી વ્યાસજીના શોકની નિવૃત્તિ થઈ હતી એવા વિશુદ્ધ સાક્ષાત મોક્ષની સાથે સંબંધ ધરાવનારા શુદ્ધ ભાગવત ધર્મો જ વર્ણવ્યા છે.' આમ, શ્રી હરિએ વચનામૃતમાં' મોક્ષની સાથે સંબંધ ધરાવનાર ભાગવત ધર્મો જ વર્ણવ્યા છે. ભાગવત ધર્મો જ વચનામૃતના વિષયો છે.

શ્રી હરિએ આ બાબત વચનામૃતમાં વિવિધ રીતે સ્પષ્ટ કરી છે. જેમકે, પં. ૨ : એવી રીતે સાંખ્ય શાસ્ત્ર અને યોગ શાસ્ત્ર તેનો જે સનાતન સિદ્ધાંત છે તે અમે યથાર્થ કહ્યો છે..

ગ.મ. ૧ : અને વેદ શાસ્ત્ર પુરાણ ઈતિહાસ એ સર્વે ગ્રંથોનો એ જ નિરગલીતાર્થ છે. આ જે અમે વાત કરી છે તે સર્વ શાસ્ત્રનું રહસ્ય છે.

ગ.મ.૧૩: અને સર્વ શાસ્ત્રમાં પણ મળતી આવે છે ....અને તમને આ વાત કરી તે સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે.

ગ.મ.૨૮: આ વાર્તા જે અમે કરી છે તે કેવી છે તો વેદ શાસ્ત્ર પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિશે શબ્દ માત્ર છે તે સર્વેનું અમે શ્રવણ કરીને તેનું સાર કાઢીને આ વાર્તા કરી છે તે પરમ સત્ય છે ને સારનું પણ સાર છે.....અને પૂર્વે જે જે મોક્ષને પામી ગયા છે અને હવે જે જે પામશે ને હમણાં જે જે મોક્ષને માર્ગે ચાલ્યા છે તે સર્વેને આ વાર્તા જીવનદોરીરૂપ છે.

ગ.મ.૩૫ : અમે શ્રીમદ્ ભાગવત આદિક આઠ ગ્રંથનું અતિશય પ્રતિપાદન કર્યું છે માટે એ ગ્રંથને સાંભળવા ને ભણવા.

વરતાલ ૧૮: અમારા સંપ્રદાયમાં અતિ પ્રમાણરૂપ જે જે શાસ્ત્ર છે તેને જાણવાં. તે શાસ્ત્રનામ ---- વેદ, વ્યાસસૂત્ર, શ્રીમદ ભાગવત પુરાણ, શ્રી વિષ્ણુસહસ્ત્રનામ, ભગવદગીતા, વિદુરનીતિ, શ્રી વાસુદેવ મહાત્મય અને યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ એ જે આઠ શાસ્ત્ર છે તેને જાણવાં.

ગ.મ.૨૧ : સર્વ શાસ્ત્રનું રહસ્ય આ વાર્તા છે.

ગ.મ.૮ : અને તે શાસ્ત્ર પ્રમાણે જ અમે કહીએ છીએ.

ગ.અં. ૧૦ : વેદ પુરાણ ઈતિહાસ અને સ્મૃતિઓ એ સર્વે શાસ્ત્રમાંથી અમે એ સિદ્ધાંત કર્યો છે.

ગ.અ.૩૬ : અમે સર્વ શાસ્ત્રને સાંભળીને એ સિદ્ધાંત કર્યો છે.

ગ.મ.૩૯ : અને આ વાત અમે કરીએ છીએ તે કંઈ બુદ્ધિની કલ્પનાએ નથી કરતા.

લોયા ૮ : શ્રીમદભાગવતાદિક જે આઠ સતશાસ્ત્ર તેમાંથી કોઈ ત્યાગ કરવા યોગ્ય છે કે સર્વ ગ્રહણ કરવા યોગ્ય છે? ....એ સર્વે ગ્રંથમાં પણ અનેક પ્રકારના પ્રકરણ છે તે સર્વ પ્રકરણે કરીને ભગવાનને પામ્યા જે ભક્ત તેમના અધિકારને અનુસારે અંગ કહ્યા છે, માટે સર્વે ગ્રહણ કરવા યોગ્ય છે, પણ સર્વ પ્રકરણમાંથી જે પ્રકરણ પોતાના અંગમાં મળતું આવતું હોય તેને ગ્રહણ કરવું બીજાનો ત્યાગ કરવો.અને એમ જાણવું જે એ છે તો સાચું પણ એ બીજા ભક્તને અર્થે છે પણ મારે અર્થે નથી.

ગ.પ્ર.૭ : શાસ્ત્રમાં જ્યાં જ્યાં અધ્યાત્મ વાર્તા આવે છે તે કોઈને સમજાતી નથી અને ભમી જવાય છે, માટે એ અધ્યાત્મ વાર્તા જેમ છે તેમ યથાર્થપણે અમે કહીએ છીએ.

ગ.પ્ર. ૨૩ : વાસુદેવમહાત્મ્ય નામે જે ગ્રંથ છે તે અમને અતિશય પ્રિય છે, કેમ જે ભગવાનના ભક્તને ભગવાનને ભજ્યાની જે રીતિ તે સર્વે એ ગ્રંથમાં કહી છે.

ગ.પ્ર. ૩૯: પછી શ્રીજી મહારાજે એક વેદાંતી બ્રાહ્મણ આવ્યો હતો તેને પ્રશ્ન પૂછ્યો જે, 'તમે એક બ્રહ્મનું પ્રતિપાદન કરો છો ને તે વિના જે જીવ ઈશ્વર માયા અને જગત તથા વેદ શાસ્ત્ર પુરાણ તે સર્વેને મિથ્યા કહો છો તે વાત અમને સમજાતી નથી તથા માન્યામાં આવતી નથી, માટે તમને પૂછીએ છીએ તેનો ઉત્તર કરો, તે વેદ શાસ્ત્ર પુરાણ સ્મૃતિ અને ઈતિહાસ તેની સાખ્યે કરીને કરો પણ કોઈ કલ્પિત ગ્રંથને વચને કરીને કરશો તો અમે તેને નહીં માનીએ અને જો વ્યાસજીને વચને કરીને કરશો તો અમારા માન્યામાં આવશે, કેમજે મારે વ્યાસજીના વચનમાં દ્રઢ પ્રતીતિ છે.

ગ.પ્ર. ૫૨ : સાંખ્ય યોગ વેદાંત અને પંચરાત્ર એ ચાર શાસ્ત્રે કરીને જે ભગવાનના સ્વરૂપને સમજે તે પૂરો જ્ઞાની કહેવાય.

સા.૩ : અને વળી ધર્મની પ્રવૃત્તિનું જે કારણ છે તે પણ શાસ્ત્ર જ છે અને જેણે શાસ્ત્ર કોઈ દિવસ સાંભળ્યાં જ નથી એવા જે અજ્ઞાની જીવ તેમને વિશે પણ માં બહેન દીકરી અર્થ છે ને સુગમ છે માટે તેની કથા થાય છે.' શાસ્ત્રી હરિજીવનદાસજી લખે છે, 'આ ન્યાય વચનામૃતમાં પણ જાણી લેવો.'

માટે, વડતાલવાળા શાસ્ત્રી હરિજીવનદાસજીના મતે , 'વચનામૃતને પ્રસ્થાન ત્રયીનું સુબોધ સર્વાધિકારી ભાષ્ય કહીએ તેમાં અતિશયોક્તિ ગણાશે નહીં.' અને સ્ત્રી તેની વિગતિરૂપ જે ધર્મની મર્યાદા છે તે આજ સુધી ચાલી આવે છે તેનું કારણ પણ શાસ્ત્ર જ છે.. માટે જેને શાસ્ત્રના વચનનો વિશ્વાસ હોય તેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય અડગ થાય છે અને કલ્યાણ પણ તેનું જ થાય છે. અને તે ધર્મમાંથી પણ કોઈ કાળે ડગે જ નહીં

લોયા૯: અને જ્ઞાન તો એમ થાય જે જો બૃહદારણ્ય છાંદોગ્ય કઠવલ્લી આદિક જે ઉપનિષદ તથા ભગવદ ગીતા તથા વાસુદેવ માહાત્મ્ય તથા વ્યાસસૂત્ર ઈત્યાદિક ગ્રંથનું સદગુરુ થકી શ્રવણ કરે તો જ્ઞાન ઉપજે.

'હરિવાક્યસુધાસિંધુ' માં વચનામૃતને 'सच्छास्त्रैः संमी तानी च' 'सच्छास्त्रसम्मानीतः' એવું વિશેષણ આપીને તેની શાસ્ત્રોક્ત મુળતા સુદ્રઢ કરી છે.

વડતાલવાળા હરિજીવનદાસજી શાસ્ત્રી લખે છે કે, 'આ પ્રબંધમાં જે જે વિષયો વર્ણવ્યા છે તે મેળવીએ તો અક્ષરસહ સતશાસ્ત્રમુલક છે. સ્વયં ભગવાને વેદ ઉપનિષદ સાંખ્ય યોગ બ્રહ્મસૂત્ર ગીતા પંચરાત્ર ભાગવત આદિ પુરાણ મહાભારત આદિ દ્વારા જે જે મોક્ષોપયોગી આત્માપરમાત્મા સ્વરૂપ જ્ઞાન ભક્તિ વૈરાગ્ય ધર્મ વગેરે વિષયો વર્ણવ્યા છે તેને અનુસારે તેના અવિરોધથી જ વિશેષ અર્થ સાથે વર્ણવ્યા છે.તેમાં કેટલાંક તો તે શ્રુતિ સ્મૃતિ પુરાણ વગેરેના વચનો સાક્ષાત મૂક્યા છે તો કેટલાંક વચનોનો ગુર્જર અનુવાદ કરેલો છે, તો કેટલાંકનો ભાવાર્થ તાત્પર્યાર્થ સવિસ્તાર વર્ણવ્યો છે. તેની જો પૂર્ણ તપાસ કરીએ તો એક પણ વચન એવું ન નીકળે કે જેનું મૂળ સત શાસ્ત્રમાંથી ઉપલબ્ધ ન થાય.

શિક્ષાપત્રીમાં શ્રી હરિ કહે છે, मतम् विशिश्टाद्वैतम् में! શ્રી હરિ રામાનુજાચાર્યશ્રીના વિશિષ્ટાદ્વૈત મતને સ્વમત તરીકે સ્વીકારે છે. વચનામૃત લોયા ૧૪માં શ્રી હરિ કહે છે, '...તથા રામાનુજનો એમ મત છે જે જીવ માયા અને પુરુષોત્તમ એ ત્રણે નિત્ય છે ને પુરુષોત્તમ છે તે જીવ માયાના નિયંતા છે ને સર્વના કારણ છે ને પોતાના અક્ષરધામને વિશે સદા દિવ્ય આકાર થકા વિરાજમાન છે ને સર્વે જે અવતાર તે તેના છે, એવા જે પુરુષોત્તમનારાયણ તેની ઉપાસના જીવને કરવી, એવી રામાનુજની સમજણ જણાય છે...તથા રામાનુજ સ્વામીએ જેવી રીતે ક્ષર અક્ષર થકી પર જે પુરુષોત્તમ ભગવાન તેનું નિરૂપણ કર્યું છે તે પુરુષોત્તમ ભગવાનને વિષે અમારી ભક્તિ છે.' શ્રી હરિ સ્પષ્ટ કરે છે --- પુરુષોત્તમ ભગવાનને વિષે તેમને ભક્તિ છે.

શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, વલ્લભાચાર્ય, મધ્વાચાર્ય જેવા વિદ્વાન આચાર્યોએ તત્વપ્રધાન પ્રબંધો ઉપર ભાષ્યો રચીને તે તે ગ્રંથોના અર્થ ન્યાય યુક્તિથી સમજાવ્યા. શ્રીહરિએ પણ આ તત્વપ્રધાન ગ્રંથોના અર્થ સરળ કરીને અને લોકભાષા ગુર્જરીમાં સમજાવ્યા. શ્રીહરિએ આ વાત ગ.પ્ર. ૭૧માં કરી છે : 'અને વેદનો અર્થ તો અતિ કઠણ છે માટે તેની કથા થતી નથી અને ભાગવદ પુરાણ ભારત એમાં વેદનો જ

## વચનામૃત અનુવાદ
## બ્રહ્માનંદ સ્વામી દ્વારા વ્રજભાષામાં અનુવાદ.હરિવાક્ય સુધાસિંધુ

બ્રહ્માનંદ સ્વામીએ વચનામૃતનો વ્રજભાષામાં અનુવાદ કર્યાના ઉલ્લેખ મળે છે. આ અનુવાદને સદગુરુ શ્રી ધર્મકિશોરદાસજી સ્વામી તથા કવિરાજ હમીરદાન ગઢવી દ્વારા સં. ૧૯૯૨માં સંશોધિત કરી પ્રકાશિત કરવામાં આવેલ. આ ગ્રંથની બીજી આવૃત્તિ શ્રી અબજી બાપાની છતેડી અને હનુમાનજી મંદિર ટ્રસ્ટ ,બલદિયા ( કચ્છ ભુજ ) દ્વારા ઈ.સ. ૨૦૧૯માં પ્રકાશિત કરવામાં આવેલ છે.

## હરિવાક્ય સુધાસિંધુ

શતાનંદ મુનિ રચિત 'હરિવાક્ય સુધાસિંધુ' એ 'વચનામૃત' નો સંસ્કૃત અનુવાદ છે.

ગઢડાવાળા શાસ્ત્રી હરિપ્રકાશ કાશી રહેતા હતા ત્યારે, કાશી સ્વામિનારાયણ મંદિરની સંપૂર્ણ સહાયથી, અદ્યાપિ અપ્રસિધ્ધ ગ્રંથને તેમણે પ્રકાશિત કરેલ. ૧૫ રૂા.ની કિંમતના અને નાના ટાઈપમાં છપાયેલ આ પુસ્તકની હસ્તપ્રત ક્યાંથી મેળવી તેની નોંધ આપવામાં આવી નથી. ટાઈટલ પેજ પર આ પુસ્તકને યોગાનંદ ગ્રંથમાળાના તૃતીય પુસ્તક તરીકે પ્રકાશિત કરેલ છે. આ પુસ્તકના પ્રકાશકની જેમ સંપાદક ને સંશોધક પણ શાસ્ત્રી હરિપ્રકાશ છે ને તેમણે 'સંપાદકીય' નોંધ પણ લખી છે.

## શ્રીહરિવાક્યસુધાસિંધુઃ મૂળ ૨૬૨ તરંગોનું બ્રહ્મરસાયન ભાષ્ય : લગભગ ૫૦૦૦ પૃષ્ઠોમાં મહાસાગર ભાષ્ય (સંસ્કૃત):

૨૬૨ તરંગોના ૯,૦૦૦ શ્લોકો ઉપર ૨૨૫૦ સૂત્રો સાથે તે ઉપર આ મહાભાષ્ય મહાસાગર સમાન વિશાલ છે. આમાં તાત્વિક, વ્યવહારિક, આધ્યાત્મિક અને મોક્ષીય વિષયો વ્યવસ્થાપિત છે. દરેક દર્શનોના મોક્ષને અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિને લગતા વિષયો સમન્વિત છે. સાંપ્રદાયિક માનિનતાઓ, શાસ્ત્રીય તથા ઔપદેશિક નિર્ણયો ખૂબ જ સ્ફુટ કરેલા છે. સાકાર-નિરાકારતા, અનિત્ય-નિત્યતા, પ્રમાણ-અપ્રમાણતા, શરીર ઈન્દ્રિય અંતઃકરણ પ્રકૃતિ કારણાત્મક વાદ, અવતાર-અવતારી, પરમાત્મવાદ, અસત્-સત્, શૂન્ય, આદિવાદ, નાસ્તિક, આસ્તિકવાદ, સ્વર્ગનરકાદિવાદ, કર્મફલ, ત્રિઅવસ્થ, ત્રિગુણ, ચારવાણી, ત્રણનાડી, અસંખ્ય સૃષ્ટિઓ, વર્ણઆશ્રમ, વ્રત, ધ્યાન, સમાધિ, દોષનાશ, ગુણ ગ્રહણ, સમાજ વળણ, આદિ આદિ અસંખ્ય પ્રકારના સિધ્ધાંતો આ મહાભાષ્યમાં લીધેલા છે. આ ગ્રંથમાં પૂર્વપક્ષ સંશય ઉત્તરપક્ષ નિર્ણય સિધ્ધાંત રીતિ વડે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ તમામ ભાષ્યકારોની રીતિઓ

વડે ઉલ્લેખન, વિલેખન, આલેખન, સુલેખન વડે રચનાઓવાળા આવિષ્કૃત કર્યા છે.

વચનામૃતપ્રામાણ્યહેતવઃ ૨૬૨ સ્તબકોમાં હેતુઓ (સંસ્કૃત):

ભગવાન શ્રીસ્વામિનારાયણના ૨૬૨ વચનામૃતોના આ ગ્રંથમાં પ્રશ્નોત્તર રુપમાં સભાઓમાં તત્વ નિર્ણય થયેલા તાત્વિક સિધ્ધાંતો ભર્યા છે. દાર્શનિક તત્વો, આધ્યાત્મિક ઉપદેશો, લૌકિક વર્તનો, મુક્તિના ઉપકરણો અને પામર વિષયી મુમુક્ષુ શરણાગત, દાસ, ભક્ત, સંત, સદ્‌ગુણી, દુર્ગુણી, પવિત્રાચરણ, ભક્તિ પર્ધાનતા, ધર્મશાસ્ત્રોની રીતિઓ, પુરાણોની સાર પધ્ધતિઓ, ઈતિહાસની અનુકૂલ ગ્રાહ્યતા, આત્મસત્તા અભ્યાસ, સાંખ્યયોગ, વેદાંત શ્રૃતિ પરિશીલન, આચાર્યોના વિભિન્ન મતો, શાસ્ત્રોના વિભિન્ન સિધ્ધાંતો, તાર્કિક વિવિધ રીતિઓ, વાક્યાર્થ નિર્ણયો, ૨૪, ૨૫, ૨૬ તત્વોના સ્પષ્ટીકરણો, વિશિષ્ટાદ્વૈત પ્રમાણે અનુકરણો, પરબ્રહ્મ સાકારતા પ્રાધાન્ય, બ્રહ્મ વ્યાપકતા, મુક્ત, ઈશ્વર, જીવાદિતા, વૃતાંતો, પ્રત્યક્ષ દેવ બલિષ્ઠતા, ભગવાનના સ્વરૂપ રૂપો, અવતારો, અંતર્યામિતા, સૃષ્ટિકર્તૃતા, સંચાલકતા, સંહારકતા, અનેક ગુણ શક્તિમત્તા આદિ આદિ કોઈ બાકી ન રહે તેવા અભ્યસ્ત તત્વો વર્ણવ્યા છે. મૂળ આ સુધા સિંધુ નામે સંસ્કૃત પદ્યોમાં ગ્રંથ છે અને શ્રીસ્વામિનારાયણ ભગવાને પોતાને પોતાનો આત્મા આ ગ્રંથરૂપે પ્રગટાવેલ હોય એવા સરસંભૃત ૨૬૨ પ્રકરણો છે, એમાં રહેલા વિષયોના પ્રામાણ્ય હેતુઓ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ રચેલા છે જે દાર્શનિક, તાર્કિક વિદ્વાનો અતીવ રસપ્રદ સુગ્રાહ્ય અનુભવી શકે તેવો આ મહાદાર્શનિક સાગર સમ ગ્રંથ છે. વૈષ્ણવ મૂર્ધન્ય ગ્રંથ છે.

સુધાસિંધુસૂત્રાણિ-૨૨૫૧ સંખ્યામાં સૂત્રો (સંસ્કૃત):

વચનામૃતોના ૨૬૨ પ્રકરણો ઉપર તેનો સંક્ષિપ્ત સાર ગ્રહણ કરી કરીને તે ઉપર ૨૨૫૧ સૂત્રો સ્વામીશ્રીએ રચેલા છે, જેમાં તમામ વિદ્યાઓનો સમાવેશ કરેલ છે.

### શ્રીહરિચરિત્રામૃત સાગર<br>વચનામૃતનો હિન્દી પદ્ય અનુવાદ

આધારાનંદ સ્વામી કૃત 'શ્રી હરિચરિત્રામૃત સાગર' ના (ભા-૮) પૃ-૨૧ માં ૯૦ તરંગ છે, અને તેમાં ખાસ અને પૂર ૨૭ છે. પૂર ૨૬ના ૮૦ તરંગ છે જ્યારે પૂર ૨૭ના ૧૦૪ તરંગ છે. ભા-૯ ના પૂર ૨૨માં સ્વામીએ ગઢડા મધ્યનાં ૨૩મા સુધીનાં વચનામૃત વર્ણવ્યાં. અહીં ભાગ-૧૧ પૂર ૨૬માં ગઢડા મધ્યનાં પ્રકરણ આગળ ચાલે છે. તરંગ ૩માં ૨૪મું, ૪માં ૨૫મું, તરંગ ૧૮માં ૨૬મું વર્ણવાયું છે. સ્વામીએ ગઢડા મધ્યનાં ૨૭ થી ૩૦ પ્રકરણ લીધાં નથી. અહીં તરંગ ૧માં ગઢડા મધ્યનું ૩૧મું, તરંગ ૨માં ૩૨મું, તરંગ ૧૧માં ૨૨મું, તરંગ ૧૨માં ૩૪મું, તરંગ ૧૩માં ૩૫મું, તરંગ ૧૪માં ૩૬મું, તરંગ ૧૫માં ૩૭મું, તરંગ ૧૬માં ૩૮મું, તરંગ ૧૭માં ૩૯મું, તરંગ ૨૪માં ૪૦મું, તરંગ ૪૭માં ૪૨મું, તરંગ ૫૪માં ૪૩મું, તરંગ ૫૫માં ૪૪મું, તરંગ ૫૬માં ૪૫મું, તરંગ ૫૭માં ૪૬મું, તરંગ ૬૬માં ૪૭મું, તરંગ ૬૭માં ૪૮મું, તરંગ ૬૮માં ૪૯મું, તરંગ ૭૫માં ૫૦મું, તરંગ ૭૬માં ૫૧મું, તરંગ ૭૭માં ૫૨મું, તરંગ ૭૮ માં ૫૩મું, તરંગ ૭૯માં ૫૪મું, તરંગ ૮૦માં ૫૫મું તથા પૂર ૨૭ના પ્રથમ તરંગમાં ૫૬મું, તરંગ ૨માં ૫૭મું, તરંગ ૩માં ૫૮મું, તરંગ ૪માં ૫૯મું, તરંગ ૫માં ૬૦મું, તરંગ ૬માં ૬૧મું, તથા ભા-૧૨ ના પૂર ૨૮માનાં તરંગ ૭૪થી ૭૬માં ગઢડા મધ્યનું ૬૨મું, તરંગ ૭૭માં ૬૩મું, તરંગ ૭૮માં ૬૪મું, તરંગ ૭૯માં ૬૫મું, તરંગ ૮૦ અને ૮૧માં ૬૬મું, તરંગ ૯૫માં ૬૭મું વચનામૃત વર્ણવાયું છે.

આમ, આધારાનંદ સ્વામીએ 'શ્રી હરિચરિત્રામૃત સાગર' માં 'વચનામૃત' નાં સારંગપુર, કારિયાણી તથા પંચાળાનાં તમામ અને ગઢડા પ્રથમ અને મધ્યનાં બે-પાંચ બાદ કરતાં તમામ પ્રકરણનો પદ્ય અનુવાદ હિન્દીમાં આપ્યો છે, જે વચનામૃતનો હિન્દી અનુવાદ નથી પરંતુ સ્વામીના 'શ્રી હરિ' નાં ચરિત્રામૃતો છે.

વચનામૃતનું હિન્દી ભાષાંતર ભારતીય વિદ્યા ભવન, મુંબઈ દ્વારા પ્રકાશિત થયું છે, જેના અનુવાદક હતા શ્રી રામવલ્લભ શાસ્ત્રી.

### અંગ્રેજી અનુવાદ

શ્રી સ્વામિનારાયણ ભગવાન કલા કેન્દ્ર ટ્રસ્ટ, જ્ઞાન બાગ, વડતાલ દ્વારા શ્રી શાંતિકુમાર જે. ભટ્ટે કરેલ વચનામૃતનો અંગ્રેજી અનુવાદ બે ભાગમાં ઈ. સ. ૧૯૯૭માં પ્રકાશિત થયો. વચનામૃત દ્વિશતાબ્દી વર્ષ નિમિત્તે શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલ દ્વારા આ અનુવાદની ત્રીજી સંવર્ધિત આવૃત્તિ, પૂ. પાર્ષદવર્ય કાનજી ભગતજીના સૌજન્યથી, પ્રકાશિત થયેલ છે.

વચનામૃતના અંગ્રેજી અનુવાદ ભારતીય વિદ્યા ભવન, મુંબઈ, શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ, શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, રાજકોટ દ્વારા પણ પ્રકાશિત થયેલ છે.

### વચનામૃતનો સ્પેનિશ અનુવાદ

મેરિયા બોબાડીલા સંયુક્ત રાષ્ટ્ર સંઘના સેક્રેટરી હતાં. સ્વામિનારાયણ ગુરુકુલ, રાજકોટના સંપર્ક થકી તેઓ સ્વામિનારાયણ મિશનમાં જોડાયાં હતાં અને હિન્દૂ ધર્મ અંગીકાર કરી માઁ સરસ્વતી બન્યાં હતાં. એમને વચનામૃતનું સ્પેનિશ ભાષામાં ભાષાંતર કર્યું હતું. આ સંસ્થાએ પ્રકાશિત

કરેલ અંગ્રેજી અનુવાદની ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવનામાં શ્રી મહેન્દ્રભાઈ શેલતે લખ્યા મુજબ, મેરિયા બોબાડીલાએ વચનામૃતના સ્પેનિશ અનુવાદ માટે, શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, રાજકોટ પ્રકાશિત અંગ્રેજી અનુવાદની પ્રથમ આવૃત્તિનો આધાર લીધો હતો.

વર્ણ્ય વિષય વચનામૃત છે. 'વચનામૃત' ગઢડા પ્રથમનાં વચનામૃત ૧ થી ૭૭ અહીં લેવાયાં છે. શ્રીહરિની સ્વાભાવિક લીલાથી વચનામૃત શરુ થાય છે. એક દિવસ શ્રીહરિ સંતોની જાયગામાં મુક્તાનંદ સ્વામીના કીર્તનને સાંભળવા પધાર્યા. એ જાણી સહુ સંતો જાગી ગયા, પગે લાગ્યા અને શ્રીજી સન્મુખ બેઠા. આધારાનંદ સ્વામી પણ તે દિવસે મુક્તાનંદ સ્વામી સાથે કીર્તન કરતા હતા. તેમની ઉંમર તે વખતે ૨૦ વર્ષની હતી. એટલે, વચનામૃતની આ પ્રથમ સભામાં આધારાનંદ સ્વામી પણ ઉપસ્થિત હતા. અહીં અપાયેલ વચનામૃતમાં કોઈ ખાસ વિષયની વધઘટ નથી અને ક્યાંક હોય તો તે પણ સ્વાભાવિક છે. અહીં નિરુપાયેલ ૭૭ જેટલાં વચનામૃતમાં વસંતપંચમી, હુતાશની અને રામનવમી એમ ત્રણ જ ઉત્સવ આવે છે. તો વચનામૃત ૭૬ અને ૭૭ વચ્ચે એક માસ અને ઓગણીશ દિવસનો ગાળો છે.

'શ્રી હરિચરિત્રામૃત સાગર' ના નવના ભાગમાં ૨૨ અને ૨૩ એમ બે પૂરનો સમાવેશ કરાયો છે. બંને પૂરના મળીને ૧૯૪ તરંગ થાય છે. ૨૨મા પૂરનો પ્રારંભ ગઢડા પ્રથમ પ્રકરણના ૭૮મા વચનામૃતથી થાય છે. આ વચનામૃત તે પ્રકરણનું છેલ્લું છે અને સાત તરંગમાં કહ્યું છે. ત્યારબાદ ગઢડા મધ્ય પ્રકરણનાં અમુક વચનામૃતો કહ્યાં છે. તેમાં પણ પહેલું વચનામૃત લખ્યું નથી. ગઢડા પ્રથમ અને ગઢડા મધ્યનાં વચનામૃત સ્વામીએ સળંગ કેમ લીધાં હશે? એમણે કોઈ સ્પષ્ટતા કરી નથી. વળી, આધારાનંદ સ્વામીએ તિથિ, સંવત તો છોડી જ દીધાં છે. ત્યારબાદ ગઢડા મધ્યનાં ૨ થી ૧૨ સુધીનાં પ્રકરણ લીધાં છે. તરંગ ૩૧ થી ૪૧માં ગઢડા મધ્ય ૧૩ થી ૧૭ પ્રકરણ લેવાયાં છે. તરંગ ૫૪ થી ૫૬માં મધ્ય પ્રકરણનાં ૧૮ થી ૨૦ વચનામૃત કહ્યાં છે. તરંગ ૧૦૦માં ગઢડા મધ્યનું ૨૧મું અને તરંગ ૧૦૩માં ૨૨મું વચનામૃત લેવાયું છે. તરંગ ૧૧૧માં ગઢડા મધ્યનું ૨૩મું વચનામૃત વર્ણવાયું છે.

'શ્રીહરિલીલામૃત સાગર' ના પૂર ૨૩ ના તરંગ ૬ થી ૯માં સારંગપરનાં વચનામૃત ૧ થી ૩, તરંગ ૧૪માં ૪થું, તરંગ ૧૬માં પાંચમું, તરંગ ૧૭ અને ૧૮માં છઠ્ઠું, તરંગ ૧૯માં ૭મું અને આઠમું, તરંગ ૨૦માં સારંગપુરનું નવમું, તરંગ ૨૪માં ૧૦મું, તરંગ ૨૫માં ૧૧મું, તરંગ ૨૬માં ૧૨મું, તરંગ ૨૭માં ૧૩મું, તરંગ ૨૮માં ૧૪મું, તરંગ ૨૯માં ૧૫મું, તરંગ ૩૦માં ૧૬મું, તરંગ ૩૧માં ૧૭મું, તરંગ ૩૨ માં ૧૮મું લેવાયું છે. તો, પૂર ૨૩ના તરંગ ૪૫ થી ૭૬માં કારિયાણીનાં ૧૨ વચનામૃત લેવાયાં છે.

'શ્રી હરિચરિત્રામૃત સાગર' ભા-૧૦માં ૨૪ અને ૨૫ પૂર એમ બે પૂર છે. ૨૪ મા પૂરના ૬૮ તરંગ છે અને તેમાં તરંગ ૧ થી ૩૦ સુધીમાં લોયાનાં ૧ થી ૧૮ વચનામૃત વર્ણવાયાં છે. પૂર ૨૫માં ૬૪ તરંગ છે. તરંગ ૧ થી ૭ અને ૪૨ થી ૪૭ માં પંચાળાનાં ૧ થી ૭ વચનામૃત વર્ણવાયાં છે.

'શ્રી હરિચરિત્રામૃત સાગર' ભા-૧૧માં પૂર ૨૬

વચનામૃતના સંપાદકો

વચનામૃત ગઢડા અંત્યના ૩૯માં પ્રકરણને અંતે આપણને વચનામૃતના સંપાદકોના નામ જાણવા મળે છે. એ અંતિમ ફકરો આ પ્રમાણે છે : ''એવી રીતે આ જે સર્વે શ્રીજી મહારાજનાં વચનામૃત તે મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ મુનિ તથા શુક મુનિ એ ચાર સાધુઓએ ભેળા થઈને જેમ સાંભળ્યું છે અને જેમ પોતાની બુદ્ધિ છે તે પ્રમાણે લખ્યાં છે અને શ્રીજી મહારાજ જે તે દિવસ દિવસ પ્રત્યે આવી રીતની અનેક પ્રકારની વાર્તાને કરતા થકા ને પોતાના ભક્તજનને આનંદ ઉપજાવતા થકા શ્રી ગઢડાને વિશે વિરાજમાન હવા. '' ( શાસ્ત્રી કૃષ્ણસ્વરૂપદાસજીનું સંપાદન વડતાલ, ઈ. સ. ૧૯૭૪, પૃ. ૮૧૯)

આમ, વચનામૃતના સંપાદકોનો પ્રથમ ઉલ્લેખ આ ગઢડા અંત્યના અંતિમ ફકરામાં પ્રાપ્ત થાય છે. એના પછી હુડાના શ્લોકો આવે છે , જેમાં પણ સંપાદકો તરીકે આ ચાર સંતોના નામ જ અપાયા છે. હુડાના પ્રથમ બે શ્લોકોમાં આ નામ છે :

मुक्तानन्दश्च गोपालानन्दो मुनिरूदारधीः ।

नित्यानन्दशुकानन्दौ चत्वारो मुनयस्तु ये ॥१॥

एतैः सङ्गत्य लिखितानीत्थं धर्मजनेहरेः ।

वचोडमृतानि सर्वाणि यथामति यथाश्रुतम् ॥२॥

હુડાના શ્લોક-૨માં સંપાદકો લખે છે કે : ધર્મનંદન શ્રી હરિના આ વચનામૃતો જેવા અમે સાંભળ્યા છે અને જેવા અમારી બુદ્ધિ પ્રમાણે અમે સમજ્યા છે તેવા ભેગા મળીને અમે લખ્યા છે.

વળી શ્લોક ૧૨માં પણ લખે છે : અમે ભગવાન શ્રી સ્વામિનારાયણના જે જ્ઞાનોપદેશનું વચનામૃત નામે ગ્રંથ સંપાદન કર્યું છે તેની સંખ્યા ૨૬૨ છે. આ ગ્રંથનું સંપાદન કાર્ય અમે શ્રીજી મહારાજના પ્રત્યક્ષ નિર્દેશ પ્રમાણે કર્યું છે.

મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને શુક મુનિ સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રથમ હરોળના સદગુરુ સંતો હતા. એમની સાધુતા અને વિદ્વતા માટે તેઓ સંપ્રદાયમાં અગ્રણી હતા. શ્રીજી મહારાજે એમને વચનામૃતના સંપાદકો આ માટેની એમની દક્ષતા જાણીને જ

બનાવેલ ને તેમણે શ્રીજી મહારાજના વિશ્વાસને ગૌરવ અપાવે તેવું કાર્ય કર્યું. એમના આ કાર્ય થકી જ વચનામૃત આધુનિક ગુજરાતી ભાષાનો આદ્ય ગ્રંથ ગણાયો. આ ચાર સંપાદકોનું સંપાદન કાર્યએ પણ ગ્રંથ સંપાદનના ઉત્તમ ધોરણો પ્રસ્થાપિત કર્યા. એનો વિચાર કરવાનો ઉપક્રમ છે.

વચનામૃત ગ્રંથમાં શ્રી મુક્તાનંદ સ્વામીએ ૯૦, શ્રી ગોપાળાનંદ સ્વામીએ ૧૧, શ્રી નિત્યાનંદ સ્વામીએ ૨૫ અને શ્રી શુક મુનિએ ૨૧ પ્રશ્નો પૂછ્યા છે. આમ કરવામાં એમણે કોઈ નાનપ નહીં અનુભવેલી. તેમ અન્ય કોઈ શું વિચારશે તે બાબત પણ ધ્યાનમાં ન લીધી. એ સૌમાં આધ્યાત્મિક માર્ગે આગળ વધવાની ઝંખના હતી. માટે જ સંપાદકો બન્યા છતાં પણ આ પ્રશ્નો અને તેના ઉત્તર જેમના તેમ જ સંપાદિત કર્યા. પોતાના પ્રશ્નો અને તેના શ્રીજી મહારાજના ઉત્તરો એમણે પ્રામાણિકતાથી નોંધ્યા છે. વચનામૃત આ થકી પણ ઉલ્લેખનીય બની રહે છે.

વચનામૃતનું સંપાદન આ ચાર સંતોનો પ્રામાણિક પુરુષાર્થ છે. એમણે તો શ્રીજી મહારાજની પ્રસન્નતા અર્થે આ કાર્ય કરેલ. અન્ય કોઈ હેતુ ન હતો. એમને કોઈ મોટપની અપેક્ષા ન હતી. પોતાની આંતરિક સજ્જતા પૂર્ણ કરવા એમને પ્રશ્નો પણ પૂછ્યા. એમના ઉત્તરો અંગે શ્રીજી મહારાજે જે કાંઈ કહ્યું તે સ્વીકાર્યું. આ બાબતે જોવા મળતી તેમની નિખાલસતા અનન્ય બની રહી.

પ્રથમ તો આ ચાર સંતોની સાહિત્યિક વિદ્વત્તા અનુપમ હતી. મુક્તાનંદ સ્વામી એક સાચા મુમુક્ષુ હતા અને સાચા ગુરુની શોધમાં ઘણું ફરેલા. બ્રહ્મ સૂત્ર પર એમણે ભાષ્ય લખેલું. વીસથી વધુ ગ્રંથો અને સેંકડો કીર્તનોના તેઓ રચયિતા હતા. એમની એ સર્જન શક્તિને ધ્યાનમાં લઈ શ્રીજી મહારાજે તેમને જીવનની અંતિમ ક્ષણ સુધી લખતા રહેવાની આજ્ઞા કરેલી જે તેમણે પાળેલી. નિત્યાનંદ મુનિ તો પંડિત હતા. ગાડાં ભરીને પુસ્તકો સાથે રાખતા. અનેક શાસ્ત્રાર્થોમાં વિજયી બની શ્રીજી મહારાજના મતનો જયજયકાર કરેલ. એમના ગ્રંથો સાંપ્રદાયિક તત્વજ્ઞાનને સાચા અર્થમાં રજુ કરે છે. ગોપાળાનંદ સ્વામી તો અષ્ટાંગ યોગી હતા. બાળપણમાં તેઓ ભગવાન શામળાજી સાથે રમતા હતા; એવી એમની પ્રારંભની સ્થિતિ હતી. સહજાનંદ સ્વામીએ એમને બંને દેશના મધ્યસ્થી નિમેલા. ત્રીસથી વધુ ગ્રંથો એમને રચેલા. શુક મુનિ તો સહજાનંદ સ્વામીના લહિયા હતા. એમના કાર્ય થકી તેઓ શ્રીજી મહારાજના મંત્રી સમ બની ગયેલા. આજીવન તેમને શ્રીજી મહારાજના પત્રો, પરિપત્રો અને ગ્રંથો લખ્યાં. સ્વામિનારાયણ સંપ્રદાયનું સાહિત્ય આ ચારની કૃતિઓથી ભર્યું ભર્યું છે.

આમ આ ચારેય સંતો પાસે ધાર્મિક તેમજ સાહિત્યિક સુઝ હતી. અમાપ શક્તિઓ ધરાવતા હોવા છતાં પણ આ ચારેય સંતો સહજાનંદ સ્વામીને મન - કર્મ -વચનથી સમર્પિત હતા. શ્રીજી મહારાજના ઉપદેશને તેઓ બરાબર સમજતા અને ન સમજાય ત્યાં પૂછી પણ લેતા. એ સાથે શ્રીજી મહારાજનો ઉપદેશ તેઓ શ્રી હરિના શબ્દો મુજબ જ ગુજરાતી ભાષામાં નોંધતા રહેતા હતા. એમાં કોઈ ક્ષતિ ન રહે તેની ભારે ચીવટ તેમણે રાખી. એમણે કાળજીપૂર્વક નોંધો કરી જેથી લેખન સચોટ બન્યું. એમના લખાણને શ્રીજી મહારાજે તેથી મહોર મારી.

વચનામૃતની સંખ્યા બાબતે અમદાવાદ દેશ થકી એક વિવાદ ઉભો થયો છે. આ ચાર સંપાદકો માંથી જ્યારે એકલા શુક મુની હયાત હતા ત્યારે તેમને સંપ્રદાયમાં આ બાબતે પૂછવામાં આવેલું કે, "સ્વામી, આપે મહારાજના વચનામૃતોનું સંપાદન કરેલ છે, તો આપ આ ૧૧ વચનામૃતોનું પ્રમાણ આપો કે તે શ્રીજી મહારાજના સ્વમુખે કહેલ છે તેથી તે પણ વચનામૃતોમાં ગ્રાહ્ય વચનામૃતો તરીકે માન્ય થાય." ત્યારે શુક મુનિએ કહ્યું, "આ ૧૧ વચનામૃત શ્રીજી મહારાજે સ્વમુખે કહેલા છે તેમા આશંકાને કોઈ સ્થાન નથી તે પણ હું સ્વીકારું છું, પરંતુ અમે ચાર સંતોએ મળીને મહારાજને વચનામૃતના ખરડાઓ અર્પણ કર્યા હતા. તે તમામ ખરડાઓ ભગવાન શ્રી હરિએ સ્વયં તપાસીને તેમાંથી પસંદ કરીને તારવી તારવીને ૨૬૨ વચનામૃતોને જ વચનામૃત તરીકે ગ્રંથસ્થ કરવાની સંમતિ અને પરવાનગી અમને આપી છે. તેથી ૨૬૨ વચનામૃતો સિવાય કોઈપણ ખરડાઓને વચનામૃત તરીકે અમે સંમતિ આપી શકીએ નહીં. અને અત્યારે ચાર સંપાદક પરમહંસો પૈકી હું એક જ હયાત છું. તે માટે ત્રણ સંતોની સંમતિ વગર હું એકલો સ્વતંત્ર રીતે આ વચનામૃતોની બાબતમાં કોઈપણ પ્રકારનો હસ્તક્ષેપ કરી શકું નહીં." આ ઘટના આ ચાર સંપાદકોની નિષ્ઠાનો ખ્યાલ આપે છે.

શ્રીજી મહારાજ તો હિન્દી-ખડી-ગુજરાતી મિશ્રિત ભાષા બોલતા. શ્રીજી મહારાજની એ વાણીને આ ચાર સંપાદકોએ ગુજરાતીમાં મૂકી. એ સાથે આ સંપાદકોએ તત્કાલીન ગુજરાતી ભાષાને પણ સર્વ સુલભ બનાવી. ધર્મ અને તેની ફિલસુફી જેવા અઘરા વિષયને સામાન્ય માણસ પણ સમજી શકે તેવી ગુજરાતી ભાષા તેમણે લખી. આ એમનું ઉત્તમ પ્રદાન. ગુજરાતી ભાષાના મૂર્ધન્ય સાહિત્યકારોએ આ વાતને દિલથી વધાવી છે. વચનામૃતની ભાષા અધ્યયનનો વિષય બનેલ છે.

સૌથી મહત્વનું પ્રદાન પ્રત્યેક વચનામૃતના પ્રારંભે લખાયેલ પ્રથમ ફકરો છે. આ ફકરા દ્વારા સંપાદકોએ વચનામૃતને જીવંત બનાવ્યું છે. આ ફકરો વાંચી હરિભક્ત ને વાચક બન્ને શ્રીહરિ, તેમનું વ્યક્તિત્વ, તે સ્થળ, તે સમય, ઉપસ્થિત વ્યક્તિઓ વગેરેથી માહિતગાર બને છે. આમ થતા

તેઓને તત્કાલીન સામાજિક, ધાર્મિક અને સાંપ્રદાયિક સ્થિતનો ખ્યાલ આવે છે. આવી વિગતોની ચોક્સાઈએ તો વિદેશી વિદ્વાનોને પણ અચંબામાં મૂકી દીધા. સંપાદકો આ બાબતે પણ પથદર્શક બની રહ્યા છે.

આ ચારેય સંપાદકોને શ્રીજી મહારાજે સંપ્રદાયમાં સદ્‌ગુરૂનું સ્થાન આપેલ. પણ આ સૌ વચનામૃત સંપાદન કાર્યમાં માત્ર આશ્રિત બની રહ્યા. વચનામૃત સંપાદનનું કાર્ય પુરી નિષ્ઠા અને પ્રામાણિકતાથી કર્યું. આ કામ કરતાં પોતાના નામને મહત્વ મળે તેવો એકપણ પ્રયત્ન કર્યો નહિ. ઉલટાનું એવી નોંધ મુક્તા રહયા જેમાં એમના જ્ઞાન અને સૂઝ અંગે જ પ્રશ્ન થાય. જેમકે, 'પછી શ્રીજી મહારાજના પ્રશ્નનું મુક્તાનંદ સ્વામીએ બહુ પ્રકારે સમાધાન કર્યુ પણ થયું નહિ.' ( ગઢડા પ્રથમ ૧૪ ) તો ગ. મ. ૬૬ તથા ગ. અ. ૨૧માં શ્રી ગોપાળાનંદ સ્વામી શ્રી હરિના પ્રશ્નનો ઉત્તર આપી શક્યા નથી એવો ઉલ્લેખ છે. ગ. પ્ર. ૭૧ અને ગ.મ.૬૬માં નિત્યાનંદ સ્વામી ઉત્તર આપી શક્યા નથી.વરતાલ ૩ અને ૪માં મુક્તાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામી પ્રશ્નનું સમાધાન કરી શકતા નથી. વરતાલ ૧૭માં નિત્યાનંદ સ્વામી અને શુક મુનિ પ્રશ્નનું સમાધાન કરી શક્યા નથી. વરતાલ ૨૦માં તો ચારેય સંપાદક સદગુરુ સંતો ઉપરાંત દેવાનંદ સ્વામી પણ પ્રશ્નનો ઉત્તર યથાર્થ આપી શક્યા નથી એવો ઉલ્લેખ છે. ગ.અ.૧૩માં ચારેય સંપાદકો ઉપરાંત ચૈતન્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી પણ પ્રશ્નનો યથાર્થ ઉત્તર કરી શકતા નથી એવો સ્પષ્ટ નિર્દેશ છે. કોઈક વખત ભગવાન શ્રી હરિની કેવળ આજ્ઞાથી તેઓશ્રીને રાજી કરવા જ ઉત્તર આપવાનો પ્રયત્ન કર્યો છે બાકી તો નમ્રભાવે હાથ જોડીને એમ જ બોલ્યા છે કે, 'હે મહારાજ, આ પ્રશ્નનો ઉત્તર તો આપનાથી જ યથાર્થ થશે.' આવી એમની શુદ્ધ ભાવના હતી.

વચનામૃતના લહિયા કે મુખ્ય સંપાદક કોણ હોઈ શકે તેનો પ્રથમ ઉલ્લેખ લોયા ૭માં મળે છેઃ "અને તે સમયમાં વચનામૃતનું પુસ્તક નિત્યાનંદ સ્વામીએ લાવીને શ્રીજી મહારાજને આપ્યું. પછી તે પુસ્તકને જોઈને બહુ રાજી થયા." આમ, નિત્યાનંદ સ્વામીએ વચનામૃત ગ્રંથની પ્રથમ નકલ શ્રીજી મહારાજને આપી. આથી એ પ્રત એમણે લખી હશે એમ માની શકાય.

## વચનામૃતમાં સહજાનંદ સ્વામી જીવન સંદર્ભ

'વચનામૃત' પરથારામાં સહજાનંદ સ્વામીના જીવન કાર્ય અને વ્યક્તિત્વ અંગે વિગતે લખાયું છે. સહજાનંદ સ્વામીના જીવન વિષયક આ પ્રથમ અને શ્રધ્ધેય માહિતી - વચનામૃતના આ સંપાદકો -મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી અને શુક સ્વામીએ ખૂબ જ વિગતે નોંધી છે.

આપણા સૌના સદ્‌નસીબે સહજાનંદ સ્વામીએ પણ 'વચનામૃત' સત્સંગ દરમિયાન સત્સંગના મુદ્દા અનુસાર જ્યારે જરૂર જણાઈ ત્યારે પોતાના જીવન વિષયક પ્રસંગો, માહિતી અને અનુભવ કહ્યા છે. અહીં એ સામગ્રી વિષયાનુસાર સંગ્રહિત કરી છે.

'વચનામૃત'માં સહજાનંદ સ્વામીના જીવન વિષયક સામગ્રી પ્રાપ્ત થાય છે, જે થકી સહજાનંદ સ્વામીના જીવન અને સ્વભાવને એમના જ શબ્દોમાં પામીએ છીએ.

## પૂર્વાશ્રમ

"જે અણસમજુ હોય ને તેણે ભેખ લીધો હોય તો પણ તેને જ્યાં જ્યાં પોતાની જન્મભૂમિ હોય તેને વિષે હેત ટળતું નથી." એમ કહીને પછી પોતાના સાથળને વિષે નાનપણમાં ઝાડનો ખાંપો લાગ્યો હતો તે સર્વેને દેખાડ્યો ને બોલ્યા જે, " આ ચિહ્નને જ્યારે અમે દેખીએ છીએ ત્યારે તે ઝાડ ને તલાવડી સાંભરી આવે છે, માટે જન્મભૂમિ તથા પોતાના સગા સંબંધી તેને અંતરમાંથી વિસારી દેવાં તે ઘણું કઠણ છે." (ગ.પ્ર. ૩૭)

## જીવન

અમે મોટા મોટા વિષ્ણુયાગ કરીએ છીએ તથા જન્માષ્ટમી અને એકાદશી આદિક વ્રતના વર્ષોવર્ષ ઉત્સવ કરીએ છીએ. અને તેમાં બ્રહ્મચારી, સાધુ, સત્સંગીને ભેળા કરીએ છીએ અને જો કોઈક પાપી જીવ હોય અને તેને પણ જો એમની અંતકાળે સ્મૃતિ થઈ આવે, તો તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય." (ગ્ર.પ્ર. ૩)

અમારા હૃદયમાં તો નરનારાયણ પ્રગટ વિરાજે છે અને હું તો અનાદિ મુક્ત જ છું પણ કોઈને ઉપદેશે કરીને મુક્ત નથી થયો. અને મન, બુધ્ધિ, ચિત્ત અને અહંકાર તેમને તો હું પકડી લઉં છું. જેમ સિંહ બકરાને પકડે છે તેની પેઠે એ અંતઃકરણને હું પકડું છું અને બીજાને તો એ અંતઃકરણ દેખ્યામાં પણ આવતાં નથી. (ગ.પ્ર. ૧૮)

'અમારે વ્યાસજીના વચનમાં દ્રઢ પ્રતીતિ છે.' (ગ. પ્ર. ૩૯)

'મારે વર્ણાશ્રમનું લેશમાત્ર માન નથી. ' (ગ. પ્ર. ૪૪)

ઓગણતેરા કાળમાં અમને એક મહિના સુધી જ્યારે નિદ્રા આવે ત્યારે એમ ભાસતું જે, અમે પુરુષોત્તમ પુરીને વિષે જઈને શ્રીજગન્નાથજીની મૂર્તિને વિષે પ્રવેશ કરીને રહ્યા છીએ અને તે મૂર્તિ તો કાષ્ટની જણાય પણ તેને નેત્રે કરીને અમે સર્વને દેખતા અને પૂજારીના ભક્તિભાવ તથા છળકપટ સર્વ દેખતા. (ગ.પ્ર. ૬૮)

અમે રામાનંદસ્વામી પાસે માગી લીધું જે, 'તમારા સત્સંગી હોય તેને એક વીંછીનું દુખ થવાનું હોય તો તે મને એક એક રુવાંડે કોટિ કોટિ વીંછીનું દુખ થાઓ, પણ તમારા સત્સંગીને તે થાઓ નહિ. અને તમારા સત્સંગીને પ્રારબ્ધમાં રામપત્તર લખ્યું હોય, તે રામપત્તર મને આવે પણ તમારા

સત્સંગી અન્ન વસ્ત્રે કરીને દુખી ન થાય. એ બે વર મને આપો. એમ મેં રામાનંદસ્વામી પાસે માંગ્યું ત્યારે મને રામાનંદસ્વામીએ રાજી થઈને એ વર આપ્યો છે. (ગ.પ્ર. ૭૦)

"આપણે તો શ્રીકૃષ્ણનારાયણના દાસ છીએ તે શ્રીકૃષ્ણનારાયણને જેમ ગમે તેમ રાજી રહેવું અને એ શ્રીકૃષ્ણભગવાનની ઈચ્છા હશે તો સત્સંગની વૃધ્ધિ થશે ને જો એમને ઘટાડવો હશે તો ઘટી જશે અને એ ભગવાન આપણને હાથીએ બેસારે તો હાથીએ બેસીને રાજી રહેવું અને ગધેડે બેસારે તો ગધેડે બેસીને પણ રાજી રહેવું અને એ ભગવાનના ચરણારવિંદ વિના બીજે ક્યાંય પ્રીતિ રાખવી નહિ અને એ ભગવાનની ઈચ્છાએ કરીને જેવી રીતે સત્સંગની વૃધ્ધિ થતી જાય તેવી રીતે રાજી રહેવું, પછી એ ભગવાનની ઈચ્છા હોય તો બધું જગત સત્સંગી થાઓ અથવા એની ઈચ્છાએ કરીને સર્વે સત્સંગી મટી જાઓ, પણ કોઈ રીતે હર્ષ શોક મનમાં ધારવો નહિ, એ ભગવાનનું કર્યું સર્વે થાય છે. માટે સૂકું પાંદડું જેમ વાયુને આધારે ફરે છે તેમ એ ભગવાનને આધીન રહીને આનંદમાં એ પરમેશ્વરનું ભજન કરવું અને કોઈ જાતનો મનમાં ઉદ્વેગ આવવા દેવો નહિ. (ગ. પ્ર. ૭૪)

હું રામાનંદ સ્વામી પાસે આવ્યા મોર પણ આત્માને સાક્ષાત દેખતો ને હમણે પણ દેખું છું, તે આત્મા સૂર્યના જેવો પ્રકાશે યુક્ત છે ને આ મારી સર્વે ઈન્દ્રિયોની ક્રિયાને વિષે આત્માનું ક્ષણમાત્ર પણ વિસ્મરણ થયું નથી. પણ એ આત્મદર્શન થવું બહુ કઠણ છે. એવું આત્મદર્શન તો પૂર્વના ઘણાક જન્મના સત્સંસ્કારવાળો કોઈક વિરલો હોય તેને થાય છે. (ગ. મ. ૩૫)

(પછી સ્નાન કરીને શ્વેત વસ્ત્રને ધારણ કરીને પોતાના આસન ઉપર વિરાજમાન થયા અને પોતાનું દેવાર્ચનાદિક જે નિત્યકર્મ તેને કરીને ઉત્તરાદે મુખે શ્રીકૃષ્ણભગવાનને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરતા હતા. તે પ્રતિદિન જેટલાં દંડવત પ્રણામ કરતા તેથી તે દિવસે તો પોતે એક દંડવત્ પ્રણામ અધિક કર્યો. તેને જોઈને શુકમુનિએ પૂછ્યું જે, "હે મહારાજ! આજ તમે એક પ્રણામ અધિક કેમ કર્યો?") ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા, જે "નિત્ય પ્રત્યે તો અમે શ્રીકૃષ્ણભગવાનને નમસ્કાર કરીને એમ કહેતા જે, 'હે મહારાજ! આ દેહાદિકને વિષે અહંમમત્વ હોય તેને તમે ટાળજ્યો' અને આજ તો અમને એવો વિચાર થયો

જે, 'ભગવાનના ભક્તનો મને, વચને અને દેહે કરીને જે કાંઈક જાણે અજાણે દ્રોહ થઈ આવે ને તેણે કરીને જેવું આ જીવને દુખ થાય છે તેવું બીજે કોઈ પાપે કરીને થતું નથી.' માટે જાણે અજાણે મને, વચને, દેહે કરીને જે કાંઈ ભગવાનના ભક્તનો દ્રોહ બની આવ્યો હોય તેનો દોષ નિવારણ કરાવ્યા સારું એક દંડવત પ્રણામ અધિક કર્યો અને અમે તો એમ જાણ્યું છે જે, 'ભગવાનના ભક્તના દ્રોહે કરીને જેવું આ જીવનું ભૂંડું થાય છે ને એ જીવને કષ્ટ થાય છે, તેવું કોઈ પાપે કરીને નથી થતું અને ભગવાનના ભક્તની મને, વચને, દેહે કરીને જે સેવા બની આવે ને તેણે કરીને જેવું આ જીવનું રૂડું થાય છે ને એ ભગવાનના ભક્તનો જે દ્રોહ થાય છે, તે લોભ, માન ઈર્ષ્યા અને ક્રોધ એ ચારે કરીને થાય છે અને ભગવાનના ભક્તનું જે સન્માન થાય છે તે જે જેમાં એ ચાર વાનાં ન હોય તેથી થાય છે. માટે જેને આ દેહે કરીને પરમ સુખીયા થવું હોય ને દેહ મૂક્યા કેડે પણ પરમ સુખીયા થવું હોય, તેને ભગવાનના ભક્તનો મને, વચને દેહે કરીને દ્રોહ ન કરવો અને જો ભગવાનના ભક્તનો કાંઈક દ્રોહ થઈ જાય તો તેની વચને કરીને પ્રાર્થના કરવી ને મને કરીને ને દેહે કરીને તેને દંડવત પ્રણામ કરવા ને ફરીને દ્રોહ ન થાય, એવી રીતે વર્ત્યાનો આદર કરવો પણ એકવાર દ્રોહ કરીને દંડવત પ્રણામ કર્યા ને વળી ફરી દ્રોહ કરીને દંડવત પ્રણામ કરવા, એવી રીતે વર્તવું નહિ અને આ વાર્તા દાડી સાંભરતી રહે તે સારું આજથી સર્વે સંત તથા સર્વે હરિભક્તમાત્ર એવો નિયમ રાખજ્યો જે, ભગવાનની પૂજા કરીને પોતાના નિત્ય નિયમના જે દંડવત પ્રણામ હોય તે કરવા ને તે પછી બધા દિવસમાં જે કાંઈ જાણે અજાણે મને, વચને, દેહે કરીને ભગવાનના ભક્તનો દ્રોહ થયો હોય તેનું નિવારણ કરાવવા સારુ એક દંડવત પ્રણામ નિત્યે કરવો.' એમ અમારી આજ્ઞા છે, તેને સર્વે પાળજ્યો." (ગ. મ. ૪૦)

'વંદુ સહજાનંદ રસરૂપ અનુપમ સારને રે લોલ' એ ગાવતા હતા. પછી જ્યારે ગાઈ રહ્યા ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, 'બહુ સારા કીર્તન ગાયા, આ કીર્તનને સાંભળીને તો અમારાં મનમાં એમ વિચાર થયો જે, 'આવી રીતે એને ભગવાનની મૂર્તિનું ચિંતવન છે. માટે એ સાધુને તો ઉઠીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીએ' (ગ. મ. ૪૮)

જ્યારે અમે અગનોતેરાની સાલમાં માંદા થયા હતા, ત્યારે કૈલાસ ને વૈકુંઠ દેખ્યામાં આવ્યાં ને નંદીશ્વરની અસવારી ને ગરુડની અસવારી પણ અમે કરી. એમ અમારા દીઠામાં આવ્યું પણ તે સામર્થીમાં અમને કાંઈ સારું લાગ્યું નહિ. પછી તો અમે કેવળ સત્તારૂપે રહેવા માંડ્યું ત્યારે સર્વે ઉપાધિની શાંતિ થઈ; પછી તેમાં પણ અમને એમ વિચાર થયો જે, 'સત્તારૂપે રહેવું તેથી પણ ભગવાન ને ભગવાનના ભક્ત ભેળે દેહ ધરીને રહેવું એ શ્રેષ્ઠ છે.' માટે અમને એમ બીક લાગી જે, 'રખે સત્તારૂપે રહીએ ને પાછો દેહ ન ધરાય.' માટે દેહ ધરીને ભગવાન ને ભગવાનના ભક્તની ભેળે રહીએ ને તે અર્થે જે સેવા બની આવે એ જ અતિશય શ્રેષ્ઠ સાધન છે. (ગ. મ. ૬૩)

## વનવિચરણ

" અમે વેંકટાદ્રિથી સેતુબંધ રામેશ્વર જતા હતા ત્યાં એક સેવકરામ નામે સાધુ હતો. તે શ્રીમદ્ભાગવતાદિક પુરાણને ભણ્યો હતો. તે માર્ગમાં ચાલતાં માંદો પડ્યો, તેની પાસે રૂપિયા હજારની સોનામહોર હતી પણ ચાકરીનો કરનારો કોઈ નહિ માટે રોવા લાગ્યો. પછી તેને અમે કહ્યું, જે કાંઈ ચિંતા રાખશો માં, તમારી ચાકરી અમે કરીશું. પછી ગામને બહાર એક કેળાંની ફુલવાડી હતી તેમાં એક વડનું વૃક્ષ હતું. તે વડના વૃક્ષને વિષે હજાર ભૂત રહેતા પણ તે સાધુ તો ચાલી શકે એવો રહ્યો નહિ અને અતિશય માંદો થયો, તે ઉપર અમને અતિશય દયા આવી. પછી તે ઠેકાણે અમે તે સાધુને કેળનાં પત્ર લાવીને હાથ એક ઊંચી પથારી કરી આપી અને તે સાધુને લોહીખંડ પેટબેસણું હતું તેને અમે ધોતા અને ચાકરી કરતા અને તે સાધુ પોતાને જેટલું જોઈએ તેટલું અમારી પાસે ખાંડ, સાકર, ઘી, અન્ન તે પોતાના રૂપિયા આપીને મંગાવતો, તે અમો લાવીને રાંધી ખવરાવતા અને અમો વસ્તીમાં જઈને જમી આવતા અને કોઈક દિવસ તો અમને વસ્તીમાં અન્ન મળતું નહિ, ત્યારે અમારે ઉપવાસ થતો તો પણ કોઈ દિવસ તે સાધુએ અમને એમ કહ્યું નહિ જે, 'અમ પાસે દ્રવ્ય છે તે આપણે બેને કાજે રસોઈ કરો અને તમે પણ અમ ભેળા જમો.' પછી એમ સેવા કરતે થકે તે સાધુ બે માસે કાંઈક સાજો થયો. પછી સેતુબંધ રામેશ્વરને માર્ગે ચાલ્યા, ત્યારે તેનો ભાર મણ એક હતો તે અમારી પાસે ઉપડાવતો અને પોતે તો એક માળા લઈને ચાલતો અને દેહે પણ સાજો અને એક શેર ઘી જમીને પચાવે એવો સમર્થ થયો તો પણ ભાર અમારી પાસે ઉપડાવે અને પોતે અમથો ચાલે અને અમારી પ્રકૃત્તિ તો એવી હતી જે, 'ભાર નામે તો એક રૂમાલ પણ રાખતા નહિ.' માટે તેને સાધુ જાણીને અમે ચાકરી કરીને સાજો કર્યો પણ તે સાધુએ અમને એક પૈસાભાર અન્ન આપ્યું નહિ, પછી અમે તેને કૃતઘ્ની જાણીને તેના સંગનો ત્યાગ કર્યો. એવી રીતે જે મનુષ્ય કર્યા કૃત્યને ન જાણે તેને કૃતઘ્ની જાણવો, અને કોઈક મનુષ્યે કાંઈક પાપ કર્યું હોય તેને તેણે તે પાપનું યથાશાસ્ત્ર પ્રાયશ્ચિત કર્યું હોય અને વળી તેને તે પાપે યુક્ત જે કહે તેને પણ તે કૃતઘ્ની જેવો પાપી જાણવો." (ગ.પ્ર. ૧૦)

અમે જે જે સાધન કર્યા હતા તેને વિષે કોઈ રીતે દેહ રહેજ નહિ ને તેમાં પણ દેહ રહ્યો તેને પ્રારબ્ધ કહીએ તે શું? તો અમે શ્રીપુરુષોત્તમપુરીમાં રહેતા ત્યારે કેટલાક માસ સુધી તો વાયુ ભક્ષણ કરીને રહ્યા તથા ત્રણ ચાર ગાઉના પહોળા પટવાળી એક નદી હતી તેને વિષે એકવાર શરીર તણાતું મેલ્યું તથા શિયાળો, ઉનાળો ને ચોમાસું તેને વિષે છાયા વિના એક કૌપીનભર રહેતા તથા ઝાડીને વિષે વાઘ, હાથી તથા અરણાપાડા તેની ભેળે ફરતા, એવા અનંત વિકટ ઠેકાણાં તેને વિષે ફર્યા તો પણ કોઈ રીતે દેહ પડ્યો નહિ, ત્યારે એવે ઠેકાણે તો પ્રારબ્ધ લેવું. (ગ.પ્ર. ૨૯)

જ્યારે અમે નાના હતા ત્યારે એમ સાંભળ્યું હતું, જે, 'વીર્ય તો પરસેવા દ્વારે કરીને પણ નીકળી જાય છે.' પછી તે વીર્યને ઊર્ધ્વ રાખવાને સારુ અમે બે પ્રકારની જલબસ્તિ શિખ્યા હતા અને કુંજરક્રિયા શિખ્યા હતા અને કામને જીત્યા સારુ કેટલાક આસન શિખ્યા હતા અને રાત્રિએ સુતા ત્યારે ગોરખ આસન કરીને સુતા, જેણે કરીને સ્વપ્નમાં પણ વીર્યનો પાત થવા પામે નહિ. પછી તે કામ જીત્યાનું એવું સાધન કર્યું જે, 'શરીરમાંથી પરસેવો જ નીકળે નહિ અને ટાઢ તડકો પણ લાગે નહિ.' પછી અમે રામાનંદ સ્વામી પાસે આવ્યા ત્યારે સ્વામીએ પરસેવો વળ્યા સારુ બધે શરીરે આવળના પાટા બંધાવ્યા હતા તો પણ શરીરમાં પરસેવો આવ્યો નહિ. (ગ. પ્ર. ૭૩)

## સ્વભાવ

અમે જે કોઈને હેતે કરીને બોલાવીએ છીએ તે તો તેના જીવના રૂડા સારું બોલાવીએ છીએ અથવા કોઈને હેતે કરીને સામું જોઈએ છીએ અથવા કોઈ સારાં ભોજન કરાવે છે તેને જમીએ છીએ અથવા કોઈ ઢોલિયો બિછાવી દે છે તે ઉપર બેસીએ છીએ અથવા કોઈ વસ્ત્ર આભૂષણ તથા પુષ્પના હાર ઈત્યાદિક જે જે પદાર્થ લાવે છે તેને અંગીકાર કરીએ છીએ, તે તો તેના જીવના રૂડા વાસ્તે કરીએ છીએ, પણ અમારા સુખને વાસ્તે કરતા નથી, અને જો અમારા સુખને વાસ્તે કરતા હોઈએ તો અમને શ્રીરામાનંદ સ્વામીના સમ છે. (ગ.પ્ર. ૧૮)

તે અમારા સ્વભાવને તો જે અતિશય અમારે ભેળા રહ્યા હશે તે જાણે છે અને જે છેટે રહે છે તેને અમારે સ્વભાવ જાણ્યામાં આવતો નથી અને આ મુકુંદબ્રહ્મચારી છે તે ભોળા જેવા જણાય છે તો પણ અમારા સ્વભાવને યથાર્થ જાણે છે જે, 'મહારાજ તો આકાશ જેવા નિર્લેપ છે અને એમને કોઈ પોતાનું પણ નથી અને પારકું પણ નથી.' અને એવી રીતે જો અમારા સ્વભાવને જાણે છે. (ગ.પ્ર. ૭૩)

જે બુધ્ધિમાન છે તે તો અમારે સમીપે રહીને અમારી સર્વ પ્રકૃતિને જાણે છે જે જેટલા સંસારમાં મોહ ઉપજાવવાનાં પદાર્થ, ધન, સ્ત્રી, અલંકારાદિક તથા ખાનપાનાદિક છે; તે કોઈમાં મહારાજને હેત નથી અને મહારાજ તો સર્વ થકી ઉદાસી છે, અને કોઈકને દયા કરીને પાસે બેસવા દે છે. જ્ઞાનવાર્તા કરે છે, તે તો કેવળ તેના જીવના કલ્યાણને અર્થે દયા કરીને કરે છે' અને જે મૂર્ખ હોય તે તો પાસે રહે તો પણ અમારા સ્વભાવને એમ ન જાણે અને છેટે રહે તે પણ એમ ન જાણે. (ગ.પ્ર. ૭૩)

"આટલા આટલાં વર્ષ થયાં તેમાં અમારે અર્થે કેટલાક હરિભક્ત વસ્ત્ર તથા હજારો રૂપિયાના અલંકાર લાવે

છે, પણ અમે આવી રીતે કોઈ સામા જઈને લેતા નથી અને આવી રીતે કોઈનાં વસ્ત્રઘરેણાં પહેરીને રાજી થયા નથી, અને આજ તો અમારે એ હરિભક્ત ઉપર અતિશય રાજીપો થયો.'' પછી મુનિ બોલ્યા જે, ''એવા જ એ પ્રેમી હરિભક્ત છે''. એવા સમામાં દીનાનાથભટ્ટ આવીને શ્રીજીમહારાજને પગે લાગીને બેઠા. પછી શ્રીજી મહારાજે ભારે ભારે વસ્ત્ર હતા તે સર્વે દીનાનાથ ભટ્ટને આપ્યાં.'' (કરિયાણી ૬)

અમારા સ્વભાવને તો મૂળજી બ્રહ્મચારી ને સોમલો ખાચર આદિક જે હરિજન છે તે કેટલાક વર્ષથી અમારી પાસે રહે છે તે જાણે છે, જે મહારાજને એક પ્રભુના ભક્ત વિના કોઈ સંઘાથે હેત સંબંધ નથી ને મહારાજ તો આકાશ સરખા નિર્લેપ છે એમ નિરંતર અમારે પાસેના રહેનારા છે તે અમારા સ્વભાવને જાણે છે અને અમે તો જે મન, કર્મ, વચને પરમેશ્વરના ભક્ત છે તેના અર્થે અમારો દેહ પણ શ્રીકૃષ્ણાર્પણ કરી રાખ્યો છે. માટે અમારે તો સર્વ પ્રકારે જે કોઈ ભગવાનના ભક્ત છે તે સંઘાથે સંબંધ છે, ને ભગવાનના ભક્ત વિના તો અમારે ચૌદલોકની સંપત્તિ તે તૃણખલા જેવી છે. (કરિયાણી ૬)

'જેને જે વાતનો ઈશક હોય ને તે વચમાં હજારો અંતરાય આવે તો પણ તે અંતરાયનો રોક્યો રોકાય નહિ, ત્યારે તેનો સાચો ઈશક જાણવો, જુવોને અમે એકવીશ વર્ષ થયાં શ્રીરામાનંદ સ્વામી પાસે આવ્યા છીએ. તેમાં અનંત ભાતનાં વસ્ત્ર તથા અલંકાર તથા ખાનપાનાદિક તેણે કરીને સેવાના કરનારા અનંત ભક્ત મળ્યા છે પણ અમારું મન કોઈ પદાર્થમાં લોભાણું નથી, શા માટે જે અમારે ત્યાગનો જ ઈશક છે.' (કારિયાણી ૧૦)

અમારો સ્વભાવ કેવો હતો? તો 'ગોદોહનમાત્ર એક સ્થાનકમાં રહેવાય, પણ વધુ રહેવાય નહિ, એવાં ત્યાગી હતા અને વૈરાગ્ય અતિશય હતો ને શ્રીરામાનંદ સ્વામી ઉપર હેત પણ અસાધારણ હતું તોપણ સ્વામીએ ભુજનગરથી કહી મોકલ્યું જે, 'જો સત્સંગમાં રહ્યાનો ખપ હોય તો થાંભલાને બાથ લઈને પણ રહેવું પડશે.' એમ મયારામ ભટ્ટે આવીને કહ્યું; ત્યારે અમે થાંભલાને બાથ લીધી, ત્યાર પછી તેમણે કહ્યું જે, 'મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહો.' પછી અમે સ્વામીના દર્શન થયા મોર નવ મહિના સુધી મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહ્યા.' (લોયા ૩)

અમારો દયાળુ સ્વભાવ છે, તો પણ જે હરિભક્તનો દ્રોહી હોય તેનો તો અમારે અભાવ આવે છે અને હરિભક્તનું ઘસાતું જો કોઈ બોલ્યો હોય અને એને જો હું સાંભળું, તો તે સાથે હું બોલવાને ઘણો ઈચ્છું પણ બોલવાનું મન જ થાય નહિ. અને જે ભગવાનના ભક્તની સેવા ચાકરી કરે તે ઉપર તો અમારે અતિશય રાજીપો થઈ જાય છે અને અમારી પ્રકૃત્તિ એમ છે જે, 'થોડીક વાતમાં કુરાજી પણ ન થઉં ને થોડીક વાતમાં રાજી પણ ન થઉં અને જ્યારે જેમાં રાજી થયાનો કે, કુરાજી થયાનો સ્વભાવ બહુ દિવસ સુધી જોઉં છું, ત્યારે રાજીપો ને રાજીપો થાય છે, પણ કોઈને કહ્યા સાંભળ્યા થકી કોઈની ઉપર કુરાજીપો કે કુરાજીપો થતો નથી અને જેનો જેટલો ગુણ મારા મનમાં જણાઈ જાય છે, તેટલો તેનો ગુણ આવે છે અને મારે તો એજ અંગ છે જે, 'જો ભગવાનનો ખરેખરો ભક્ત હોય તો હું તો તે ભગવાનના ભક્તનો પણ ભક્ત છું અને હું ભગવાનના ભક્તની ભક્તિ કરું છું' એ જ મારે વિષે મોટો ગુણ છે અને એટલો ગુણ જેમાં ન હોય તો તેમાં કોઈ જાતની મોટ્યપ શોભે નહિ.' (ગ. મ. ૨૮)

''અમને તો જે પદાર્થમાં હેત જણાય તો તેનો ત્યાગ કરીએ ત્યારે સુખ થાય અને ભગવાનના ભક્ત વિના જે મનુષ્યમાત્ર અથવા પ્રદાર્થ માત્ર તેની જો મનમાં સ્મૃતિ થઈ હોય તો તેથી અતિશય છેટું કરીએ, ત્યારે સુખ થાય અને જો ભગવાનનો ભક્ત હોય તો તેનો કોઈ રીતે કરીને હૈયામાં અભાવ આવે જ નહિ અને અમારે વગર ઈચ્છે પણ પંચવિષય છે, તે જોરાવરીએ આવીને પ્રાપ્ત થાય છે, તો પણ તેને અમે ઈચ્છતા નથી અને પગે કરીને ઠેલી નાંખીએ છીએ અને જે દિવસ થકી અમે જન્મ્યા છીએ તે દિવસથી કરીને આજ દિવસ પર્યંત કોઈ દિવસ જાગ્રતમાં અથવા સ્વપ્રમાં દ્રવ્યનો કે સ્ત્રીને ભૂંડો ઘાટ થયો હોય તો આ સમગ્ર પરમહંસના સમ છે અને એવી રીતે અમે સદાય નિર્દોષપણે છીએ ને જે અમારે વિષે દોષબુધ્ધિ કરશે તો તેને જાગ્રતમાં તથા સ્વપ્નમાં ભૂંડા ઘાટ થશે ને તેને દેહ મૂક્યા સમે બહુ કષ્ટ થશે. અને અમારા અંતરમાં તો એક ભગવાનના સ્વરૂપનું જ ચિંતવન રહે છે અને ઉપરથી તો ભગવાનના ભક્ત હોય તેના જીવનું સારું થાય તે સારુ હળીમળીને રહીએ છીએ અને જે દિવસ અમારા હૈયામાં ભગવાન ને ભગવાનના ભક્ત વિના બીજે ક્યાંઈ હેત જણાશે તો અમે એમ માનીશું જે, 'અમે અમારી સ્થિતિમાંથી ડગ્યા.' પણ અમને એવો નિશ્ચય છે જે, અમે એ સ્થિતિમાંથી ડગીએ જ નહિ.'' (ગ. મ. ૩૩)

આ મૂળજી બ્રહ્મચારી છે, તે અતિશય દ્રઢ નિષ્કામી છે, તો અમને એની કરેલી સેવા અતિશય ગમે છે અને બીજો કોઈ સેવા ચાકરી કરે, તો તે ગમતી નથી. અને અમે જે જે વાર્તા કરીએ છીએ, તેને વિષે પણ નિષ્કામી વર્તમાનનું જ અતિશય પ્રતિપાદન થાય છે. અને અમે જે દિવસ થકી પ્રકટ થયા છીએ, તે દિવસ થકી નિષ્કામી વર્તમાનને જ અતિશય દ્રઢ કરતા આવીએ છીએ. અને સભા બેઠી હોય ત્યાં કોઈક સ્ત્રી અથવા પુરુષ તેને જોયામાં ફેર પડે ત્યારે એ ગમે તેટલી યુક્તિ કરીને સંતાડે તો પણ અમને જણાયા વિના રહે જ નહિ, ત્યારે અમારો તે મનુષ્ય ઉપર અતિશય કુરાજીપો થઈ જાય છે અને અમારું મુખ પણ શ્યામળું થઈ જાય છે અને તેનું દુઃખ તો અતિશય લાગે છે. પણ મહોબત જાણીને ઝાઝું કહેવાય નહિ

અને વળી સાધુ દાવો છે. માટે હૈયામાં સમજી રહીએ છીએ, પણ જો રાજાનાં જેવી રીત હોય તો તેને માથે ઝાઝો દંડ થાય. માટે સર્વ મોટા પરમહંસ તથા મોટી મોટી બાઈઓ તેને અમે મોર્યથી જ કહી રાખ્યું છે જે, 'સત્સંગમાં કોઈ પુરુષને તથા કોઈ સ્ત્રીને કદાચિત જો નિષ્કામી વર્તમાનમાં ફેર પડે તો અમને સંભળાવશો મા. 'શા માટે જે, જ્યારે અમે એવી વાર્તા સાંભળીએ ત્યારે જેમ વાંઝિયાને ઘેર દીકરો આવ્યો હોય ને તે મરી જાય ને તેને જેવો શોક થાય તેવો અમારે પણ શોક થાય છે તથા મનમાં એમ વિચાર થઈ જાય છે, 'બધા સત્સંગને મૂકીને જતા રહીએ.' માટે જે નિષ્કામી વર્તમાન રાખે તે જ અમને વહાલો છે અને તેને ને અમારે આ લોક પરલોકમાં દ્રઢ મેળાપ રહે છે. (ગ. મ. ૩૩)

"લ્યો, અમે અમારામાં એવા સ્વાભાવિક ગુણ રહ્યા છે, તે કહીએ જે, એક તો અમારે એમ વર્તે છે, જે પંચ પ્રકારના વિષય સંબંધી જે જે પદાર્થ છે, તેનો દેહે કરીને સૂઝે એટલો યોગ થાય તો પણ તેનો મનમાં ઘાટ ન થાય તથા સ્વપ્નમાં પણ ન આવે. અને બીજો એમ જે બહારથી સૂઝે એટલી પ્રવૃત્તિમાં રહ્યા હોઈએ પણ જ્યારે અંતદ્રષ્ટિ કરીને પોતાના આત્મા સામું જોઈએ તો કાચબાનાં અંગની પેઠે સર્વે વૃત્તિ સંકોચાઈને આત્મસ્વરૂપને પામી જાય ને પરમ સુખરૂપે વર્તાય અને ત્રીજો એમ જે ચૈતન્યરૂપ ને તેજોમય એવું જે ભગવાનનું અક્ષરધામ છે, તેમાં સદા સાકાર મૂર્તિ એવા શ્રીકૃષ્ણ - વાસુદેવ વિરાજમાન છે ને તે સાકાર થકા જ સર્વના કર્તા છે પણ નિરાકાર થકી તો કાંઈ થતું નથી, એવી રીતે સાકારની દૃઢ પ્રતીતિ છે, તે કેટલાક વેદાંતના ગ્રંથ વંચાવ્યા ને સાંભળ્યા તો પણ એ પ્રતીતિ ટળી નહિ અને ચોથો એમ જે, જે કોઈ બાઈ ભાઈ હોય ને તેની કોરનું એમ મારે જાણ્યામાં આવે જે, 'આ તો ઉપરથી દંભે કરીને ભગવાનની ભક્તિ કરે છે પણ એ સાચો ભગવાનનો ભક્ત નથી.' તો તેને દેખીને મન રાજી ન થાય ને તેની સાથે સુવાણ્ય પણ ન થાય ને જે ખરેખરો ભગવાનનો ભક્ત હોય તેને દેખીને જ મન રાજી થાય ને તેની સાથે જ સુવાણ્ય થાય. એ ચાર ગુણ અમારે વિષે સ્વાભાવિકપણે રહ્યા છે, તે કહ્યા." (ગ. મ. ૩૯)

વળી જેમ પોતાની સેવા ગૃહસ્થ કરે છે, અથવા ત્યાગી સેવા કરે છે, તેમ આપણે પણ હરિભક્તનું માહાત્મ્ય જાણ્યું જોઈએ જેમ અમારી ચાકરી મૂળજી બ્રહ્મચારી માહાત્મ્ય જાણીને કરે છે તેમ અમે પણ બ્રહ્મચારીનું માહાત્મય જાણીએ છીએ. જેમ આપણી ગૃહસ્થ અન્નવસ્ત્રે કરીને ચાકરી કરે છે તેમ આપણે પણ એમનું માહાત્મય સમજીને એમની વાતચીતે કરીને ચાકરી કરવી, એમ અરસપરસ માહાત્મ્ય સમજીને હરિભક્તની સોબત્ય રાખવી. (ગ. મ. ૪૭)

"આજ તે અમારું જે રહસ્ય છે, તે તમને સર્વેને અમારા જાણીને કહીએ છીએ જે, જેમ નદીઓ સમુદ્રને વિષે લીન થાય છે અને જેમ સતી ને પતંગ તે, અગ્નિને વિષે બળી જાય છે અને જેમ શૂરો રણને વિષે ટુક ટુક થઈ જાય છે, તેમ એકરસ પરિપૂર્ણ એવું જે બ્રહ્મસ્વરૂપ તેને વિષે અમે અમારા આત્માને લીન કરી રાખ્યો છે. અને તે તેજોમય એવું જે અક્ષરબ્રહ્મ, તેને વિષે મૂર્તિમાન એવા તે પુરુષોત્તમભગવાન ને તે ભગવાનના જે ભક્ત તે સંગાથે અખંડ પ્રીતિ જોડી રાખી છે અને તે વિના કોઈ પદાર્થમાં પ્રીતિ નથી એવું અમારે અખંડ વર્તે છે અને ઉપરથી તો અમે અતિશય ત્યાગનો ફૂંફવાડો જણાવતા નથી પણ જ્યારે અમે અમારા અંતર સામું જોઈને બીજા હરિભક્તના અંતર સામું જોઈએ છીએ, ત્યારે મોટા મોટા પરમહંસ તથા મોટીમોટી સાંખ્યયોગી બાઈઓ એ સર્વેને કાંઈકે જગતની કોરનો લોચો જણાય, પણ અમારા અંતરને વિષેતો ક્યારેય સ્વપ્નમાં પણ જગતની કોરનો ઘાટ થતો નથી અને ભગવાન ને ભગવાનના ભક્તની ભક્તિમાંથી અમને પાડવાને અર્થે કોઈ સમર્થ નથી; એમ જણાય છે અને જે દિવસ ભગવાનની પ્રાપ્તિ નહોતી થઈ તે દિવસ પણ ભગવાનની શક્તિ જે કાળ, તે પણ આ જીવનો નાશ કરી શક્યો નથી અને કર્મ પણ નાશ કરી શક્યાં નથી અને માયા પણ પોતાને વિષે લીન કરી શકી નથી અને હવે તો ભગવાન મળ્યા છે, માટે કાળ, કર્મ, માયાનો શો ભાર છે? એમ જાણીને એવી હિંમત બાંધી છે જે, 'હવે તો ભગવાન ને ભગવાનના ભક્ત વિના કોઈને વિષે પ્રીતિ રાખવી નથી.' અને જે અમારી સોબત રાખશે તેનેં હૃદયમાં પણ કોઈ જાતનો લોચો રહેવો દેવો નથી. શા માટે જે, જેને મારા જેવો અંતરનો દ્રઢાવ હોય તે સાથે જ અમારે બને છે અને જેના હૃદયમાં જગતનાં સુખની વાસના હોય તે સંગાથે તો અમે હેત કરીએ તો પણ થાય નહિ. માટે જે નિર્વાસનિક ભગવાનના ભક્ત હોય તે જ અમને વહાલા છે. એ અમારાં અંતરનું રહસ્ય છે," (ગ. મ. ૫૦)

મુકુંદ બ્રહ્મચારી તથા રતનજી એ બે મુંઝાતા નથી, તો એમની સાથે અમારે ઘણું બને છે અને વળી જે શ્રધ્ધાઓ સહિત સેવા ચાકરી કરે તે અમને ગમે અને શ્રધ્ધા વિના તો કોઈ જમ્યાનું લાવે તો તે જમ્યાનું ગમે નહિ અને વસ્ત્ર લાવે તો તે વસ્ત્ર ઓઢવું ગમે નહિ અને પૂજા લાવે તો પૂજા ગમે નહિ અને શ્રધ્ધાએ કરીને કરે તે અતિશય ગમે અને શ્રધ્ધાએ કરીને ભક્તિ કરતો હોય ને બીજો કોઈક તેમાં ભક્તિ કરવા આવે ને તેની ઉપર ઈર્ષ્યા કરે તો અમને ન ગમે. માટે શ્રધ્ધાએ સહિત ને ઈર્ષ્યાએ રહિત જે ભક્તિ કરે તે અમને અતિશે ગમે છે. (ગ. મ. ૫૨)

જ્યારે અમારે બાળ અવસ્થા હતી ત્યારે પણ દેવમંદિર હોય ત્યાં દર્શને જવું, કથાવાર્તા સાંભળવી, સાધુનો સમાગમ કરવો, તીર્થ કરવા જવું, એવી વાર્તા ગમતી. અને જ્યારે ઘર મૂકીને નીસર્યા ત્યારે તો વસ્ત્ર રાખવું પણ ગમતું નહિ અને વનમાં જ રહેવું ગમતું અને બીક તો લેશમાત્ર

લાગતી જ નહિ અને વનને વિષે મોટાં મોટાં સર્પ, સિંહ, હાથી ઈત્યાદિક અનંત જનાવર દીઠામાં આવ્યાં, પણ કોઈ પ્રકારે હૈયામાં મરવાની તો બીક જ લાગતી નહિ. એવી રીતે મહાવનને વિષે સદા નિર્ભય રહેતા. પછી તીર્થને વિષે ફરતા ફરતા શ્રીરામાનંદ સ્વામી પાસે આવ્યા અને પછી શ્રી રામાનંદ સ્વામી જ્યારે અંતર્ધાન થયા તે કેડે સત્સંગનું રૂડું થવાને અર્થે કાંઈક બીક રાખવા માંડી, પણ અતંરમાં અખંડ વિચાર એવો રહે છે, જેમ મનુષ્યને મુવા ટાણે પથારી ઉપર સિવાર્યો હોય ત્યારે તે મનુષ્યમાંથી સહુને પોતાના સ્વાર્થની વાસના ટળી જાય છે અને તે મરનારને પણ સંસાર થકી મન ઉદાસ થઈ જાય છે. તેમનું તેમ અમારે પોતાની કોરનું અને બીજાની કોરનું અંત અવસ્થા જેવું સદા વર્તે છે અને જેટલું માયિક પદાર્થ માત્ર છે, તે સર્વે નાશવંત ને તુચ્છ સરખું જણાયા કરે છે; પણ એમ વિક્તિ નથી જણાતી જે, 'આ સારું પદાર્થ છે ને આ ભૂંડું પદાર્થ છે' જેટલાં માયિક પદાર્થ માત્ર છે, તે તો સર્વે એક સરખાં જણાય છે . જેમ કાખના મુવાળા છે, તેમાં સારો કયો ને નરસો કયો? તેતો સારો નરસો સહુ એક પાડમાં છે. તેમ માયિક પદાર્થ પણ સર્વે સરખાં છે અને અને કાંઈક સારું નરસું જે કહીએ છીએ, તે તો ભગવાનના ભક્તને સારું લગાડવાને અર્થે કહીએ છીએ જે, આ સારું ભોજન છે, આ સારાં પુષ્પ છે. આ સારું ઘરેણું છે, આ સારું ઘર છે, આ સારું ઘોડું છે, આ સારાં પુષ્પ છે. તે ભક્તને સારું લાગે તે સારું કહીએ છીએ અને અમારી સર્વે ક્રિયા નથી અને ભગવાનના જે એકાંતિક ભક્ત હોય તેનું જે મન તે ભગવાનના સ્વરૂપનું જ ચિંતવન કરે અને વાણી તે ભગવાનના યશને જ ગાય અને હાથ તે ભગવાન કે ભગવાનના સ્વરસ્રનું જ ચિંતવન કરે અને વાણી તે ભગવાનના યશને જ ગાય અને કાન તે ભગવાન કે ભગવાનના યશને જ સાંભળે. એમ ભગવાનની ભક્તિ જાણીને જે જે ક્રિયા કરીએ છીએ તે થાય છે, પણ એ ભગવાનની ભક્તિ વિના તો અમે સર્વ પદાર્થમાંથી ઉદાસી છીએ. જેમ કોઈક મોટો રાજા હોય ને તેને એક જ દીકરો હોય અને તે રાજા સાઠ્ય સિત્તેર વર્ષનો થાય ને પછી તેનો દીકરો મરી જાય ત્યારે તે રાજાનું મન સર્વ પદાર્થમાંથી ઉદાસ થઈ જાય. તેમ અમારે પણ ખાતાં, પીતાં, ઘોડે ચઢતાં, રાજી કુરાજીપણામાં સર્વે કાળે મન ઉદાસી જ રહે છે. અને અંતરમાં એમ વિચાર રહે છે જે, 'આપણે તો દેહ થકી પૃથક આત્મા છીએ, પણ દેહ જેવા નથી'. અને વળી અંતરમા એમ વિચાર રહ્યા કરે છે જે, આત્માને વિષે રખે રજોગુણ, તમોગુણ આદિક કોઈક માયાનો ભાગ ભળી જાય નહિ, તેને ઘડીએ ઘડીએ તપાસતાં રહીએ છીએ, જેમ સાડા સોળવલું કંચન હોય ને તેને સોનીની પેઢીએ લઈ જાય અને જે ધણીની લગારેક નજર ચૂકે તો સોની સોનું કાઢી લઈને તેમાં રૂપું ભેળવી દે. તેમ આ હૃદયરૂપી તો સોનીની પેઢી છે અને તેમાં માયારૂપી સોની છે. તે પોતે બેઠો થકો સંકલ્પરૂપી જે હથોડો, તેના અખંડ ટચટચ ટચકા મારતો રહે છે અને જેમ સોનીનાં છોકરાં સ્ત્રી હોય તે પારસી કરીને તેને હાથ આવે તો કાંઈક સોનું ચોરી જાય. તેમ ઈન્દ્રિયો અંતઃકરણ એ સર્વે માયારૂપે જે સોની તેનાં છોકરા સ્ત્રી છે. તે કંચનરૂપ જે ચૈતન્ય તેને વિષે ત્રણ ગુણ તથા પંચવિષયમાં આસક્તિ તથા દેહાભિમાન તથા કામ, ક્રોધ, લોભાદિક એ રૂપ જે રૂપું તેને ભેળવીને જ્ઞાન વૈરાગ્યાદિક ગુણરૂપ જે સોનું તેને કાઢી લે છે. અને જે સોનામાંથી સોનું કાઢીને રૂપું ભેળવે તો તે સોનું બારવલું થઈ જાય છે અને પછી તે સોનાને તાવી તાવીને પાછું સોળવલું કરે તો થાય છે, તેમ આ જીવને વિષે રજ, તમ આદિક જે રૂપું ભળ્યું છે, તેને ગાળીને કાઢી નાંખવું ને પછી કંચનરૂપે જે એક આત્મા તે જ રહે પણ બીજો માયિક ભેગ કાંઈ રહે નહિ. એવી રીતના વિચારમાં અમે રાત દિવસ મંડ્યા છીએ. એ અમે અમારું અંગ છે, તે કહ્યું. (ગ. મ. ૫૫)

"હું, તો દત્તાત્રેય, જડભરત, નારદ અને શુકજી તે સરખો દયાવાળો છું અને પૂર્વદેશમાં એક સમે નાગડા વેરાગીની જમાત ભેળો હતો, તે મને સર્વે વેરાગીએ કહ્યું જે, 'તાંદળજીના લીલી ભાજી તોડો.' ત્યારે મેં કહ્યું જે, એમાં તો જીવ છે, તે અમે નહિ તોડીએ." પછી એક જણે તરવાર ઉઘાડી કરીને ડારો કર્યો, તો પણ અમે લીલી ભાજી ન તોડી, એવો અમારો દયાવાળો સ્વભાવ છે. તો પણ જો કોઈક ભગવાનના ભક્તને ક્રુર દૃષ્ટિએ કરીને જોતો હોય ને તે જો પોતાનો સગો વહાલો હોય તો પણ જાણીએ જે, 'તેની આંખ ફોડી નાંખીએ અને હાથે કરીને જો ભગવાનના ભક્તને દુઃખવે તો તે હાથને કાપી નાંખીએ.' એવો તેનો અભાવ આવે છે, પણ ત્યાં દયા નથી રહેતી. અને એવો જેને ભગવાનનો ને ભગવાનના ભક્તનો પક્ષ હોય તેને જ ભગવાનનો પૂરો ભક્ત કહેવાય." (ગ. મ. ૬૦)

"અમારે તો એવો સ્વભાવ છે જે, એક તો ભગવાન ને બીજા ભગવાનના ભક્ત ને ત્રીજા બ્રાહ્મણ ને ચોથો કોઈક ગરીબ મનુષ્ય; એ ચારથી તો અમે અતિશય બીયે છીએ જે, 'રખે એમનો દ્રોહ થઈ જાય નહિ અને એવા તો બીજા કોઈથી અમે બીતા નથી. કેમ જે, એ ચાર વિના બીજાનો કોઈક દ્રોહ કરે તો તેના દેહનો નાશ થાય પણ જીવ નાશ પામે નહિ અને એ ચારમાંથી એકેનો જો દ્રોહ કરે તો તેનો જીવ પણ નાશ પામી જાય છે." (વરતાલ ૧૧)

"મોટા માણસ સાથે અમારે ઝાઝું બને નહિ. શા માટે જે, એને રાજ્યનો ને ધનનો મદ હોય અને અમારે ત્યાગનો ને ભક્તિનો મદ હોય, માટે કોઈ કેને નમી દે એવું કામ નથી અને કોઈ મોટા માણસને જો સમાધિ કરાવીએ તો કોઈક ગામ ગરાસ આપે, તેની અમારા હૃદયમાં લાલચ નથી. કેમ જે, ગામ ગરાસ તો સુખને અર્થે ઈચ્છીએ, તે અમારે તો નેત્ર મીંચીને ભગવાનની મૂર્તિનું ચિંતવન કરીએ



તેમાં જેવું સુખ છે તેવું ચૌદ લોકના રાજ્યને વિષે પણ નથી અને જો ભગવાનના ભજન જેવું રાજ્યને વિષે સુખ હોય તો સ્વાયંભુવ મનું આદિક જે મોટા મોટા રાજા, તે સર્વે રાજ્ય મૂકીને વનમાં તપ કરવા શા સારુ જાય? અને ભગવાનના ભજન જેવું સ્ત્રીને વિષે સુખ હોય તો ચિત્રકેતુ રાજા કરોડ સ્ત્રીઓને શા સારું મૂકે? અને ભગવાનના ભજનના સુખ આગળ તો ચૌદલોકનું જે, સુખ તે નરક જેવું કહ્યું છે. માટે જે ભગવાનને સુખે સુખિયો થયો હોય તેને તો બ્રહ્માંડને વિષે જે વિષયનું સુખ છે તે નરક તુલ્ય ભાસે છે અને અમારે પણ ભગવાનના ભજનનું સુખ તે જ સુખ જણાય છે; બીજું સર્વે દુખરૂપ જણાય છે. માટે પરમેશ્વરનું ભજનસ્મરણ કરતાં થકાં જેને સહજે સત્સંગ થાય તેને કરાવીએ છીએ, પણ કોઈ વાતનો અંતરમાં આગ્રહ નથી. આગ્રહ તો કેવળ ભગવાનના ભજનનો અને ભગવાનના ભક્તનો સત્સંગ રાખ્યાનો છે. એ અમારા અંતરનો રહસ્ય - અભિપ્રાય હતો, તે અમે તમારી આગળ કહ્યો.'' (વરતાલ ૧૬)

''અમને અહંકાર ન ગમે; તે અહંકાર ભક્તિપણાનો હોય, ત્યાગપણાનો હોય, વૈરાગ્યપણાનો હોય, બ્રહ્મપણાનો હોય, સમજણનો હોય, વર્તમાન પાળ્યાનો હોય, એ રીતનો જે જે અહંકાર તે અમને ન ગમે. અને દંભ ન ગમે. તે દંભ તે શું? તો પોતાના હૃદયમાં ભગવાનનો નિશ્ચય, ભક્તિ અને ધર્મ તે થોડાં હોય ને બીજા આગળ પોતાની મોટ્યપ વધાર્યા સારુ ઉપરથી તો તેને બહુ જણાવે, તે ન ગમે. અને પોતાને અને ભગવાનને જે અભેદપણે ભજે તે ન ગમે. તથા જે નિયમ ધાર્યો હોય તે નિયમને ઘડીક મૂકી દે ને વળી ઘડીકમાં પાળે, એવી રીતે જે શિથિલ વર્તતો હોય તે ન ગમે અને ભગવાનનો મહિમા તો ઝાઝો મોટો સમજે ને પોતાને અતિશય તુચ્છપણે સમજે પણ દેહથી જુદો જે આત્મા તે રૂપ પોતાને ન માને, તે ન ગમે. અને હવે જે ગમે તે કહીએ છીએ જે, ભગવાનનો મહિમા તો યથાર્થ સમજે ને પોતાના દેહથી વ્યતિરિક્ત જે પોતાનો આત્મા, તેને બ્રહ્મરૂપ સમજે અને ધર્મમાં દૃઢ રહ્યો હોય અને ભગવાનની અચળ ભક્તિ કરતો હોય અને આવી રીતનો પોતે હોય તોપણ સત્સંગમાં કોઈક કાંઈ ન સમજતો હોય ને ભગવાનનો નિશ્ચય તો હોય તેને મોટો જાણે ને તેની આગળ પોતાને અતિ તુચ્છ જાણે અને વાર્તા કર્યામાં પોતાના મુખે કરીને પોતાની સમજણનો કેફ કોઈની આગળ લગાર પણ જણાવે નહિ, એવો જે હોય તે અમને બહુ ગમે.'' (ગ. અં. ૨૬)

''અમારા મનમાં આ બે વાર્તા ગમે છે ને ત્યાં મન અટકે છે. તેમાં એક તો જેને એમ હોય જે, 'એક ચૈતન્યના તેજનો રાશિ છે ને તેના મધ્યને વિષે શ્રીપુરુષોત્તમ ભગવાનની મૂર્તિ સદા વિરાજમાન છે,' એવો દૃઢ નિશ્ચય હોય અને તે ભગવાનની ઉપાસના, ભક્તિ કરતો હોય તે વાત ગમે; પણ કેવળ ચૈતન્ય તેજને માનતો હોય ને તેની ઉપાસના કરતો હોય, ને ભગવાનને સદા સાકાર ન માનતો હોય ને તેની ઉપાસના ન કરતો હોય તો તે ન ગમે. અને બીજું એમ જે, એવા જે ભગવાન તેને અર્થે જે તપને કરતો હોય તથા યોગને સાધતો હોય તથા પંચવિષયના અભાવને કરતો હોય તથા વૈરાગ્યવાન હોય ઈત્યાદિક જે જે સાધન તે ભગવાનની પ્રસન્નતાને અર્થે નિર્દંભપણે કરે તે ગમે. અને એવાને દેખીને અમારું મન રાજી થાય છે જે, 'એને શાબાશ છે જે એ આવી રીતે વર્તે છે.'

અને વળી આ પાંચ વાર્તાનું અમારે નિત્યે નિરંતર અનુસંધાન રહે છે. તેમાં એક તો એમ જે, આપણે આ દેહને મૂકીને જરૂર મરી જવું છે ને તેનો વિલંબ નથી જણાતો, એ તો એમ જ નિશ્ચય જણાય છે જે, 'આ ઘડી ક્ષણમાં આપણે મરવું છે.' ને સુખ દુઃખ, રાજીપો- કુરાજીપો સર્વ ક્રિયામાં એવી રીતે વર્તે છે; એવો વૈરાગ્ય કહ્યો. અને બીજું એમજે, આપણે મરીશું તેમાં આટલું કામ તો આપણે કર્યું છે ને આટલું બાકી છે તે કરવું છે, એવું નિરંતર અનુસંધાન રહે છે. અને ત્રીજું એમ જે, અમારા મનમાં પંચવિષયની વાસના ટળી ગઈ છે કે નથી ટળી? અને એમ જાણું છું જે, ટળી તો ગઈ છે ત્યારે તે તે વિષયની જે ક્રિયા તે કેમ થાય છે? ત્યારે રખે ન ટળી હોય એમ અણવિશ્વાસનું નિરંતર અનુસંધાન રહે છે અને ચોથું એમ જે, મુક્તાનંદ સ્વામી આદિક મોટા મોટા સાધુ તથા બીજા પણ મોટા મોટા હરિભક્ત; એ જે સર્વ છે તેને પંચવિષયની વાસના ટળી ગઈ છે કે નહિ? અને આની વાસના ટળી છે, ને આને આની નથી ટળી. એમ સર્વેના હૃદય સામું જોયા કરવું એમ અનુસંધાન રહે છે. અને પાંચમું એમ જે, જો હું મારા મનને ઉદાસી કરવા લાગુ તો કોણ જાણે ક્યાય જતું રહેવાય ને દેહ પડી જાય. માટે એમ જાણીએ છીએ જે, 'મનને ઉદાસી ન કરવું.' કેમ જે ભલા અમારે યોગે કરીને આ સર્વે બાઈ-ભાઈ; પરમહંસ રાજીપે બેઠાં ભગવદભક્તિ કરે છે, તો એ ઠીક છે અને ભગવદભક્તિને કરતાં દેખીને મનમાં બહુ રાજીપો થાય છે જે, મરી તો સર્વને જવું છે, પણ આવી રીતે

ભક્તિ કરવી એ જ જીવ્યાનો મોટો લાભ છે. એમ નિરંતર અનુસંધાન રહે છે. એવી રીતે શ્રીજી મહારાજે પોતાના ભક્તની શિક્ષાને અર્થે પોતાનું વર્તન લઈને વાર્તા કરી ને પોતે તો સાક્ષાત શ્રીપુરુષોત્તમ નારાયણ છે. (ગ. અં. ૩૦)

### ગ્રંથ ચિંતન


"વાસુદેવ માહાત્મ્ય નામે જે ગ્રંથ તે અમને અતિશય પ્રિય છે; કેમ જે, ભગવાનના ભક્તને ભગવાનને ભજ્યાની જે રીતિ તે સર્વે એ ગ્રંથમાં કહી છે." (ગ. પ્ર. ૨૩)

(પછી દવે પ્રાગજીએ કહ્યું, જે શ્રીમદ ભાગવત જેવો કોઈ ગ્રંથ નથી. પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,) "શ્રીમદ, ભાગવત તો સારું જ છે, પણ સ્કંદપુરાણને વિષે શ્રીવાસુદેવમાહાત્મ્ય છે તે જેવો કોઈ ગ્રંથ જ નથી. કાં જે, એ ગ્રંથને વિષે ધર્મ જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તથા અહિંસાપણું એનું અતિશય પ્રતિપાદન કર્યું છે."
(ગ. પ્ર. ૨૫)

"અમે વ્યાસજીના કરેલા જે સર્વે ગ્રંથ તે સાંભળ્યા ને પછી પૂર્વાપર વિચારીને જોયું, ત્યારે તેમાંથી અમને એમ સમજાયું છે જે, મત્સ્ય, કચ્છ, વારાહ, નૃસિંહાદિક જે ભગવાનના અવતાર છે તે સર્વે અવતારના અવતારી તે શ્રીકૃષ્ણભગવાન છે, પણ બીજા અવતારની પેઠે શ્રીકૃષ્ણભગવાન તે અવતાર નથી. તે તો અવતારી જ છે. એવા જે શ્રીકૃષ્ણભગવાનનાં ચરિત્ર શ્રીમદ્ ભાગવત પુરાણના દશમ સ્કંધને વિષે સંપૂર્ણ કહ્યાં છે. માટે આપણા ઉદ્ધવ સંપ્રદાયને વિષે અમે દશમ સ્કંધને અતિશય પ્રમાણ કર્યો છે. અને બીજા જે સર્વે અવતાર પ્રતિપાદન કરનારા જે ગ્રંથ તે સર્વેને આપણે માનવા, પણ વિશેષે કરીને તો શ્રીકૃષ્ણ ભગવાન ને તેના પ્રતિપાદન કરનારા જે ગ્રંથ તેને જ માનવા." (ગ. મ. ૬૪)

### સમાધિ વિષયક

અને હમણાં અમે એક હરિભક્તને સમાધિ કરાવી હતી તે તેને તેજ અતિશય દેખાણું; તે તેજને જોઈને ચીસ પાડવા માંડી ને કહ્યું જે, 'હું બળું છું' માટે સમાધિવાળાને પણ આત્મજ્ઞાનનું જરૂર કામ પડે છે. અને પોતાનું સ્વરૂપ આત્મા ન જાણે , ને દેહને માને, તો તેને ઘણી કાચ્યપ રહી જાય છે અને અમે તે હરિભક્તને સમજાવ્યું જે, તારું સ્વરૂપ તો આત્મા છે, દેહ નથી, ને આ લાડકીબાઈ નામ અને ભાટનો દેહ તે તું નથી અને અછેદ્ય, અભેદ્ય એવો જે આત્મા તે તારું સ્વરૂપ છે. પછી અમે તેને સામધિ કરાવીને કહ્યું, જે, 'ગણપતિને સ્થાનકે ચાર પાંખડીનું કમળ છે ત્યાં જઈને તારું સ્વરૂપ જો. અને જ્યારે સમાધિવાળો ગણપતિને સ્થાનકે જાય છે ત્યારે ત્યાં નાદ સંભળાય છે ને પ્રકાશ દેખાય છે અને



તેથી પર બ્રહ્માના સ્થાનકને વિષે જાય છે ત્યારે તેથી નાદ પણ ઘણો સંભળાય છે ને પ્રકાશ પણ તેથી અતિશય ઘણો દેખાય છે, અને તેથી પર વિષ્ણુંને સ્થાનકે જાય છે ત્યારે તેથી અતિશય નાદ સંભળાય છે ને તેથી તેજ પણ અતિશય દેખાય છે એવી રીતે જેમ જેમ ઊંચા ઊંચા સ્થાનકને વિષે જાય છે તેમ તેમ વધુ નાદ સંભળાય છે ને વધુ વધુ પ્રકાશ દેખાય છે. અને એવી રીતે સમાધિમાં અતિશય તેજ દેખાય છે અને અતિશય નાદ થાય છે. અને કડાકા અતિશય થાય છે. તે ગમે તેવો ધીરજવાન હોય તો પણ કાયરપણું આવી જાય છે. જો અર્જુન ભગવાનના અંશ હતા. અને મહા શૂરવીર હતા; તો પણ ભગવાનનું વિશ્વરૂપ જોવાને સમર્થ નથી માટે તમારું જેવું પ્રથમ રૂપ હતું તેવું તમારું દર્શન કરાવો.' એવી રીતે એવા સમર્થને પણ સમાધિને વિષે જ્યારે બ્રહ્માંડ ફાટી જાય એવા કડાકા થાય છે અને જેમ સમુદ્ર મર્યાદા મેલે એવા તેજના સમૂહ દેખાય છે ત્યારે ધીરજ રહેતી નથી. તે સારું દેહ થકી પોતાનું સ્વરૂપ જૂદું સમજવું જોઈએ. (ગ. પ્ર. ૨૫)

### અયોધ્યાવાસીઓ વિશે

આ સમયમાં તો અયોધ્યાવાસી બાઈભાઈ સર્વે જેવા અમારા ગમતામાં વર્તે છે તેવા તો પરમહંસ તથા સાંખ્યાયોગી ને કર્મયોગી સત્સંગી; તે પણ અમારા ગમતામાં નથી વર્તતાં. કેમ જે અયોધ્યાવાસીની પેઠે ભગવાનને રાજી કરતાં કોઈને આવડતું નથી અને એ અયોધ્યાવાસી તો બહુ વિશ્વાસી છે. માટે કોઈક કપટી હશે તો એમને છેતરી જશે, તે સારું એમને

કોઈક કાર્યનો આદર કરવો હોય ત્યારે મોટેરા પરમહંસ તથા મોટેરા સત્સંગી ગૃહસ્થ તેમને પૂછીને તે કામ કરવા દેવું, પણ કોઈક એક જણાને કહ્યે કરવા દેવું નહિ. એવી રીતે ત્યાગી તથા ગૃહસ્થ સત્સંગીને અયોધ્યાવાસીની ખબર રાખવી, એમ અમારી આજ્ઞા છે". (અમદાવાદ)



સાવદા (મહારાષ્ટ્ર) મુકામે પૂ.વાસુદેવ સ્વામી દ્વારા આયોજીત ૧૦૫ માં પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત વક્તાશ્રી પૂ.રાજેન્દ્રપ્રસાદ સ્વામી તથા પૂ.સંતો તથા ભક્તો. તા.૧૦ થી ૧૨/૬/૨૦૧૯



રાજકોટ મુકામે પૂ.રાધારમણ સ્વામી દ્વારા આયોજીત શ્રીહરિની અંતરધ્યાન તિથિ નિમિત્તે સંકિર્તન-સભા પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો - ભક્તો. તા.૧૨/૬/૨૦૧૯




ગઢપુર મુકામે દાદા ખાચરનાં દરબાર ગઢમાં પૂ.કો.શ્રી લક્ષ્મીનારાયણ સ્વામીની પ્રેરણાથી આયોજીત સપ્તાહ પારાયણ પ્રસંગે ઉપસ્થિત ચેરમેનશ્રી પૂ.દેવસ્વામી,વક્તાશ્રી પૂ.નિર્લેપ સ્વામી, પૂ.સંતો તથા ભક્તો. તા.૧૮ થી ૨૪/૬/૨૦૧૯



ચૈન્નાઈ (તમીલનાડુ) મુકામે ૪૭ મા પાટોત્સવ નિમિત્તે પૂ.વિશ્વવલ્લભ સ્વામી (રૂસ્તમબાગ)ના વક્તાપદે આયોજીત કથા પારાયણમાં ઉપસ્થિત પૂ.સંતો-ભક્તો. તા.૧૯ થી ૨૩/૬/૨૦૧૯



સુરત - કરંજ મુકામે પૂ.સ્વરૂપજીવન સ્વામી દ્વારા આયોજીત વિશ્વયોગ દિવસ નિમિત્તે યોગ કાર્યક્રમ-સભા પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો-ભક્તો. તા.૨૧/૬/૨૦૧૯



ગઢપુર મુકામે વિશ્વ યોગ દિવસ નિમિત્તે યોગ કાર્યક્રમમાં ઉપસ્થિત ગઢપુરનાં ચેરમેનશ્રી,કોઠારીશ્રી વિગેરે સંતો-ભક્તો.
તા.૨૧/૬/૨૦૧૯



આંબળી (તારાપુર) મુકામે પૂ.પુરૂષોત્તમ સ્વામી - ધોલેરાવાળા દ્વારા બાળકોને ચોપડા વિતરણ. તા.૨૨/૬/૨૦૧૯




ધોલેરાધામ મુકામે આમ્રોત્સવ
તા.૨૨/૬/૨૦૧૯



ચાવલ-સાવદા(મહારાષ્ટ્ર) મુકામે પૂ.વાસુદેવ સ્વામી દ્વારા આયોજીત વૃક્ષા રોપણ કાર્યક્રમ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો-ભક્તો. તા.૨૨/૬/૨૦૧૯



ફરેણી (જેતપુર) મુકામે પૂ.નીલકંઠચરણ સ્વામી દ્વારા આયોજીત આમ્રોત્સવ - સત્સંગ સભા પ્રસંગે ઉપસ્થિત પૂ.મોહન સ્વામી - ધોરાજી, ચેરમેનશ્રી પૂ. દેવ સ્વામી, વક્તાશ્રી પૂ.ત્યાગસ્વરૂપ સ્વામી વગેરે પૂ.સંતો-ભક્તો. તા.૨૩/૬/૨૦૧૯



વડતાલધામ મુકામે શ્રી મુકેશભાઈ પટેલના યજમાનપદે આયોજીત હોમાત્મક યજ્ઞ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા સમગ્ર યજમાન પરિવાર. તા.૨૩/૬/૨૦૧૯



વડોદરા મુકામે શ્રી દિપકભાઈ ઠક્કરનાં ઘરે વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ નિમિત્તે સત્સંગ સભા-વચનામૃત પૂજન પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો-ભક્તો. તા.૨૯/૬/૨૦૧૯



વાપી મુકામે પૂ.દિવ્યસ્વરૂપ સ્વામી (નારગોલ)દ્વારા આયોજીત સત્સંગ સભા પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો-ભક્તો. તા.૨૯/૬/૨૦૧૯



વડોદરા મુકામે શ્રી પંકજભાઈ સોનીનાં ઘરે સભા - પધરામણી પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો-ભક્તો. તા.૩૦/૬/૨૦૧૯



વાલવેરી (કપરાડા) મુકામે પૂ.કપિલ સ્વામી - સલવાવ ગુરૂકુલ દ્વારા આયોજીત વૃક્ષા રોપણ નિમિત્તે ૧૦ હજાર આંબાની કલમોનું વિતરણ કરવામાં આવ્યું. તા.૩૦/૬/૨૦૧૯




સાવદા (મહારાષ્ટ્ર) મુકામે પૂ.ભક્તિકિશોર સ્વામી દ્વારા આયોજીત વૃક્ષારોપણ કરતાં પૂ.સંતો તથા ભક્તો. તા.૧/૭/૨૦૧૯




વડતાલધામ મુકામે જેતપુર ગાદી સ્થાન દ્વારા આયોજીત પુલ્હાશ્રમ તથા ઉત્તરભારત યાત્રા કરીને પધારેલા પૂ.સંતો-ભક્તોની સ્વાગત સત્સંગ સભા પ્રસંગે ઉપસ્થિત ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, આ.કો.શ્રી સંત સ્વામી વગેરે પૂ.સંતો તથા ભક્તો. તા.૧/૭/૨૦૧૯




અમદાવાદ મુકામે શ્રી મનીષભાઈ અક્ષર ટ્રાવેલર્સનાં નિવાસ સ્થાને સભા-ઠાકોરજી-સંતોની પધરામણી, પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા સમગ્ર પરિવાર. તા.૨/૭/૨૦૧૯

વડતાલધામ મુકામે રથયાત્રા પ્રસંગે પૂજન કરતાં બ્રહ્મચારીશ્રી હરિકૃષ્ણાનાંદજી તથા પૂ.સંતો-ભક્તો. તા.૪/૭/૨૦૧૯





ધ્રાગંધ્રા મુકામે પૂ.રામકૃષ્ણ સ્વામી દ્વારા આયોજીત રથયાત્રા પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૪/૭/૨૦૧૯





ગઢપુરધામ મુકામે રથયાત્રા પ્રસંગે ઉપસ્થિત પૂ.ભાનુ સ્વામી, પૂ.હરિપ્રસાદ સ્વામી વગેરે પૂ.સંતો તથા ભક્તો. તા.૪/૭/૨૦૧૯



કલાલીધામ મુકામે રથયાત્રા પ્રસંગે ઉપસ્થિત પૂ.પવન સ્વામી વગેરે પૂ.સંતો - ભક્તો. તા.૪/૭/૨૦૧૯



ઉજ્જૈન મુકામે પૂ.આનંદ સ્વામી દ્વારા આયોજીત હોમાત્મક યજ્ઞ, બટુક બ્રાહ્મણોને ભોજન પ્રસાદ. તા.૭/૭/૨૦૧૯



વડોદરા મુકામે શ્રી પંકજભાઈ પટેલનાં નિવાસ સ્થાને સભા-ઠાકોરજી -સંતોની પધરામણી,
પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા સમગ્ર પરિવાર. તા.૮/૭/૨૦૧૯



રૂપારેલ (આણંદ) મુકામે વડતાલ મંદિર દ્વારા શ્રી ગોવિંદભાઈ - તારાપુરનાં યજમાનપદે
બાળકોને સ્કૂલ બેગ વિતરણ. તા.૮/૭/૨૦૧૯



ગઢપુર મુકામે પૂ.હરિપ્રસાદ સ્વામી દ્વારા વૃક્ષારોપણના કાર્યક્રમ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો-ભક્તો. તા.૮/૭/૨૦૧૯




વડતાલધામ મુકામે દેવશયની એકાદશી ચાતુર્માસ પ્રારંભ પ્રસંગે અખંડ ૧૨ કલાકની ધૂન કરતાં પૂ. સંતો-પાર્ષદો-હરિભક્તો.તા.૧૨/૭/૨૦૧૯



સુરત મુકામે પૂ.પી.પી.સ્વામી દ્વારા આયોજીત રવિ સત્સંગ સભા પ્રસંગે ઉપસ્થિત પૂ.ગોવિંદ સ્વામી, પૂ.રઘુનંદન સ્વામી વગેરે પૂ.સંતો તથા ભક્તો. તા.૧૪/૭/૨૦૧૯



નારગોલ મુકામે પૂ.દિવ્યસ્વરૂપ સ્વામી દ્વારા આયોજીત વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ નિમિત્તે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૧૬/૭/૨૦૧૯



વડતાલધામ મુકામે ચંદ્રગ્રહણ-જાગરણ ધૂન કિર્તન સભામાં ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૧૬/૭/૨/૧૯



મહેળાવ (વડતાલ) મુકામે વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ ઉપક્રમે સત્સંગસભા તથા ધૂન કિર્તન કરતાં ભક્તજનો. તા.૨૦/૭/૨૦૧૯

## વડતાલધામ મુકામે શ્રી સ્વામિનારાયણ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ દ્વિતીય વાર્ષિક ઉત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો-ટ્રસ્ટીશ્રીઓ-ડોક્ટર તથા સમગ્ર સ્ટાફ. તા.૧૫/૭/૨૦૧૯



## શ્રી સ્વામિનારાયણ મલ્ટીસ્પેચાલીટ હોસ્પિટલ વડતાલધામ
## રીપોર્ટ ૧૭ જુલાઈ ૨૦૧૭ થી ૧૭ જુલાઈ ૨૦૧૯

| | |
|---|---|
| ટોટલ ઓ.પી.ડી. | ૧૬૭૫૬૬ |
| ટોટલ ન્યુ પેશન્ટ | ૭૭૨૭૯ |
| ટોટલ ફોલોઅપ પેશન્ટ | ૯૦૨૮૭ |
| ટોટલ ઈન્ડોર પેશન્ટ | ૪૭૩૭ |
| ટોટલ ઈમરજન્સી | ૬૯૪૬ |

| | |
|---|---|
| ટોટલ ડીલીવરી | ૫૧૫ |
| નોર્મલ ડીલીવરી | ૨૪૮ |
| સીજેરીયન ડીલીવરી | ૨૬૭ |
| ટોટલ સર્જરી | ૨૪૭૫ |
| લેપ્રોસ્કોપી ગાયનેક સર્જરી | ૨૦૫ |
| જનરલ સર્જરી | ૧૯૪૦ |
| ગાયનેક સર્જરી | ૩૩૦ |
| સોનોગ્રાફી | ૪૭૧૫ |
| એક્ક્ષ-રે | ૯૯૦૫ |
| ડાયાલીશીસ | ૩૨૪ |

વડતાલધામ મુકામે મલ્ટીસ્પેશાલીટી હોસ્પિટલની મુલાકાતે પધારેલ
શ્રી ધીરૂભાઈ બાબરીયા-યુ.એસ.એ. તથા શ્રી મગનભાઈ રાદડીયા (શ્રોફ).







वृत्तालय स भगवान् जयतीह साक्षात्

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામને આંગણે

# શ્રાવણ માસ ભક્તિ પર્વ

શ્રાવણમાસ દરમ્યાન દરરોજ ૧૧,૦૦૦ તુલસી પત્ર દ્વારા
પવિત્ર બ્રાહ્મણોનાં મુખે વેદ મંત્રો જનમંગલ
સ્તોત્રથી શ્રી હરિકૃષ્ણ મહારાજનું વિશેષ પૂજન કરવામાં આવશે.

## તા.૦૧/૮/૨૦૧૯ થી તા.૩૦/૮/૨૦૧૯

સમય : સવારે ૭:૩૦ થી ૯:૩૦

આયોજક : વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી મુખ્યકોઠારીશ્રી પ.પૂ.સદ્.શા.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

નોંધ :- જેમને આ પૂજનમાં સેવાનો લાભ લેવો હોય તેમણે રૂા.૧૫૧/- નોંધાવી વડતાલની પાવતી મેળવી લેવી.

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામને આંગણે આયોજીત

# જલઝીલણી મહોત્સવ



૦૯ સપ્ટેમ્બર ૨૦૧૯, સોમવાર

સમય :- બપોરે ૧૨:૦૦ થી ૪:૦૦

:: આયોજક ::
વડતાલ ટેમ્પલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતિ મુખ્ય કોઠારીશ્રી
પ.પૂ.સ.ગુ.શા.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

વડતાલ પિઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ ઉજવાતા

# સંપ્રદાયના આગામી કાર્યક્રમ

| | | | |
|---|---|---|---|
| ૨૨ થી ૨૮ ઓગષ્ટ ૨૦૧૯ | હરિદ્વાર | પૂ.હરિપ્રકાશદાસજી સ્વામી (અથાણાવાળા)ના વક્તાપદે | કથાપારાયણ |
| ૨૪ ઓગષ્ટ ૨૦૧૯ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | જન્માષ્ટમી મહોત્સવ |
| ૨૯ ઓગ. થી ૪ સપ્ટે.૨૦૧૯ | હરિદ્વાર | પૂ.હરિપ્રકાશદાસજી સ્વામીના વક્તાપદે આયોજીત | કથાપારાયણ |
| ૧ સપ્ટે.૨૦૧૯ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | રવિસભા - ૩૯ |
| ૨ સપ્ટે. થી ૯ સપ્ટે.૨૦૧૯ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | ગણેશ ઉત્સવ |
| ૨ સપ્ટે. થી ૮ સપ્ટે.૨૦૧૯ | બદ્રિનાથ-ઉતરાંચલ | પૂ.જયસ્વરૂપદાસજી સ્વામી (ઓરી નર્મદા)ના વક્તાપદે આયોજીત | કથાપારાયણ |
| ૮ સપ્ટે.૨૦૧૯ | સાવરકુંડલા | શ્રી સ્વામિનારાયણ મંદિર સાવરકુંડલા | રવિસભા એવં વિરાટ/સત્સંગ મહાસંમેલન |
| ૯ સપ્ટે.૨૦૧૯ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | જલઝીલણી મહોત્સવ |
| ૯ સપ્ટે.૨૦૧૯ | ગઢપુરધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર ગઢપુર દ્વારા આયોજીત | જલઝીલણી મહોત્સવ |
| ૧૪ સપ્ટે.૨૦૧૯ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | વચનામૃત પર્વ - ૧૦ (પૂનમ) |
| ૬ ઓક્ટો.૨૦૧૯ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | રવિસભા - ૪૦ |
| ૮ ઓક્ટો.૨૦૧૯ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | વિજયાદશમી - દશેરા |
| ૧૩ ઓક્ટો.૨૦૧૯ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | વચનામૃત પર્વ - ૧૧ (પૂનમ) |
| ૬ થી ૧૨ નવેમ્બર ૨૦૧૯ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ-કાર્તિકી સમૈયો |
| ૨૯ નવે. થી ૫ ડીસે.૨૦૧૯ | વડોદરા | પૂ.શ્રીરંગ સ્વામી દ્વારા આયોજીત | મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ હરિનગર |




વડતાલ પિઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીનું

# સત્સંગ વિચરણ

| | |
|---|---|
| ૩૧/૫ થી ૧/૬/૨૦૧૯ | ફ્રીમોન્ટ, (સાનજોસ-કેલીફોર્નીયા) મુકામે સત્સંગ સભામાં દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. |
| ૨ થી ૬/૬/૨૦૧૯ | લોસ એન્જલસ (ડાઉની-કેલીફોર્નીયા) મુકામે સત્સંગ સભામાં ઉપસ્થિત રહ્યા. |
| ૭ થી ૧૦/૬/૨૦૧૯ | ટોરોન્ટો (કેનેડા) મુકામે સત્સંગ સભામાં દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. |
| ૧૧ થી ૧૨/૬/૨૦૧૯ | ડેટ્રોઈટ (મિશિગન) મુકામે સત્સંગ સભામાં ઉપસ્થિત રહ્યા. |
| ૧૩ થી ૧૬/૬/૨૦૧૯ | શિકાગો (ઈલિનોઈસ) મુકામે પાટોત્સવ પ્રસંગે અભિષેક-દર્શન-આશીર્વાદનો લાભ આપ્યો. |
| ૧૭ થી ૧૮/૬/૨૦૧૯ | ઈન્ડીયાનાપોલિસ મુકામે સત્સંગ સભામાં ઉપસ્થિત રહ્યા. |
| ૧૯ થી ૨૦/૬/૨૦૧૯ | સેન્ટ લુઈસ મુકામે સત્સંગ સભામાં દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. |
| ૨૧ થી ૨૨/૬/૨૦૧૯ | ચાર્લોટ (નોર્થ કેરોલીના) મુકામે સત્સંગ સભામાં ઉપસ્થિત રહ્યા. |
| ૨૩ થી ૨૪/૬/૨૦૧૯ | રાલે ડર્હામ (નોર્થ કેરોલીના) મુકામે સત્સંગ સભામાં દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. |
| ૨૫ થી ૨૬/૬/૨૦૧૯ | ફ્લોરેન્સ (સાઉથ કેરોલિના) મુકામે પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહ્યા. |
| ૨૭/૬/૨૦૧૯ | રીચમોન્ડ (વર્જીનીયા) મુકામે સત્સંગ સભામાં દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. |
| ૨૮/૬/૨૦૧૯ | વોશીંગટન મુકામે સત્સંગ સભામાં ઉપસ્થિત રહ્યા. |
| ૨૯/૬/૨૦૧૯ | ફીલાડેલ્ફીયા (પેન્સીનવેલીયા) મુકામે સત્સંગ સભામાં દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. |
| ૩૦/૬ થી ૧/૭/૨૦૧૯ | લેન્સડેલ (ટેલ્ફોર્ડ-પેન્સીનવેલીયા) મુકામે સત્સંગ સભામાં ઉપસ્થિત રહ્યા. |
| ૨ થી ૩/૭/૨૦૧૯ | ન્યુ હેવન (કનેન્ટીકટ) મુકામે સત્સંગ સભામાં દર્શન આશીર્વચનનો લાભા આપ્યો. |
| ૪/થી ૫/૭/૨૦૧૯ | બોસ્ટન (મેસેચુસેટ્સ) મુકામે સત્સંગ સભામાં ઉપસ્થિત રહ્યા. |
| ૬ થી ૧૩/૭/૨૦૧૯ | સમરસેટ (ન્યુજર્સી) ૧૫ મા પાટોત્સવ એવં સત્સંગ શીબીર પ્રસંગે અભિષેક- દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. |
| ૯/૭/૨૦૧૯ | ન્યુયોર્ક મુકામે સત્સંગ સભામાં દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. |
| ૧૩ થી ૧૪/૭/૨૦૧૯ | અમેરીકા થી ઈન્ડીયા પરત પધાર્યા |
| ૧૬/૭/૨૦૧૯ | વડતાલધામ મુકામે વચનામૃત પર્વ - ૮ એવં શ્રીહરિ મંડપ ઉદ્દ્ઘાટન તથા ગુરૂપૂર્ણિમા મહોત્સવ પ્રસંગે શ્રીહરિકૃષ્ણ |
| | મહારાજનું પૂજન કરી સભામાં દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. |
| ૨૦/૭/૨૦૧૯ | વડતાલધામ પૂ.જ્ઞાનજીવન સ્વામીના વક્તાપદે પંચદિનાત્મક સવારની કથામાં ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો |
| | લાભ આપ્યો તથા આણંદ મુકામે શ્રી ઘનશ્યામભાઈ - મહેસાણાવાળાનાં ઘરે પધરામણીનો લાભ આપ્યો. |
| ૨૧/૭/૨૦૧૯ | વડતાલધામ પૂ.જ્ઞાનજીવન સ્વામીના વક્તાપદે પંચદિનાત્મક સવારની કથામાં ઉપસ્થિત રહી તથા ભવ્ય હિંડોળા |
| | ઉદ્દ્ઘાટનમાં ઉપસ્થિત રહી સભામાં દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. |
| ૨૮/૭/૨૦૧૯ | સુરત રામપુરા મુકામે પૂ.પી.પી.સ્વામી દ્વારા આયોજીત ભવ્ય હિંડોળા ઉદ્દ્ઘાટનમાં ઉપસ્થિત રહ્યાં. |

## પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી દ્વારા યુ.એસ.એ.-કેનેડા સત્સંગ યાત્રા. તા.૩૧/૫ થી ૧૩/૭/૨૦૧૯

(ફ્રીમોન્ટ, (સાનજોસ-કેલીફોર્નીયા), લોસ એન્જલસ (ડાઉની-કેલીફોર્નીયા), ટોરોન્ટો (કેનેડા), ડેટ્રોઈટ (મિશિગન), શિકાગો (ઈલિનોઈસ), ઈન્ડીયાનાપોલિસ,સેન્ટ લુઈસ ,ચાર્લોટ (નોર્થ કેરોલીના), રાલે ડર્હમ (નોર્થ કેરોલીના), ફ્લોરેન્સ (સાઉથ કેરોલિના), રીચમોન્ડ (વર્જીનીયા), વોશીંગટન, ફીલાડેલ્ફીયા (પેન્સીનવેલીયા), લેન્સડેલ (ટેલ્ફોર્ડ-પેન્સીનવેલીયા), ન્યુ હેવન (કનેન્ટીકટ), બોસ્ટન (મેસેચુસેટ્સ), સમરસેટ (ન્યુજર્સી), ન્યુયોર્ક વગેરે)




















## પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી દ્વારા

(ફ્રીમોન્ટ, (સાનજોસ-કેલીફોર્નીયા), લોસ એન્જલસ (ડાઉની-કેલીફોર્નીયા), ટોરોન્ટો (કેનેડા), ડેટ્રોઈટ (મિશિગન), ફ્લોરેન્સ (સાઉથ કેરોલિના), રીચમોન્ડ (વર્જીનીયા), વોશીંગટન, ફીલાડેલ્ફીયા (પેન્સીનવેલીયા), લેન્સડેલ


















## યુ.એસ.એ. - કેનેડા સત્સંગ યાત્રા. તા.૩૧/૫ થી ૧૩/૭/૨૦૧૯

શિકાગો (ઈલિનોઈસ), ઈન્ડીયાનાપોલિસ,સેન્ટ લુઈસ ,ચાર્લોટ (નોર્થ કેરોલીના), રાલે ડર્હામ (નોર્થ કેરોલીના), (ટેલ્ફોર્ડ-પેન્સીનવેલીયા), ન્યુ હેવન (કનેન્ટીકટ), બોસ્ટન (મેસેચુસેટ્સ), સમરસેટ (ન્યુજર્સી), ન્યુયોર્ક વગેરે)


















# વડતાલધામ મુકામે ભવ્ય હિંડોળા ઉદ્‌ઘાટન એવં રવિસભા - ૩૮ પ્રસંગે
## ચેરમેનશ્રી પૂ.દેવપ્રકાશ સ્વામી તથા વગેરે પૂ.સંતો તથા મુખ્ય યજમાનશ્રી





















ઉપસ્થિત પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, વક્તાશ્રી પ.પૂ.સ.ગુ.શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામી,
શ્રી ઘનશ્યામભાઈ શીવાભાઈ પટેલ ખાંધલીવાળા, પરિવાર એવં ભક્તજનો. તા.૨૧/૭/૨૦૧૯


















## વડતાલધામ ગુરૂપૂર્ણિમા મહોત્સવ પ્રસંગે આરાધ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજનું
## વડતાલ મેનેજીંગ બોર્ડના સમસ્ત ટ્રસ્ટી સભ્યશ્રીઓ એવં યજમાનશ્રી ઘનશ્યામભાઈ







કિર્તનધારા વિમોચન

વચનામૃત આદર્શ જીવન પ્રસંગો વિમોચન
















પૂજન કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન કરતા
શીવાભાઈ પટેલ ખાંધલીવાળા તથા ઉપસ્થિત પૂ.સંતો-ભક્તો તા. ૧૬/૭/૨૦૧૯









શ્રી વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ ઉપક્રમે વડતાલધામ વચનામૃત પર્વ - ૮, તા. ૧૬/૭/૨૦૧૯
વક્તાશ્રી પ.પૂ.શા. હરિપ્રકાશદાસજી સ્વામી અથાણાવાળા





RNI No. GUJ/GUJ/2010/38053. The Postal Regn. No. “G-KHEDA-86/2017-19" Valid up to 31.12.2019. Posted From Vadtal Post Office. on 20th Date of every Month

## વડતાલધામ શ્રીહરિ મંડપ અનાવરણ સમારોહ. તા.૧૬/૭/૨૦૧૯

